દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 142 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ- ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 June 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૧૭ જૂન ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૭ ૮ ૯

## હવે પ્રિસ્ક્રિપ્શન વિના નહીં મળે કફ સિરપ

નવી દિલ્હીઃ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એક જાહેરનામું બહાર પાડ્યું છે જેમાં જણાવાયું છે કે કફ સિરપ સહિત તમામ પ્રકારની સીરપ હવે ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના મળશે નહીં. આ સિરપ ખરીદવા માટે ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન જરૂરી રહેશે. સરકારે ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫માં એક નવો સુધારો કર્યો છે, જેમાં કફ સિરપ સહિત તમામ સીરપના વેચાણ માટેના નિયમો કડક બનાવવામાં આવ્યા છે. આનો અર્થ એ થયો કે ગ્રાહકોને હવે ફાર્મસીઓમાંથી આવી દવાઓ ખરીદવા માટે (જુઓ પાનું ૧૦)

# ૧૬ મહિને મળ્યા મોદી અને ટ્રમ્પ



ફ્રાન્સમાં અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

એવિયન-લેસ-બૈન્સઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જી-૭ની શિખર પરિષદમાં મંગળવારે એકબીજાને શુભેચ્છા આપી હતી અને ટૂંકી વાતચીત કરી હતી. બન્ને દેશોના દ્વિપક્ષીય સંબંધોમાં ઘર્ષણ ચાલુ છે ત્યારે ૧૬ મહિનામાં પહેલી વાર બન્ને રુબરુ મળ્યા હતા.

શક્તિશાળી જૂથ જી-૭ની શિખર પરિષદમાં મોદી અને ટ્રમ્પે હસ્તધૂનન કર્યું હતું અને ટૂંકી વાતચીત પણ કરી હતી.

બુધવારે શિખર પરિષદના હાંસિયામાં બન્ને દેશ વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા થવાની છે. આ બન્ને વચ્ચે શી ટૂંકી વાતચીત થઈ એની હજી જાણ થઈ નથી. અમેરિકાના (જુઓ પાનું ૧૦) ▶▶

## શાંતિકરાર પર ઈઝરાયલનું ગ્રહણ

### ઈઝરાયલ લેબેનોનમાંથી પાછું ખસે તો જ અમેરિકા સાથે કરાર કરાશે, બાકી નહીં : ઈરાનની જીદ

દુબઇઃ ઇરાનના ટોચના રાજદ્વારીએ મંગળવારે જણાવ્યું હતું કે અમેરિકા સામેના યુદ્ધનો અંત લાવવા માટે કરવામાં આવતા કરાર હેઠળ ઇઝરાયલે લેબેનોનમાંથી પણ પાછા હટવું પડશે. પરંતુ ઇઝરાયલે આગ્રહ કર્યો હતો કે તે લેબેનોનમાં પોતાની સૈન્યની તૈનાતી રાખશે. એ કરારને લઈને સવાલ ઉઠી રહ્યા છે જે હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. સાથે એ પણ આશંકા છે કે કરારની શરતો પર મતભેદના કારણે યુદ્ધ હજુ લંબાઈ શકે છે. ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ કહ્યું કે દક્ષિણ લેબેનોન પર ઇઝરાયલનો કબજો રાખવો અમેરિકા અને ઇરાન વચ્ચેના (જુઓ પાનું ૧૦) ▶▶

## 'નીટ-યુજી' ફેર-પરીક્ષા

## ટેલિગ્રામ ઍપ પર પ્રતિબંધ

### અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચે ગૅંગ પકડી

નવી દિલ્હીઃ સરકારે મેડિકલ કૉલેજોમાં પ્રવેશ માટે ૨૧ જૂને ફરી યોજાનારી પરીક્ષા નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ - અન્ડગ્રેજ્યુએટ (નીટ-યુજી)ને ધ્યાનમાં રાખીને ટેલિગ્રામ મેસેજિંગ ઍપ પર બાવીસ જૂન સુધી નિયંત્રણ મૂક્યા છે.

નીટ-યુજી લેતી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ની ભલામણને પગલે ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે આ પગલું ભર્યું હતું. ગૂગલના પ્લે સ્ટોર અને એપલ પણ સરકારના આદેશને પગલે ટેલિગ્રામ એપ બાવીસમી જૂન સુધી હટાવી દેશે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે ગુજરાત, રાજસ્થાન અને બિહારની પોલીસ અને કાયદાનું પાલન કરાવતી અન્ય સરકારી એજન્સીઓના પ્રયાસથી દેશના ગૃહ મંત્રાલય હેઠળના ઇન્ડિયન સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર (આઇફોરસી)એ સંબંધિત ગેરમાર્ગે (જુઓ પાનું ૧૦) ▶▶

# મોદીને સ્લોવાકિયાનો સર્વોચ્ચ અવૉર્ડ

બ્રાસ્ટિસ્લાવાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સોમવારે સ્લોવૅકિયાના સર્વોચ્ચ અવૉર્ડ 'ધ ઑર્ડર ઑફ વાઈટ ડબલ ક્રોસ (ફર્સ્ટ ક્લાસ)'થી નવાજવામાં આવ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું આ ૩૩મું આંતરરાષ્ટ્રીય સન્માન હતું.

અહીં યોજાયેલા એક સમારોહમાં સ્લૉવૅકિયાના પ્રમુખ પીટર પૅલેગ્રીનીએ મોદીને આ અવૉર્ડથી નવાજ્યા હતા.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં મોદીએ લખ્યું હતું કે આ અવૉર્ડ મેળવીને હું સન્માન અને ગૌરવની લાગણી અનુભવી રહ્યો છું. આ અવૉર્ડ બદલ હું સ્લૉવાકિયાની સરકાર અને જનતાનો આભાર માનું છું. આ અવૉર્ડ ખરેખર તો ૧૪૦ કરોડ ભારતીયોનો છે. બંને દેશની લાંબાગાળાની અને ટકાઉ મિત્રતાને હું આ અવૉર્ડ અર્પણ કરું છું.

આ અવૉર્ડ બંને દેશ વચ્ચેના હૂંફાળા અને સોહાર્દભર્યા સંબંધનો પુરાવો છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે મને આશા છે કે આ સન્માન બંને દેશની ભાવિ પેઢીને મિત્રતા જાળવી રાખવાની અને આગળ વધારવાની પ્રેરણા આપશે. સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિમાં ભારતને કાયમી સભ્યપદ મળે તે માટે સ્લૉવૅકિયાએ ટેકો જાહેર કર્યો છે. (એજન્સી) ■



**યશકલગીમાં વધુ એક છોગુંઃ** સ્લૉવૅકિયામાં સ્લૉવૅક પ્રમુખ પીટર પૅલગ્રીનીના હસ્તે દેશનો સર્વોચ્ચ અવૉર્ડ 'ધ ઑર્ડર ઑફ ધ વાઈટ ડબલ ક્રોસ (ફર્સ્ટ ક્લાસ)' સ્વીકારી રહેલા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

# યુક્રેન-રશિયા યુદ્ધ રોકવા જી-૭ની મથામણ

### કીવને વધુ મદદ કરવા, મોસ્કો પર દબાણ વધારવા ટ્રમ્પને સમજાવશે

એવિયન-લેસ-બૈન્સ (ફ્રાંસ): દુનિયાના અગ્રણી સાત ઔદ્યોગિક દેશના સંગઠન જી-૭ના નેતાઓ ટ્રમ્પને યુક્રેનને વધુ મદદ કરવા અને શાંતિ કરાર કરવા માટે રશિયા પર દબાણ લાવવા સમજાવવા પ્રયાસ કરી રહ્યા હોવાનું કહેવાય છે.

જી-૭ની શિખરમંત્રણાના યજમાન દેશ ફ્રાંસના પ્રમુખ એમેન્યુલ મેક્રોને જણાવ્યું હતું કે હું યુક્રેનને ટેકો આપવા અને વધારે મદદ કરવા તેમ જ ચાર વર્ષથી ચાલતું યુદ્ધ બંધ કરાવવા રશિયા પર દબાણ લાવવા ટ્રમ્પને સમજાવીશ.

અમેરિકાએ યુક્રેનને કરાતી મદદ ઘટાડી હોવાથી હાલમાં ફ્રાંસ અને યુરોપના અન્ય કેટલાક સાથી દેશો જ કીવને લશ્કરી તેમ જ નાણાકીય મદદ કરનારા અગ્રણી રાષ્ટ્રો રહ્યા છે.

યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી જી-૭ દેશોના નેતાઓના સવારના કામકાજના સત્રમાં જોડાયા હતા, પરંતુ આ નેતાઓ માત્ર ૭૫ મિનિટ માટે જ મળ્યા હોવાથી ઝેલેન્સ્કીએ પોતાની વાત જલદી પૂરી કરવી પડી હતી.

ટ્રમ્પ ઇરાન સાથે સાડાત્રણ મહિનાથી ચાલતું યુદ્ધ બંધ કરવા માટેના કરારની જાહેરાત કરવાના છે.

અમેરિકાના પ્રમુખ અને યુક્રેનના વડા રૂબરૂ બેઠક પણ યોજવાના છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે હું હવે મારું ધ્યાન યુક્રેન પર કેન્દ્રિત કરવા માગું છું. આ યુદ્ધ મૂર્ખામી ભરેલું છે. હું તેને રોકવા માટે મારાથી બનતા પ્રયાસ કરીશ. તેમણે રશિયા - યુક્રેન યુદ્ધને લીધે અમેરિકા પર માઠી અસર થવાની શક્યતા નકારી હતી, પરંતુ આ યુદ્ધમાં વધી રહેલા મરણાંક અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. દરમિયાન, યુકેએ રશિયા દ્વારા ખનિજ તેલ અને ગૅસની નિકાસ માટે વપરાતાં જહાજોના કાફલા અને મોસ્કો દ્વારા વપરાતા નાણાકીય નેટવર્ક પર પ્રતિબંધ મૂકવા પગલાં લેવાનું શરૂ કર્યું છે. યુકેના લશ્કરે ઇંગ્લિશ ચેનલમાં રશિયાના જહાજને જપ્ત પણ કર્યું હતું અને તેને લીધે તંગદિલી વધી છે. (એજન્સી) ■



**સાત મહારથીઃ** ફ્રાન્સના ઍવિયન-લૅસ-બૅન્સ ખાતે યોજાયેલી જી-૭ શિખર મંત્રણા દરમિયાન ગ્રૂપ ફોટો માટે પૉઝ આપી રહેલા વિવિધ દેશના નેતાઓ. (એજન્સી)

# ઈડીની પૂછપરછ ચાલતી હતી ત્યારે જ સ્પીકરે અભિષેક બેનરજીને બોલાવ્યા

### બે કલાકની નોટિસ આપેલીઃ ટીએમસીના છૂટા પડેલા સાંસદોના જૂથ મામલે બન્ને બાજુની વાત સાંભળવા માગે છે સ્પીકર

નવી દિલ્હીઃ લોકસભાના સ્પીકર ઓમ બિરલા તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)ના તૂટેલા જૂથને માન્યતા આપતા પહેલાં અસંતુષ્ટ સંસદસભ્યોના જૂથ અને મમતા બેનરજીની આગેવાની હેઠળના જૂથ- એમ બન્ને પક્ષોને સાંભળશે. દરમિયાન મમતાની આગેવાની હેઠળના ઘટકના નેતા અભિષેક બેનરજીને બિરલાએ બે કલાકની નોટિસ આપીને ચર્ચા માટે બોલાવ્યા હતા, પરંતુ અભિષેક ત્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની પૂછપરછમાં સામેલ હતા. ટીએમસીનાં સૂત્રોએ કહ્યું હતું કે બેનરજીને સ્પીકરની ઑફિસ તરફથી સાંજે ચાર વાગ્યે બિરલાને મળવાનો સંદેશો બપોરના બે વાગ્યે મળ્યો હતો. સ્પીકરની ઑફિસે પક્ષના સંસદસભ્ય કીર્તિ આઝાદને બોલાવ્યા હતા અને તેમને ઈ-મેલ અંગે માહિતી આપી હતી. આઝાદે આના જવાબમાં સ્પીકરની ઑફિસને કહ્યું હતું કે બેનરજી બધી તપાસ એજન્સીને સહકાર આપવા પ્રતિબદ્ધ છે અને તે કોલકતાના સીજીઓ ઑફિસમાંની ઈડી ઑફિસમાં તપાસને સહકાર આપી રહ્યા છે. પછીથી આઝાદ સ્પીકરને ઈ-મેલની માહિતી આપવા મળ્યા હતા.

સૂત્રોએ કહ્યું હતું કે બેનરજી પૂછપરછ બાદ મધ્યરાત્રે જ દિલ્હી પાછા ફર્યા હતા. ટીએમસીના ૨૦ સંસદસભ્યોએ જાહેરાત કરી છે કે તેઓ નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઑફ ઈન્ડિયા (એનસીપીઆઈ )સાથે એકીકરણ કર્યા બાદ સાચી ટીએમસી હોવાનો દાવો કરશે. સસંદના સૂત્રોએ જાણ કરી હતી કે અસંતુષ્ટ નેતાને અલગ જૂથનું એનસીપીઆઈ સાથે એકીકરણ બાદ ટીએમસીના સાચા જૂથ તરીકે માન્યતા આપવાની માગણી અંગે બિરલા કાનૂની અભિપ્રાય લેશે. (એજન્સી) ■

## ટીએમસીનાં બળવાખોર સાંસદ એનસીપીઆઇમાં ભળવા માટે સજ્જ

### આ સંખ્યા બાવીસ પર પહોંચી શકે છે : કાકોલી દસ્તીદાર

નવી દિલ્હી : બળવાખોર તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે મંગળવારે જણાવ્યું હતું કે નેશનાલિસ્ટ સિટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (એનસીપીઆઈ) તેમના પક્ષના તમામ અસંતુષ્ટ લોકસભા સભ્યોને સામેલ કરવા માટે સંમત થઈ છે, જેમની સંખ્યા હાલના ૨૦ થી વધીને બાવીસ થવાની સંભાવના છે. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં ટીએમસી ટિકિટ પર કુલ ૨૮ સાંસદ લોકસભામાં ચૂંટાયા હતા. દસ્તીદારે એમ પણ કહ્યું હતું કે બળવાખોર સાંસદોનો પશ્ચિમ બંગાળ વિધાનસભામાં એક અલગ જૂથ બનાવનારા ટીએમસી ધારાસભ્યો સાથે કોઈ સંબંધ નથી, જેને સ્પીકર રથિન્દ્ર બોઝ દ્વારા માન્યતા આપવામાં આવી છે. બળવાખોર ટીએમસી સાંસદોના આગામી પગલા વિશે પૂછવામાં આવતા, બંગાળના બારાસતના ધારાસભ્યએ કહ્યું કે પહેલા તેઓ બીજા પક્ષમાં ભળી જવાનો પ્રયાસ કરતી વખતે સ્થાયી થવા માંગે છે.''અમારી પાસે સ્વીકૃતિ પહેલાથી જ આવી ગઈ છે. તેઓ (એનસીપીઆઈ) અમને સ્વીકારવામાં ખુશ છે. અમે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહના નેતૃત્વમાં એનડીએ સાથે મળીને કામ કરીશું,'' તેવું દસ્તીદારે સંસદ ભવનમાં પત્રકારોને જણાવ્યું હતું.

## ઈન્ડોનેશિયામાં ૬.૭ની તીવ્રતાનો ભૂકંપ ઘણું નુકસાન

પાલુ (ઇન્ડોનેશિયા): મધ્ય ઇન્ડોનેશિયાના સુલાવેસી ટાપુના કેટલાક ભાગોમાં મંગળવારે ૬.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે આઠ વર્ષ પહેલાં ભૂકંપ અને સુનામીથી તબાહ થયેલા શહેરના રહેવાસીઓ ગભરાઇ ગયા હતા. તીવ્ર આંચકાને કારણે લોકો ભાગીને પાલુ અને તેની આસપાસના ખુલ્લા વિસ્તારોમાં પહોંચી ગયા હતા, જે લગભગ ૪૦૦,૦૦૦ લોકોની વસ્તી ધરાવતું શહેર અને મધ્ય સુલાવેસી પ્રાંતની રાજધાની છે. સલામતીના પગલાં તરીકે ઘણી હોસ્પિટલોએ દર્દીઓને બહાર કાઢ્યા હતાં. શરૂઆતનો ભૂકંપ પાલુથી ૪૩ કિલોમીટર પૂર્વ-દક્ષિણપૂર્વમાં કેન્દ્રિત હતો, અને અમેરિકાના ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણે જણાવ્યું હતું કે તે લગભગ ૧૦ કિલોમીટર ઊંડાણમાં હતો. ■

## બી-૫૨ બૉમ્બર તૂટી પડ્યુંઃ સવાર તમામ આઠનાં મોત

લૉસ ઍન્જલસઃ અમેરિકાનું બી-૫૨ બૉમ્બર દક્ષિણ કેલિફોર્નિયાના મૉજાવે ડૅસર્ટસ્થિત યુએસ ઍરફોર્સના મથકેથી ટેક ઑફ કર્યાના તુરંત બાદ આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું અને તૂટી પડ્યું હતું જેને કારણે તેમાં સવાર તમામ આઠ જણનાં મોત થયાં હોવાનું સેનાના અધિકારીઓએ કહ્યું હતું. વિમાનમાં સવાર લોકોમાં સરકારી અધિકારી અને સેનાના ગણવેશધારી અધિકારીઓનો સમાવેશ થતો હતો. ઘટનાના વીડિયો ફૂટેજમાં સંપૂર્ણ વિમાન કાટમાળમાં ફેરવાઈ ગયું હોવાનું અને કશું જ ન બચ્યું હોવાનું જોવા મળ્યું હતું. બી-૫૨ બૉમ્બર સોમવારે સવારે લગભગ ૧૧:૨૦ વાગે ઍડવર્ડ ઍરફોર્સ બેઝ પરથી રુટિનટૅસ્ટ મિશન માટે ઉપડ્યું હતું. વીડિયો ફૂટેજ નિહાળ્યા બાદ દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં સવાર લોકોમાંથી કોઈ જ બચ્યું ન હોવાનું જણાઈ આવ્યું હતું. (એજન્સી)





નીટ-યુજી ફેરપરીક્ષા અગાઉ ભારતીય હવાઈ દળના એમઆઈ-૧૭ હેલિકૉપ્ટરે મંગળવારે તમિળનાડુના તિરુનેલવેલી ખાતે ટ્રાયલ રનમાં ભાગ લીધો હતો. ૨૧ જૂને યોજાનારી નીટ-યુજીની ફેરપરીક્ષા માટે લેવામાં આવેલા સુરક્ષાનાં પગલાં હેઠળ સિલબંધ પ્રશ્નપત્રો ઍરલિફ્ટ કરવાના ભાગરૂપ આ કવાયત હાથ ધરવામાં આવી હતી. (એજન્સી)

## હૈદરાબાદમાં ડૉનલ્ડ ટ્રમ્પના નામના રોડનું ઉદ્ઘાટન કરાશે

હૈદરાબાદઃ તેલંગણા સરકાર આવતા અઠવાડિયે હૈદરાબાદમાં અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના નામના રસ્તાનું ઉદ્ઘાટન કરશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર અહીં આવેલી અમેરિકન કૉન્સ્યુલેટ નજીક નજીકના વિસ્તારમાં ૨૩ જૂને ડૉનલ્ડ ટ્રમ્પનું નામ ધરાવતા રસ્તાનું ઉદ્ઘાટન કરવામાં આવશે. તેલંગણા સરકારે ગયા વરસે ડિસેમ્બરમાં જણાવ્યું હતું કે હૈદરાબાદસ્થિત અમેરિકન કૉન્સ્યુલેટ નજીકના હાઈ પ્રોફાઈલ રોડને 'ડૉનલ્ડ ટ્રમ્પ ઍવેન્યુ' નામ આપવામાં આવશે. પ્રસ્તાવિત રિજનલ રિંગ રોડ (આરઆરઆર) ખાતે તૈયાર કરવામાં આવનારાં ગ્રીનફિલ્ડ રેડિયલ રોડને દિવંગત ઉદ્યોગપતિ રતન ટાટાનું નામ આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

## દિલ્હીમાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ, સાતની ધરપકડ

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે પાકિસ્તાન સમર્થિત એક મોટા આતંકવાદી અને ગુનાઇત નેટવર્કનો પર્દાફાશ કર્યો છે, જેમાં સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ નેટવર્ક પાકિસ્તાનમાં રહેતા શહઝાદ ભટ્ટી અને તેના સાથી અજમલ ગુજજર ચલાવી રહ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું છે કે આ ગેંગ પંજાબના રસ્તે પાકિસ્તાનમાંથી ગેરકાયદેસર હથિયારો, દારૂગોળો અને માદક દ્રવ્યો મંગાવીને દિલ્હી-એનસીઆરમાં સપ્લાય કરતી હતી.દિલ્હી પોલીસે રાષ્ટ્રીય રાજધાનીમાં ચાલી રહેલા એક એવા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે જે કથિત રીતે પાકિસ્તાન સાથે જોડાયેલા આતંકી અને ગુનાઇત સંગઠનો સામેલ હતા. પોલીસે સરહદ પાર રહેતા હેન્ડલર્સના ઇશારે દિલ્હી-એનસીઆરમાં શસ્ત્રો અને માદક દ્રવ્યોની દાણચોરી કરવાના આરોપમાં સાત લોકોની ધરપકડ કરી છે, એમ એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું.પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ કથિત રીતે શહઝાદ ભટ્ટી અને તેના સહયોગી અજમલ ગુજ્જર માટે કામ કરતા હતા. આ નેટવર્ક આ પ્રદેશમાં ગેરકાયદેસર શસ્ત્રો, દારૂગોળો અને માદક દ્રવ્યોની હેરાફેરીમાં સામેલ છે. તપાસમાં જાણવા મળ્યું કે સિન્ડિકેટના સભ્યોએ દિલ્હી, ગાઝિયાબાદ અને નજીકના વિસ્તારોમાં અનેક સ્થળોએ જાસૂસી કરી હતી, જેનાથી ગુનાહિત અથવા આતંકવાદ સંબંધિત પ્રવૃત્તિઓની સંભવિત યોજનાઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, મે મહિનામાં મળેલી ગુપ્ત જાણકારી દર્શાવે છે કે ભટ્ટી અને ગુજ્જર સ્થાનિક ગુનેગારોની મારફતે દિલ્હી-એનસીઆરમાં મોટી ગુનાઇત અને આતંકવાદ સંબંધિત કૃત્યોનું આયોજન કરી રહ્યા હતા. માહિતીના આધારે કાર્યવાહી કરતા પોલીસે તપાસ શરૂ કરી અને છટકું ગોઠવ્યું, જેના કારણે નેટવર્કનો મુખ્ય સભ્ય મોહિતની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે મોહિત પાસેથી ગેરકાયદેસર હથિયારો અને ડિજિટલ પુરાવા જપ્ત કરવામાં આવ્યા છે જે પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ સાથે તેના કથિત સંબંધો દર્શાવે છે.

પૂછપરછ અને ત્યારબાદની તપાસ દરમિયાન અધિકારીઓએ દિલ્હી-એનસીઆરમાં ચાલી રહેલા એક વિશાળ નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. આરોપીઓએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને યુવાનોને ઝડપથી રૂપિયા કમાવાની લાલચ આપીને ભરતી કરતા હતા અને તેમને શસ્ત્રો અને માદક દ્રવ્યોની હેરાફેરીમાં સામેલ કર્યા હતા.પોલીસના જણાવ્યા અનુસાર, નેટવર્કને પાકિસ્તાનથી પંજાબમાં ડ્રૉન મારફતે ફેંકવામાં આવેલા હથિયારો અને માદક દ્રવ્યોના કન્સાઇનમેન્ટ મળ્યા હતા. ત્યારબાદ તેને દિલ્હી-એનસીઆરમાં સપ્લાય કરતા હતા. ઓપરેશન દરમિયાન પાંચ પિસ્તોલ, ૪૧ જીવતા કારતૂસ, સાત મોબાઇલ ફોન અને એક એસયૂવી જપ્ત કરવામાં આવી હતી.પોલીસે વધુમાં જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા ઘણા લોકોનો અગાઉનો ગુનાઇત રેકોર્ડ છે અને તેઓ હત્યા, હત્યાનો પ્રયાસ, લૂંટ અને આર્મ્સ એક્ટ અને નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ સંબંધિત કેસોમાં સામેલ છે.

## શીખ ધર્મગુરુ નભગવંત માનપને ખખડાવતા હોય એવી વીડિયોનો વિવાદ

### જોકે પંજાબમા સીએમ કહે છે કે વીડિયોમાં હું નથી

ચંડીગઢઃ વાંધાજનક વીડિયોને મામલે શીખ ધર્મગુરુઓએ પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માનને નગુરુ દોખીથ (ગુરુવિરોધી) અને નખાલસા પંથ વિરોધીથ જાહેર કર્યાના એક દિવસ બાદ ભગવંત માને એમ કહીને આ તમામ આક્ષેપોને નકારી કાઢ્યા હતા કે વીડિયામાં જોવા મળી રહેલી વ્યક્તિ હું નથી.

વીડિયો સંદેશામાં મુખ્ય પ્રધાને એ વાતને લઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે ધાર્મિક સંસ્થામાં સર્વોચ્ચ હોદ્દા પર બેઠેલા લોકો પણ મને બદનામ કરવા તેમના રાજકીય બૉસના ઈશારે ખોટો પ્રચાર કરી રહ્યા છે. સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં ભગવંત માને કહ્યું હતું કે શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટીના પ્રમુખ ખુલ્લેઆમ અકાલી દળના પ્રચારક બની ગયા છે.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સંચિતાનો આપઘાતઃ ઝાકમઝોળ પાછળની કડવી વાસ્તવિકતા

**ટીવી** સિરિયલ 'કુમકુમ ભાગ્ય'થી જાણીતી બનેલી અભિનેત્રી સંચિતા ઉગલેના મોતે ફરી એક વાર મનોરંજન જગતમાં કાસ્ટિંગ કાઉચના દૂષણના મુદ્દાને ચર્ચામાં લાવી દીધો છે. સંચિતાના મોત માટે કેટલાક કાસ્ટિંગ એજન્ટ્સ જવાબદાર હોવાનો આક્ષેપ ખુદ સંચિતાના ભાઈએ કર્યો છે અને આંચલ ખુરાનાએ આ વાતને ટેકો આપ્યો છે. આકાશે તો છ વર્ષ પહેલાં થયેલા એક્ટર સુશાંતસિંહ રાજપૂતના મોત સાથે સંચિતાના મોતને સરખાવીને સંચિતાનો ભોગ પણ મનોરંજન જગતના માફિયાઓએ લઈ લીધો હોવાનો દાવો કરી નાખ્યો છે. આ દાવાઓ વચ્ચે વળી સંચિતાની મિત્ર એક્ટ્રેસ ઈન્દ્રાક્ષી કાનજીલાલે સંચિતાને તેનો સાથી કલાકાર ઉજજવલ શર્મા માનસિક ત્રાસ આપતો હોવાનો ધડાકો કરતાં આ ઘટનામાં નવો ટ્વિસ્ટ આવી ગયો છે.

સંચિતાના મોતે બહારથી ઝાકમઝોળભર્યા લાગતા મનોરંજન જગતની કડવી વાસ્તવિકતાને પણ ખુલ્લી કરી દીધી છે. મનોરંજન જગત સાથે સંકળાયેલી સેલિબ્રિટીઝની કમાણી અને સ્ટારડમની બીજાં લોકોને ઈર્ષા થાય છે પણ ડુંગરા દૂરથી જ રળિયામણા લાગે છે. સેલિબ્રિટિઝની જિંદગી પણ સામાન્ય લોકોની જેમ અત્યંત સંઘર્ષપૂર્ણ અને તણાવપૂર્ણ હોય છે અને તેમની લાગણીઓ પણ સામાન્ય લોકો જેવી જ હોય છે તેનો અહેસાસ ફરી એક વાર સંચિતાના મોતે કરાવ્યો છે. સામાન્ય લોકોમાં જેમની માનસિક તાકાત વધારે હોય એ લોકો ઠેબાં ખાઈ ખાઈને પણ જિંદગીનું ગાડું ગબડાવ્યા કરે છે જ્યારે માનસિક રીતે નબળા લોકો જીવન ટૂંકાવીને પલાયનવાદ બતાવે છે. મનોરંજન જગતમાં પૈસા વધારે છે, નામના વધારે છે ને ચમક વધારે છે પણ નિયમ તો આ જ લાગુ પડે છે તેનો અહેસાસ સંચિતાના મોતે કરાવ્યો છે.

સંચિતાના મોતને પોલીસે સત્તાવાર રીતે આપઘાત ગણાવ્યો છે. પોલીસના કહેવા પ્રમાણે, સંચિતાએ ૧૪ જૂનના રોજ નાલાસોપારા પૂર્વના અચોલે ગામમાં સાંઈ સંતોષી બિલ્ડિંગમાં પોતાના ઘરે આત્મહત્યા કરી લીધી હતી. ઘરમાં કોઈ નહોતું ત્યારે સાંજે ૭ થી ૭:૩૦ વાગ્યાની વચ્ચે સંચિતાએ બેડરૂમનો દરવાજો બંધ કરીને સાડીનો ફાંસો બનાવીને છતના પંખા સાથે લટકીને આત્મહત્યા કરી લીધી હોવાનું પોલીસનું કહેવું છે. ઘરનાં લોકો પાછાં આવ્યાં ત્યારે બેડરૂમ બંધ હતો તેથી બારણુ ખખડાવ્યું પણ બારણું ના ખૂલતાં પાડોશીઓની મદદથી દરવાજો તોડાવ્યો તો અંદર સંચિતા લટકતી હતી. સંચિતાને તરત વસઈ-વિરાર મ્યુનિસિપલ હોસ્પિટલમાં લઈ જવા પણ ત્યાં સુધીમાં તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. હૉસ્પિટલે પોલીસને જાણ કરતાં પોલીસે તરત જ ઘટનાસ્થળે જઈને તપાસ કરી પણ કશું શંકાસ્પદ ના લાગ્યું તેથી પોલીસ આ ઘટનાને આપઘાત જ માને છે.

પોલીસની વાત સાચી હોઈ શકે છે. સંચિતાએ સાચે જ આપઘાત કર્યો હોય એ શક્ય છે પણ મહત્ત્વની બાબત તેની પાછળનાં કારણો છે. પરિવારે આક્ષેપ કર્યા છે, મિત્રોએ આક્ષેપ કર્યા છે તેના કારણે પોલીસ એ દિશામાં તપાસ કરશે પણ કમ સે કમ અત્યારે તો આપઘાત પાછળ એક કોઈ ચોક્કસ કારણ જવાબદાર હોય એવું લાગતું નથી. આ સંજોગોમાં સંચિતાએ સતત સંઘર્ષ અને તણાવથી મુક્તિ મેળવવા માટે આપઘાત કરી લીધો હોવાની શક્યતા વધારે છે.

સંચિતા માત્ર ૩૦ વર્ષની હતી અને કેટલીક સફળ સિરિયલોમાં કામ કરેલું. સંચિતાએ વિકી કૌશલની બ્લોકબસ્ટર મૂવી છાવામાં પણ તારાબાઈનો રોલ કર્યો હતો. તેના કારણે સંચિતાને સૌ બહુ સફળ અભિનેત્રી માને છે પણ વાસ્તવમાં સંચિતા બહુ સફળ નહોતી. સંચિતાની ઓળખ બની ગયેલી 'કુમકુમ ભાગ્ય' સિરિયલ છેક ૨૦૧૪માં આવેલી. તેના ૧૨ વર્ષ પછી પણ સંચિતા સંઘર્ષ કરતી અભિનેત્રી જ હતી કેમ કે તેણે ફિલ્મોમાં કામ મેળવવા માટે આંટાફેરા કરવા જ પડતા હતા. આટલાં વરસોમાં તેની માંડ ચાર-પાંચ જાણીતી સિરિયલો આવી ને તેમાં પણ સંચિતા મુખ્ય ભૂમિકામાં તો હતી જ નહીં.

આકાશે કહ્યું તેમ સંચિતાને કાસ્ટિંગ કાઉચ એજન્ટ્સ પરેશાન કરતા હશે અને રોલના બદલામાં ગંદાં કામ કરવા કહેતા હશે પણ સંચિતા તેના માટે તૈયાર નહીં હોય તેથી બહુ કામ નહીં મળતું હોય. કામ ના મળતું હોય તેના તણાવને સંચિતા સહન કરી લેતી હશે કેમ કે મોટા ભાગનાં લોકો તેને પાર્ટ ઓપ જોબ ગણે છે પણ કોઈ તમારા ટેલેન્ટની કદર ના કરે ને તમને માત્ર સેક્સ ઓબ્જેક્ટ જ ગણે એ વાત દિલ પર વાગતી હોય છે. તેના કારણે પેદા થતી અપમાનની લાગણીને સહન કરવી અઘરી હોય છે. સંચિતાએ પણ સહન થાય ત્યાં સુધી કર્યું હશે ને પછી જિંદગીથી હારી ગઈ હોય એ શક્ય છે. સંચિતાની પહેલાં ઘણી અભિનેત્રીઓએ આ રીતે આપઘાત કરેલા જ છે એ જોતાં આ કારણ સાવ અધ્ધરતાલ નથી જ.

પોલીસ તપાસમાં શું બહાર આવશે એ ખબર નથી પણ સંચિતાના મોત પાછળનું સાચું કારણ ખબર પડે એવી શક્યતા ઓછી છે. તેનું કારણ એ કે, સંચિતાએ કોઈ સુસાઈડ નોટ લખી નથી કે પોતાના કોઈ મિત્ર કે પરિવારજનો સાથે પોતાના સંઘર્ષની વાત કદી કરી નથી. સંચિતા કાસ્ટિંગ કાઉચથી ત્રસ્ત હોય કે એજન્ટોના ત્રાસથી કંટાળી હોય તો પણ તેણે કદી પોતાની વ્યથા કદી કોઈને કહી નથી. સંચિતાની મિત્રે એક્ટર ઉજજવલ શર્માનું નામ આપ્યું પણ એ સિવાય સંચિતાને કોણ પરેશાન કરતું હતું તેની કોઈ વિગતો બહાર આવી નથી. ઉજજવલ શર્મા પરેશાન કરતો હતો એ વાત પણ સંચિતાએ પોતે કદી કોઈને કરી નહોતી તેથી પોલીસ ઉજજવલ શર્માને લપેટમાં લે તો પણ તેને કશું કરી શકે તેમ નથી. સંચિતાને રોલના બદલામાં પથારી ગરમ કરવાની ઓફર કરનારા ને એ બહાને પરેશાન કરનારા બીજા બધા સામે પુરાવાની વાત છોડો પણ તેમનાં નામ સુધ્ધાં નથી એ જોતાં પોલીસે અંધારામાં જ અથડવાનું છે.

સંચિતાના ભાઈએ સંચિતાના આપઘાતને સુશાંતસિંહ રાજપૂતના મોત સાથે સરખાવીને આક્રોશ ઠાલવ્યો છે પણ તેમાં કશું નક્કર નથી. સુશાંતે ૧૨ જૂન ૨૦૨૦ના રોજ આપઘાત કરેલો ને સંચિતાએ છ વર્ષ પછી ૧૪ જૂન, ૨૦૨૬ના રોજ આપઘાત કરી લીધો. બંનેના મૃત્યુની તારીખ યોગાનુયોગ છે કે પછી સંચિતાએ જાણી જોઈને આ દિવસ પસંદ કર્યો એ ખબર નથી પણ બંને વચ્ચે બીજી કોઈ સામ્યતા નથી. સુશાંતના કેસમાં તો સુશાંતની સેક્રેટરી દિશા સાલિયાન પર ગેંગ રેપ થયેલો ને તેની વાત સુશાંત જાણી ગયો તેથી તેને પતાવી દેવાયો હોવાની થિયરી પણ વહેતી થયેલી. સંચિતાના કેસમાં તો એવી કોઈ થિયરી પણ નથી.

સંચિતાનું મોત આઘાતજનક છે ને એક બોધપાઠ પણ છે. સંચિતાની જેમ મનોરંજન જગતમાં નામ કમાવવા માગનારાએ બોધપાઠ લેવો જોઈએ કે, સંઘર્ષથી થાકી જતા હો તો અહીં તમારું કામ નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, બુધવાર, તા. ૧૭-૬-૨૦૨૬, મહારાણા પ્રતાપ જયંતી, મેલા હલદી ઘાટી (રાજસ્થાન)

- ભારતીય દિનાંક ૨૭, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨જો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર પુનર્વસુ બપોરે ક. ૧૩-૩૬ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં સવારે ક. ૦૮-૧૨ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ઘ

- ભરતી : બપોરે ક. ૧૩-૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૮ (તા. ૧૮)
- ઓટઃ સવારે ક. ૦૬-૫૯, રાત્રે ક. ૨૦-૦૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ – તૃતીયા. મુસ્લિમ ૧લો મોહર્રમ માસારંભ ૧૪૪૮, રંભાવ્રત, મહારાણા પ્રતાપ જયંતી, મેલા હલદી ઘાટી (રાજસ્થાન). સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ (સવારે ક. ૧૦-૪૭ થી સાંજે ક. ૧૭-૧૦ સુધીમાં સાંસારિક માંગલિક કાર્ય વર્જ્ય છે.)
- મુહૂર્ત વિશેષઃ વાસ્તુ, ખાત, ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અદિતિ પૂજન, વાંસ વાવવા, વિદ્યારંભ, બી વાવવું, લાલ વસ્રો, નિત્ય થતાં સ્થાવર લેવડદેવડ, પશુ લે-વેંચના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, સીમંત સંસ્કાર, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, પ્રાણી પાળવાં.
- આચમનઃ શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ લાગણીપ્રધાન, ચંદ્ર-ગુરુ યુતિ આવકારદાયક સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-ગુરુ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ (તા. ૧૮). ચંદ્ર-પુનર્વસુ યુતિ થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-મેષ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# યુપીએસસી પ્રીલિમ્સનું પેપર પણ ફૂટ્યું?

## કૉચિંગ ક્લાસે ૧૦૦માંથી ૮૨ સવાલ આપ્યા હોવાનો આક્ષેપ

નવી દિલ્હીઃ નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઑફ ઇન્ડિયા (એનએસયુઇ)એ દાવો કર્યો હતો કે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ની પ્રીલિમ્સ ૨૦૨૬ના પ્રશ્નપત્રમાંના ૧૦૦ સવાલમાંથી ૮૨ સવાલ 'અનંતમ આઇએએસ' કૉચિંગ ઇન્સ્ટિટ્યૂટે સ્ટડી મટિરિયલમાં જાહેર કરેલા પ્રશ્નોની સાથે મળતા આવે છે.

કૉંગ્રેસનો ટેકો ધરાવતા નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઑફ ઇન્ડિયાએ યુપીએસસી પાસે આ મુદ્દે સ્પષ્ટતા માગી હતી અને પેપર ફૂટવાની કહેવાતી આ ઘટનાની નિષ્પક્ષ તપાસની માગણી કરી હતી.

એનએસયુઆઇના રાષ્ટ્રીય પ્રમુખ વિનોદ જાખડે દાવો કર્યો હતો કે આ વર્ષે પ્રીલિમ્સમાં પુછાયેલા ૧૦૦માંના ૮૨ જેટલા સવાલ કૉચિંગ ઇન્સ્ટિટ્યૂટ 'અનંતમ આઇએએસ' દ્વારા તૈયાર કરાયેલા સ્ટડી મટિરિયલને મળતા આવે છે. આમ છતાં, આ કૉચિંગ ઇન્સ્ટિટ્યૂટે પોતાના દ્વારા કંઇ ખોટું કરાયું હોવાનું નકાર્યું હતું અને પેપર ફોડ્યું હોવાનો ઇનકાર કર્યો હતો. અમને પરીક્ષાના સવાલો અંગે અગાઉથી કોઇ જાણકારી નહોતી.

# ઈરાન અમેરિકા સાથે દગો કરશેઃ સીઆઇએ

વૉશિંગ્ટનઃ ઇરાન સાથે ડીલ કરીને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ફસાઈ ગયા છે. સીઆઈએ સહિત અમેરિકી પ્રશાસનના દિગ્ગજ હસ્તીઓએ આ ડીલની સફળતા પર સંદેહ વ્યક્ત કર્યો છે અને ટ્રમ્પ પર ઇરાનને જરૂરથી વધારે ઢીલ દેવાનો આક્ષેપ મૂક્યો છે. અહીં એ ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે ૨૦૧૫માં તેમના રાજકીય હરીફ બરાક ઓબામા પર આવો આક્ષેપ કર્યો હતો. ઓબામાએ ૨૦૧૫માં ઇરાન સાથે આવી જ ડીલ કરી હતી. ટ્રમ્પને ડીલમાં ઉપપ્રમુખ જે. ડીય વાન્સ અને ટ્રમ્પના સલાહકાર અને દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ સુખનર સામેલ છે. આ રીતે ઇરાન સાથેના આ સમજૂતીપત્ર પર ટ્રમ્પની ટીમ બે હિસ્સામાં વહેંચાઈ ગઈ છે. આમાંથી એક જૂથ ડીલનો વિરોધ કરી રહી છે.

સીઆઈએએ તેને મળેલા ઈનપુટ અને ગુપ્તચર બાતમીના આધારે કહ્યું છે કે અમેરિકાને ફરી ધોકો મળશે. આથી અમેરિકાએ ચેતી જવું જોઈએ. ડીલનો વિરોધ કરનારાઓમાં ટ્રમ્પના બે વિશ્વાસુ વિદેશપ્રધાન માર્કો દુબિયો અને સંરક્ષણપ્રધાન પીટ હેગસેથનો સમાવેશ થાય છે.

સૂત્રોના હવાલે અહેવાલ આપવામાં આવ્યો છે કે સીઆઈએના રિક્ટર જૉન રૈટક્લિફે પ્રમુખ ટ્રમ્પ અને બીજા સિનિયર અધિકારીઓને કહ્યું હતું કે પુરાવાના આધારે અમને એવી શંકા ઊભી થઈ છે કે ઇરાન કોઈ પણ અંતિમ સમજૂતીની માગણી પ્રમાણે પરમાણુ બાબતે રાહત દેવા તૈયાર થશે.

# નિજ જયેષ્ઠ માસના વ્રતો અને તહેવારો

## (તા. ૧૬-૬-૨૦૨૬થી ૧૪-૭-૨૦૨૬)

આ માસમાં અયન અને ઋતુ સંક્રમણ થતુ હોઇ અત્યંત મહિમાવંત છે.તા.૨૧જૂને સૂર્યનારાયણ સાયન કર્ક રાશિમાં પ્રવેશે છે.દક્ષિણાયન પ્રારંભાય છે. સૌર ગ્રીષ્મઋતુ પૂરી થઇ સૌર વર્ષા ઋતુ પ્રારંભાય છે. નિજ જયેષ્ઠ માસ દાન,પુણ્ય,વ્રત અને સાંસારિક,માંગલિક શુભ કાર્યો માટે અત્યંત શ્રેષ્ઠ છે. જયેષ્ઠ શુક્લપક્ષમાં એકમનો ક્ષય, દિવસ-૧૪, કૃષ્ણપક્ષમાં એકમની વૃદ્ધિ, એકાદશીનો ક્ષય, દિવસ-૧૫, એમ કુલ આ માસમાં ૨૯ દિવસ આવે છે.આ માસમાં પૂનમનું ચંદ્રગ્રહણ અને અમાસનું સૂર્યગ્રહણ નથી. એક અલભ્ય પંચાંગ ગણિત પ્રમાણે આ માસમાં મિથુન સંક્રાન્તિની ગેરહાજરી છે.મિથુન સંક્રાન્તિ અધિક જયેષ્ઠ વદ-૩૦, સોમવાર, તા.૧૫-૬-૨૦૨૬ના રોજ છે.આજ રોજ નિજ જયેષ્ઠ સુદ એકમનો ક્ષય છે. અમાસ અને પ્રતિપદાના ક્ષયનાં યોગમાં સૂર્યની મિથુન સંક્રાંતિ થાય છે. ત્યારપછી નિજ જયેષ્ઠ સુદ-૨થી નિજ જયેષ્ઠ સુદ-૩૦માં સૂર્ય સંક્રાંતિ થતી નથી. આ માસના મુખ્ય પર્વમાં નિર્જલા એકાદશી, ગાયત્રી જયંતી તા. ૨૫મી જૂને છે. તા. ૧૧મી જુલાઇએ યોગિની (ભાગવત) એકાદશી છે. શનિ પ્રદોષ તા. ૨૭મી જૂને છે. તા. ૧૨ જુલાઈએ પ્રદોષ છે. તા. ૧૪મી જુલાઇએ એ દર્શ અમાસ અને અન્વાધાનનું શ્રદ્ધાવાનોમાં અત્યંત પ્રચલિત છે. વ્રત સાવિત્રી વ્રત તા. ૨૭થી તા. ૩૦ જૂન સુધી છે. નિજ જયેષ્ઠ સુદ પૂનમ સોમવાર, તા. ૨૯મીએ નક્ષત્ર મૂળ છે. પ્રારંભે સૂર્યનારાયણ મહાનક્ષત્ર મૃગશીર્ષમાં રહે છે. તા. ૨૨મીએ મહાનક્ષત્ર આર્દ્રામાં પ્રવેશે છે. વાહન ગધેડું છે. નક્ષત્ર વાહન સંયોગિયું નથી. તા. ૬ઠ્ઠી જુલાઈએ સૂર્યનારાયણ પુનર્વસુ નક્ષત્રમાં પ્રવેશે છે. વાહન અશ્વ છે. નક્ષત્ર વાહન સંયોગિયું છે. વરસાદ સારો થશે. તા. ૨૨ જૂન પછી આ માસમાં વરસાદ સારો થશે. બુધ-ગુરુ-શુક્ર જળતત્ત્વ રાશિમાં હોય સમગ્ર માસમાં એકંદરે વરસાદ સારો થશે.

આ માસના મુહૂર્તઃ લગ્ન જૂનઃ તા. ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, જુલાઈઃ તા. ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૧ ઉપનયનઃ જૂન તા. ૧૬, ૧૭, ૧૯, ૨૩, ૨૪, જુલાઈઃ તા. ૧, ૫. ખાત-ભૂમિપૂજનઃ જૂન તા. ૧૭, ૧૯, ૨૦, ૨૨, ૨૬, ૨૭, ૨૯ જુલાઈઃ તા. ૧, ૩, ૬, ૮, ૧૧, કળશ વાસ્તુઃ જૂન તા. ૧૭, તા. ૧૯, તા. ૨૭, જુલાઈઃ તા. ૧, ૪, ૮, ૧૧. સર્વદેવ પ્રતિષ્ઠાઃ જૂનઃ તા. ૧૭, ૨૧, ૨૪, જુલાઈઃ તા. ૧, ૩, ૫, ૮, ૯.

આયુર્વેદ અનુસાર આ મહિનામાં સૂર્યનાં સખત તડકા અને તાપને લીધે શરીરમાં પીત્ત વધે છે.,પાચનશક્તિ નબળી પડે છે.આથી આ ઋતુમાં શરીરને ઠંડક આપતો અને સુપાચ્ય હળવો આહાર આરોગવો જોઇએ.પાકી કેરી, દીધ, દેશી ઘી, મોળી છાશ, વરિયાળીનું શરબત જેવી પિત્તશામક ચીજો ખાવામાં શ્રેષ્ઠ છે.લૂ અને ડિહાઇડ્રેશનથી શરીરને બચાવવાં માટે માટલાનું પાણી પીવું.સખત તડકાથી બચવુ.

### શુક્લપક્ષ

**તા. ૧૬ જૂનઃ** મંગળ, નિ. જયે.સુ.૨ ,ચંદ્રદર્શન, ઉત્તર શૃંગોન્નતિ, મું. ૪૫, સમર્ઘ, દશહરારંભ, કરવીર વ્રત. **તા.૧૭ઃ** બુધ નિ. જયે.સુ.૩, મુસ્લિમ ૧લો મોહર્રમ માસારંભ ૧૪૪૮, રંભાવ્રત, મહારાણા પ્રતાપ જયંતી, મેલા હલદી ઘાટી (રાજસ્થાન). **તા.૧૮ઃ** ગુરુ નિ. જયે. સુ.૪, વિનાયક ચતુર્થી, ગુરુ અર્જુનદેવ શહીજ દિન (શીખ), ઉમા ચતુર્થી (બંગાળ-ઓરિસ્સા), ભદ્રા ક. ૦૮-૧૩થી સાંજે ક. ૧૮-૫૮, ગુરુ પુષ્યામૃત યોગ સૂર્યોદયથી ૧૧-૩૧. **તા.૧૯ઃ** શુક્ર નિ. જયે. સુ.૫,મહાદેવ વિવાહ (ઓરિસ્સા) **તા.૨૦ઃ** શનિ નિ. જયે.સુ. ૬,આરોગ્ય ષષ્ટિ, અરણ્ય ષષ્ટિ, જામિત્ર ષષ્ટી (બંગાળ), વિંધ્યવાસિની પૂજા, મહારાણી લક્ષ્મીબાઈ નિર્વાણદિન (ઝાંસી), મંગળ વૃષભમાં ક. ૨૩-૫૯. **તા. ૨૧ઃ** રવિ નિ. જયે. સુ.૭, ભાનુ સપ્તમી, દક્ષિણાયન સૌર વર્ષાઋતુ પ્રારંભ, ભદ્રા બપોરે ક. ૧૫-૨૦ થી મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૪. **તા.૨૨ઃ** સોમ નિ. જયે. સુ.૮, દુર્ગાષ્ટમી, ભારતીય આષાઢ માસારંભ, સૂર્ય આર્દ્રામાં બપોરે ક. ૧૨-૨૭, વાહન ગદર્ભ (સંયોગિયુ નથી) અયન કરીદિન. બુધ કર્કમાં ક. ૧૫-૫૧. **તા. ૨૩ઃ** મંગળ .નિ. જયે.સુ.૯ ,શ્રી હરી નવમી **તા. ૨૪ઃ** બુધ નિ.જયે.સુ.૧૦,ગંગા દશમી, શ્રી ગંગા દશહરા સમાપ્તિ. **તા. ૨૫ઃ** ગુરુ નિ. જયે. સુ. ૧૧, નિર્જળા એકાદશી (કેરી), ભીમ એકાદશી, ગાયત્રી જયંતી, રુકિમણી વિવાહ (ઓરિસ્સા), ભદ્રા સવારે ક. ૦૭-૦૭ થી રાત્રે ક. ૨૦-૦૯. **તા. ૨૬ઃ** શુક્ર નિ. જયે. સુ.૧૨, વિંછુડો પ્રારંભ બપોરે ક. ૧૨-૩૨, મોહર્રમ તાજિયા પર્વ (મુસ્લિમ), ચંપક દ્વાદશી. (બંગાળ) **તા.૨૭ઃ** શનિ,નિ. જયે.સુ.૧૩,શનિ પ્રદોષ, વટસાવિત્રી વ્રતારંભ, શિવજી રાજ્યાભિષેક, વિંછુડો **તા.૨૮ઃ** રવિ,નિ. જયે.સુ.૧૪,ચંપક ચતુર્દશી (બંગાળ) **તા.૨૯ઃ** સોમ, નિ. જયે.સુ.૧૫,વટપૂર્ણિમા, કબીર જયંતી, દેવસ્થાન પૂર્ણિમા (બંગાળ-ઓરિસ્સા), મન્વાદિ, ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૬ થી સાંજે ક. ૧૬-૧૭, અન્વાધાન.

### કૃષ્ણપક્ષ

**તા.૩૦ઃ** મંગળ, નિ. જયે. વદ.૧, એકમ વૃદ્ધિ તિથિ છે. ઈષ્ટિ. **તા.૧ઃ** જુલાઈ, બુધ , નિ. જયે. વદ. ૧,વટસાવિત્રી વ્રતના પારણા, ગુરુ ગોવિંદસિંહ જયંતી (કાશ્મીર) **તા.૨ઃ** ગુરુ,નિ. જયે. વદ.૨,ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨.૩૦ **તા.૩ઃ** શુક્ર ,નિ. જયે. વદ.૩,સંકષ્ટી ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. (૨૧-૫૧), બુધ પશ્ચિમમાં લોપ થાય છે. પંચક પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૭. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૧૯ **તા. ૪ઃ** શનિ,નિ. જયે. વદ. ૪,પંચક, શુક્ર સિંહમાં ક. ૧૯-૧૪ **તા.૫ઃ** રવિ, નિ. જયે. વદ.૫,નાગપંચમી (બંગાળ), પંચક **તા.૬ઃ** સોમ, નિ. જયે. વદ.૬,સૂર્ય પુનર્વસુમાં ક.૧૨.૦૪,(સંયોગિયુ છે). વાહન અશ્વ, પંચક, ભદ્રા બપોરે ક. ૧૩-૪૭ થી મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૦. **તા. ૭ઃ** મંગળ, નિ. જયે. વદ.૭,કાલાષ્ટમી, પંચક **તા. ૮ઃ** બુધ,નિ. જયે. વદ.૮,પંચક સમાપ્તિ બપોરે ક. ૧૫-૫૯. બુધ મિથુનમાં ક. ૧૦-૩૧. **તા. ૯ઃ** ગુરુ,નિ. જયે. વદ.૯,ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧-૩૧. **તા. ૧૦ઃ** શુક્ર,નિ. જયે. વદ.૧૦, સ્માર્ત યોગિની એકાદશી (સાકર), એકાદશી ક્ષય તિથિ છે. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૧૬ **તા. ૧૧ઃ** શનિ ,નિ. જયે. વદ.૧૨,ભાગવત યોગિની એકાદશી (સાકર), પારસી ૧૦મો સ્પેન્દાર્મદ માસારંભ, તિથિવાસર સવારે ક. ૧૦-૩૨. **તા. ૧૨ઃ** રવિ, નિ. જયે. વદ.૧૩,પ્રદોષ, શિવરાત્રિ, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૩૦. **તા. ૧૩ઃ** સોમ, નિ. જયે. વદ. ૧૪, મત્યર ડે (કાશ્મીર), ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૪૦. સોમવતી અમાવસ્યા સાંજે ક. ૧૮-૪૯ થી સૂર્યોદય. **તા. ૧૪ઃ** મંગળ નિ. જયે. વદ.૩૦,દર્શ અમાવસ્યા, અન્વાધાન.

-પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

# ઇલૉન મસ્ક એક જ દિવસમાં વૉરેન બફેટની પૂરી સંપત્તિથી વધુ કમાયા

ન્યૂ યોર્કઃ ઇલૉન મસ્કની સંપત્તિ ૧.૨૭ ટ્રિલ્યન ડૉલર થઇ છે. 'સ્પેસએક્સ'ના આઇપીઓ અને શૅરના ભાવમાંના વધારાને લીધે મસ્કની સંપત્તિમાં ઘણો જ વધારો થયો છે.

ઇલૉન મસ્ક વિશ્વના સૌપ્રથમ ટ્રિલ્યનર બન્યા બાદ એક જ ટ્રેડિંગ સેશનમાં તેમની સંપત્તિમાં ૧૬૪ અબજ ડૉલરનો વધારો થયો હતો. આ રકમ પીઢ રોકાણકાર વૉરેન બફેટની પૂરી સંપત્તિ કરતાં પણ વધારે છે.

બફેટની પૂરી સંપત્તિ હાલમાં અંદાજે ૧૪૮ અબજ ડૉલર હોવાનો અંદાજ છે એટલે મસ્કે તેના કરતાં વધુ રકમ એક જ દિવસમાં કમાઇ હોવાનું કહી શકાય.

મસ્કની સંપત્તિ ગયા ઑક્ટોબરમાં ૫૦૦ અબજ ડૉલરથી વધુ હતી, ડિસેમ્બરમાં ૬૦૦ અબજ ડૉલર કરતાં વધારે થઇ હતી અને બાદમાં તેની કંપની સ્પેસએક્સનો આઇપીઓ બજારમાં આવ્યો તેની પહેલાં વધીને ૭૦૦ અબજ ડૉલરથી વધી ગઇ હતી. (એજન્સી)

# હોર્મુઝ ખાડી સુરક્ષિત બનતા ૪૦થી ૫૦ દિવસ લાગશે

દુબઈઃ અમેરિકા અને ઇરાન વચ્ચે ૧૯ જૂને સ્વિટ્ઝર્લેન્ડમાં થનારા શાંતિ કરારને પગલે હોર્મુઝ ખાડી બધાં જહાજોની સામાન્ય અવરજવર માટે ખૂલશે, પરંતુ નિષ્ણાતોના મત મુજબ આ જળમાર્ગે જહાજોને પસાર થવાનું સંપૂર્ણ સુરક્ષિત બનતા હજી ૪૦થી ૫૦ દિવસ લાગી શકે છે.

લડાઇની શરૂઆતની પહેલાં હોર્મુઝ ખાડીમાંથી દરરોજ ૧૨૦થી ૧૪૦ જહાજ પસાર થતા હતા, પરંતુ તાજેતરના સપ્તાહો દરમિયાન દરરોજ ફક્ત ૧૨થી ૧૫ જહાજ આ જળવિસ્તારમાંથી પસાર થયાં હતાં.

હોર્મુઝ ખાડી બધાં જહાજોની સામાન્ય અવરજવર માટે ખોલવાની જાહેરાતને લીધે વિશ્વના બધા દેશોને રાહત થઇ છે, પરંતુ દરિયાઇ સલામતીનું ધ્યાન રાખતી એજન્સીના મત મુજબ આ જળવિસ્તાર પાણીમાં ગોઠવેલી સુરંગો અને પાણીમાંના ડ્રોનના હુમલાથી સલામત બનાવતા હજી ઘણો લાંબો સમય લાગશે. દુનિયાના ખનિજ તેલ અને લિક્વિફાઇડ નેચરલ ગૅસનો અંદાજે ૨૦ ટકા પુરવઠો હોર્મુઝ સામુદ્રધુનીમાંથી જ પસાર થાય છે.

કિંમતી માલસામાન અને ઈંધણ લઇ જતાં વેપારી જહાજો માટે ખાડીમાંની થોડી સુરંગ પણ મોટું જોખમ ઊભું કરી શકે છે. (એજન્સી)

# ક્રૂડ ઑઈલના ભાવ યુદ્ધ પહેલાની સપાટી પર પહોંચતા મહિનાઓ લાગશે

નવી દિલ્હીઃ અમેરિકા અને ઇરાન વચ્ચે શાંતિ કરાર અને હોર્મુઝ સામુદ્રધુની ફરી ખોલવાની સંભાવનાએ ખનીજ તેલ અને લિક્વિફાઇડ નેચરલ ગૅસ (એલપીજી)ના ભાવ ઘટે એવા સંજોગો ઊભા કર્યા છે, પરંતુ વિશ્લેષકો કહે છે કે પુરવઠામાં વિક્ષેપો, ભાંગી પડેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કડક ઇન્વેન્ટરીને લીધે એનર્જી માર્કેટ મહિનાઓ સુધી વોલેટાઇલ રહેશે. યુદ્ધ પહેલાના તેલના ભાવ આવતા મહિનાઓ નીકળી જવાની આશંકા છે. મહત્ત્વના જળમાર્ગ હોર્મુઝથી જહાજના પરિવહનની સંભાવનાને લીધે જીયોપોલિટીકલ રિસ્ક પ્રીમિયમમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડનો ભાવ તાજેતરની ચરમસીમા બાદ ૨૦ ટકા ઘટ્યો હતો, જ્યારે એલએનજી બેન્ચમાર્કના ભાવ પણ હળવા થયા છે.(એજન્સી)

# ઈરાન સાથેનો શાંતિકરાર સમીક્ષા માટે અમેરિકાની કૉંગ્રેસને મોકલાશેઃ ટ્રમ્પ

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે ઈરાન સાથેના યુદ્ધનો અંત આણવાનો અને અણુ કાર્યક્રમની વાટાઘાટ શરૂ કરવાનો આશય ધરાવતો કરાર સમીક્ષા માટે અમેરિકાની કૉંગ્રેસને મોકલવામાં આવશે. ફ્રાન્સના આલ્પ્સમાં ચાલી રહેલી જી-૭ શિખર મંત્રણા દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે કરાર સમીક્ષા માટે અમેરિકાની કૉંગ્રેસને મોકલવાનો વિચાર મને ગમ્યો છે. મહેરબાની કરીને આ કરાર સમીક્ષા માટે કૉંગ્રેસને મોકલી આપો. મારો મતલબ કોણ આ કરારને મંજૂર નહીં કરે? (એજન્સી)

# ૧૨ રાજયમાં અલ નિનોની ગંભીર અસર પડશેઃ કૃષિ પ્રધાન

નવી દિલ્હીઃ કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે મંગળવારે ૧૨ રાજ્યમાં જિલ્લા અધિકારીઓ, કૃષિ વિભાગો, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (કેવીકે) અને અન્ય વિસ્તરણ એજન્સીઓ સાથે સંકલિત બેઠકોનો નિર્દેશ આપ્યો છે જ્યાં ખરીફ સિઝન દરમિયાન અલ નિનોની અસર પ્રમાણમાં ગંભીર હોવાની શક્યતા છે.ખરીફ ૨૦૨૬ની તૈયારીઓ પર સાપ્તાહિક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતા, ચૌહાણે વરસાદની અછત ધરાવતા જિલ્લાઓમાં આકસ્મિક આયોજનની જરૂરિયાત પર તથા કપાસ અને કઠોળ હેઠળ વાવેતર વિસ્તાર વધારવા પર પણ ભાર મૂક્યો હતો.મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ચૌહાણે રાજ્ય સરકારોને સંવેદનશીલ જિલ્લાઓને સ્પષ્ટ રીતે ઓળખવા અને પાક મુજબ આકસ્મિક યોજનાઓ અગાઉથી તૈયાર કરવા નિર્દેશ આપ્યો છે, જેથી કોઈપણ હવામાન પડકારની સ્થિતિમાં ખેડૂતોને તાત્કાલિક વિકલ્પો, સલાહ અને સહાય પૂરી પાડી શકાય.દરેક સંવેદનશીલ જિલ્લા માટે એક અલગ અને વ્યવહારુ વ્યૂહરચના વિકસાવવી જોઈએ, જેમાં પાણી સંરક્ષણ, ભેજ વ્યવસ્થાપન, આંતરપાક અને વૈકલ્પિક પાક પેટર્ન પર ખાસ ધ્યાન આપવામાં આવે, એવું તેમણે કહ્યું.

# ડીઝલ-એટીએફ પરનો વિન્ડફોલ ટેક્સ વધારાયો

નવી દિલ્હીઃ અમેરિકા અને ઇરાન વચ્ચે ભલે શાંતિ સમજૂતી થઈ ગઈ હોય, પરંતુ પરિસ્થિતિ થાળે પડવામાં હજુ ઘણો લાંબો સમય લાગી શકે છે. આવી સ્થિતિમાં, સરકારે સોમવારે મોડી રાત્રે ડીઝલ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ)ની નિકાસ પર સ્પેશિયલ એડિશનલ એક્સાઇઝ ડ્યૂટી વધારી દીધી છે, જેને સામાન્ય ભાષામાં 'વિન્ડફોલ પ્રોફિટ ટેક્સ' કહેવામાં આવે છે. સરકારે આ નિર્ણય બે મુખ્ય બાબતોને ધ્યાનમાં રાખીને લીધો છે

નાણા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન (જાહેરનામા) મુજબ, ડીઝલની નિકાસ પરની સ્પેશિયલ એડિશનલ એક્સાઇઝ ડ્યૂટી હાલના ૧૩.૫ રૂપિયા પ્રતિ લિટરથી વધારીને ૧૪ રૂપિયા પ્રતિ લિટર કરી દેવામાં આવી છે. તે જ સમયે, વિમાનના બળતણની નિકાસ પરની ડ્યૂટી ૯.૫ રૂપિયા પ્રતિ લિટરથી વધારીને ૧૨.૫ રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવી છે. જોકે, પેટ્રોલની નિકાસ ડ્યૂટીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે ૧.૫ રૂપિયા પ્રતિ લિટર પર જ યથાવત રાખવામાં આવી છે. આ નવા દરો અંમલી થઈ ગયા છે.

# અમરેલીમાં ફરી સિંહણે યુવાનને ફાડી ખાતા ફફડાટઃ ગીર ઈકોલોજીને બદલે હવે ઈકોનોમી બની ગયું છે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીમાં એક જ અઠવાડિયામાં સિંહણના હુમલામાં મોતની બીજી ઘટના બની હતી. મૂળ ઉત્તરાખંડના અને રાજુલામાં રેસ્ટોરાંમાં નોકરી કરતો પ્રકાશ ચંદ્રા નામનો યુવક કામ પતાવી ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે કોવાયા ગામ પાસે સિંહણે તેના પર હુમલો કરી તેને ફાડી ખાધો હતો. સિંહ મોટેભાગે માત્ર ભક્ષણ કરે છે, પરંતુ આ ઘટનામાં સિંહણે તેનું ભોજન કર્યું હોવાનું અને યુવકની માત્ર ખોપડી અને પાંસળી જ મળી આવી હોવાનું અહેવાલો દ્વારા જાણવા મળ્યું છે. આ ઘટનાએ ફરી ગ્રામજનો અને આસપાસના વિસ્તારોમાં ફફડાટ ફેલાવી દીધો છે.

અમરેલી વન્યવિસ્તારમાં અગાઉ ઉપરાઉપરી સિંહ અથવા સિંહણ દ્વારા હુમલા થયા હોવાના અને પુખ્તવયના તેમ જ બાળકોના મોત નિપજ્યા હોવાની ઘટના સતત બની રહી છે. આ અંગે મુંબઈ સમાચારે વાઈલ્ડ લાઈફ બોર્ડના ભૂતપૂર્વ સભ્ય રેવતુભા રાયજાદા સાથે વાત કરી હતી. તેમણે આના વિવિધ કારણો આપતા જણાવ્યું હતું કે સાસણ ગીર પર ભારણ વધી ગયું છે. ઈકોલોજિકલ ટૂરિઝમ બરાબર છે, પરંતુ ઇકોનોમિકલ ટૂરિઝમ સમસ્યાઓ પેદા કરે છે. તેમણે જણાવ્યું હતું કે અહીં ઘણા રિસોર્ટ બની ગયા છે. લોકો અહીં લગ્ન પ્રસંગ રાખે છે, જેમાં ડીજેનો શોરબકોર થાય છે. આ સાથે અહીં ઉદ્યોગો સ્થપાયા છે, જેના લીધે પરપ્રાંતિયો આવે છે, જેઓ માંસાહાર વધારે કરે છે. બાબરકોટમાં માઈનીંગ માટે મંજૂરી અપાઈ છે. આ વિસ્તારમાં ૫૦ કરતા વધારે સિંહ છે. જ્યારે ગીર તેમના માટે રહેવાલાયક નહીં રહે ત્યારે તેઓ વસ્તી તરફ જ આવવાના છે.

આ સાથે તેમણે એમ પણ જણાવ્યું હતું કે ગીરના સાવજો હુમલા પહેલા ચેતવે છે, પરંતુ સ્થાનિકોની જેમ પરપ્રાંતિયો તેમના વર્તનને, તેમની ચેતવણીને સમજી શકતા નથી. જોકે સિંહ શિકાર કરીને માણસને ખાઈ જાય તે વાત નવી છે, તેમ પણ તેમણે જણાવ્યું હતું.

કોવાયા ગામના સરપંચ જીનાભાઈ લાખનોત્રાએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે મૃતક સ્થાનિક રેસ્ટોરન્ટમાં કામ કરતો હતો. નજીકના ભાકોદર ગામમાં અગાઉ આવી જ ઘટના બની હતી. તેમણે માગણી કરી હતી કે વન વિભાગ ટ્રેકર્સની સંખ્યા વધારે અને માનવ વસાહતો નજીક સિંહોની હિલચાલ પર અસરકારક નિયંત્રણ લાવે.

સરપંચે સરકારને મૃતકના પરિવારને તાત્કાલિક નાણાકીય સહાય પૂરી પાડવાની પણ અપીલ કરી હતી. તેમણે ચેતવણી આપી હતી કે જો સલામતીના જરૂરી પગલાં લેવામાં નહીં આવે તો સ્થાનિક રહેવાસીઓ વિરોધ કરવા મજબૂર થશે.

આ મામલે વન વિભાગ કે સરકારના સૂત્રો સાથે સંપર્ક થઈ શક્યો ન હતો. ■

# સારથી સર્વરમાં ખામીને કારણે સમગ્ર ગુજરાતમાં આરટીઓ સેવાઓ ઠપ

## હજારો અરજદારોને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોમવારે અમદાવાદ સહિત રાજ્યની તમામ ૩૯ રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસમાં (આરટીઓ) સર્વર ડાઉન થતાં સમગ્ર ગુજરાતમાં હજારો ડ્રાઇવિંગ લાઇસન્સ અરજદારોએ ભારે હાલાકી ભોગવવી પડી હતી. આરટીઓ ઓફિસમાં સવારે આવી કામ પૂરું કરી કામધંધે જવા માટે આવેલા લોકોએ લાંબી રાહ જોવી પડી હતી અને ટેકનિકલ ખામીને કારણે મોટાભાગના કામ ન થતા નિરાશ થઈ પાછા જવું પડ્યું હતું.

સર્વર આઉટેજને કારણે ડ્રાઇવિંગ લાઇસન્સ રિન્યુઅલ, ડુપ્લિકેટ લાઇસન્સ જારી કરવા અને સરનામાંમાં ફેરફાર જેવી નિયમિત સેવાઓ ખોરવાઈ ગઈ હતી. પરિણામે, જે લાઇસન્સ ધારકોના લાઇસન્સ સોમવારે સમાપ્ત થઈ ગયા છે તેમને હવે હાલના નિયમો અનુસાર નવું લાઇસન્સ મેળવવાની પ્રક્રિયામાંથી પસાર થવાની જરૂર પડી શકે છે.

સોમવારે રાજ્યભરમાં મુદત પૂરી થયેલા લાયસન્સની સંખ્યા ૫,૦૦૦ થી વધુ હોઈ શકે છે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. અરજદારો અને પરિવહન વિભાગના ભૂતપૂર્વ અધિકારીઓએ સરકારને આવા કિસ્સાઓમાં રાહત આપવા વિનંતી કરી છે, અને દલીલ કરી હતી કે આરટીઓ અથવા પરિવહન વિભાગની સિસ્ટમમાં ટેકનિકલ ખામીઓને કારણે નાગરિકોને મુશ્કેલી વેઠવી પડે તે યોગ્ય નથી. ■

# હજુ ગુજરાત ૪૦ ડિગ્રી ગરમીમાં શેકાય છે

## સૌને આકાશી રાહતની પ્રતીક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂન મહિનાનું પહેલું પખવાડિયું પસાર થઈ ગયું હોવા છતાં દેશભરમાં વરસાદના સંકેત નથી ત્યારે ગુજરાતના મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો ૩૫થી ૪૦ ડિગ્રી વચ્ચે જ રહે છે. અમદાવાદમાં છેલ્લા ત્રણેક મહિનાથી ગરમી ૪૦ ડિગ્રીની ઉપર જ નોંધાઈ છે ત્યારે શહેરીજનો હવે એક સારા એવા વરસાદના રાઉન્ડની રાહ જોઈ રહ્યા છે. જોકે છેલ્લા બે ત્રણ દિવસથી ભાવનગરમાં પણ ગરમીનો પારો ઊંચો નોંધાય છે. ભાવનગરમાં મંગળવારે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયું હતું જ્યારે અમદાવાદમાં ૪૦ ડિગ્રી નોંધાયું હતું. સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ડીસામાં તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયું હતું. હજુ પણ ગરમીમાં રાહતના અણસાર દેખાતા નથી. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હજુ સાતેક દિવસ ગરમીનું જોર રહેશે. જ્યારે દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં આ અઠવાડિયાના અંતમાં હળવો થી મધ્યમ વરસાદ પડી શકે છે. ■

### એરપોર્ટ પર કસ્ટમ્સની તરાપ

# ગુજરાત સહિત દેશમાંથી સૌથી વધુ હાઈ-પ્રોફાઈલ મહિલા સ્મગલર ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુંબઈ અને બેંગ્લોર સહિત અમદાવાદ અને સુરત એરપોર્ટ પરથી ૨૦૨૪થી જૂન ૨૦૨૬ સુધીમાં કસ્ટમ વિભાગે હાઇ પ્રોફાઈલ કેસમાં સૌથી વધુ મહિલાઓ સામે દાણચોરી અને ગાંજાની હેરાફેરીના કેસ નોંધ્યા હોવાની માહિતી કસ્ટમ વિભાગે આપી હતી. માર્ચ ૨૦૨૫માં પૂર્વ ડીજીપીની પુત્રી રાનિયા રાવની બેંગલોર એરપોર્ટ પર ડી આર આઈ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. દુબઈથી બેંગલોર એરપોર્ટ પર આવેલી રાનીયા રાવની ૧૪.૨ સલ ગોલ્ડ સાથે અટકાયત કરી હતી, જેની માર્કેટ વેલ્યુ રૂ. ૧૨ કરોડ ૩૬ થતી હતી. તે પહેલા અમદાવાદના ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી દુબઈથી અમદાવાદ આવેલી મહિલા પેસેન્જર રશીદા કૌશર પાસેથી રૂ. ૧૨.૫૦ કરોડની રિચાર્ડ મિલેની બ્રાન્ડેડ ઘડિયાળ પકડવામાં આવી હતી. કસ્ટમ વિભાગે નવેમ્બર ૨૦૨૫માં ૧૭ લાખની રોલેક્સ કંપનીની ઘડિયાળ સાથે પણ પેસેન્જરની અટકાયત કરી હતી. ત્યારબાદ દુબઈથી અમદાવાદ આવેલી મુંબઈની હિમાની સોલંકી પાસેથી રૂ. ૪૩ લાખના આઈફોન જપ્ત કર્યા હતા અને વિદેશની ટ્રીપ મારીને એક કરોડના આઈ ફોનની હેરાફેરી કરી હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ ૨૦૨૫માં જ જેદાહથી અમદાવાદ આવેલી પાલનપુરની ચાર મહિલા પેસેન્જર પાસેથી રૂ. એક કરોડ ૫૨ લાખના સોનાના દાગીના મળી આવ્યા હતા. કસ્ટમના ટોચના સૂત્રોએ જણાવ્યું કે ઓગસ્ટ ૨૦૨૫માં સુરત એરપોર્ટ પર દુબઈથી આવેલી એક મહિલા અને તેની સાથે મુસાફરી કરેલા એક પેસેન્જર પાસેથી રૂ. ૨૫ કરોડના ગોલ્ડ બિસ્કીટ મળી આવ્યા હતા, એટલું જ નહીં તાજેતરમાં જ મુંબઈ એરપોર્ટ ઉપર એર ઇન્ડિયાની ફ્લાઈટમાં થાઈલેન્ડથી આવેલી મોડલ અને બ્યુટી પીજન્ટ રનર અપ હર્ષા સોનીની કસ્ટમ વિભાગે અટકાયત કરીને રૂ. ૧૧.૮૨ કરોડની કિંમતનો હાઇબ્રીડ ગાંજો પકડી પાડ્યો હતો. આમ ૨૦૨૪ થી અત્યાર સુધીમાં બેંગલોર, મુંબઈ અને ગુજરાતના સુરત અને અમદાવાદ એરપોર્ટ પરથી સૌથી વધુ હાઇ પ્રોફાઈલ કરી શકાય તેવા કેસમાં મહિલાઓની અટકાયત કરવામાં આવી છે અને કેટલાક કેસમાં ધરપકડ પણ કરાઈ છે. સેલિબ્રિટી કે વીઆઈપી પેસેન્જર સરળતાથી નીકળી જશે તેવી માન્યતા સાવ ખોટી પડી છે. અમદાવાદ કસ્ટમના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની સેલિબ્રિટી હોય તે વીઆઈપી પેસેન્જર હોય તેમના લગેજનું સો ટકા ચેકિંગ કરવામાં આવી રહ્યું છે અને કસ્ટમ ડ્યુટી પણ વસૂલ કરવામાં આવી રહી છે. કોઈ સેલિબ્રિટી એવું કહે કે મારી બેગમાં પાર્સલ કેવી રીતે આવ્યું અથવા તો મને કોઈ પરિચિત વ્યક્તિએ આ પાર્સલ આપ્યું હતું તેવું કહીને છટકી જવાનો કોઈ પ્રયત્ન પકડાઈ ગયા પછી ચાલતો નથી અને તેમની સામે કસ્ટમના કાયદા હેઠળ અને ગાંજો કે પ્રતિબંધિત પાવડર હોય તો એનડીપીએસ એક્ટ મુજબ જ કાર્યવાહી કરવામાં આવશે. બધા પેસેન્જરની જેમ જ તેમના લગેજનું એક્ઝામિનેશન કરવામાં આવતું હોય છે અને પેસેન્જર ના પ્રોફાઈલ પણ ચેક કરવામાં આવતા હોય છે. ■

# ટોઈલેટમાંથી ₹૪.૨૭ કરોડનું સોનું મળતાં એરપોર્ટમાં અલર્ટઃ ફ્લાઈટના કચરાનું પણ સ્ક્રીનિંગ મશીનમાં ચેકિંગ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર ૧૪ જૂનના રોજ દુબઈથી અમદાવાદ આવેલી ઈન્ડિગોની ફ્લાઈટના વેલેન્ટરી સેક્શન એટલે કે વોશરૂમમાં લગાવેલા સ્પીકર બોક્સની પાછળથી રૂ. ચાર કરોડ ૨૭ લાખના ગોલ્ડ બિસ્કીટ મળી આવ્યા હતા. આ સમગ્ર કેસમાં તપાસ ચાલુ રાખવામાં આવી છે અને તમામ પાસાની તપાસ કર્યા બાદ સિક્યુરિટીમાં કેટલીક ખામીઓ જણાઈ આવી છે અને કસ્ટમ વિભાગે ડાયરેક્ટ જનરલ ઓફ સિવિલ એવિએશન એરલાઇન્સ કંપનીઓ, ગ્રાઉન્ડ સ્ટાફ અને અદાણી એરપોર્ટની સિક્યુરિટી સર્વિસને પત્ર લખીને સલામતી વધુ મજબૂત બનાવવા માટે જણાવ્યું છે. ખાસ કરીને ઇન્ટરનેશનલ ફ્લાઇટ આવ્યા પછી ફ્લાઈટમાં સફાઈ કામ કરવામાં આવતું હોય છે. સફાઈ કર્યા બાદ જે કચરો બહાર લઈ જવામાં આવે છે, તે હવે કસ્ટમ એરિયામાં કન્વેયર બેલ્ટ પરના સ્ક્રિનિંગ મશીનમાંથી પસાર કરીને બહાર લઈ જવામાં આવે તેવો કડક નિયમ બનાવી દેવામાં આવ્યો છે, જેથી કરીને કોઈપણ સફાઈ કર્મચારી કચરાની સાથે બિનવારસી ડ્રગ્સ કે દાણચોરીના ગોલ્ડ બહાર લઈ જઈ શકે નહીં. તેવો નિયમ બનાવી દેવામાં આવ્યો છે. હાલ કસ્ટમ વિભાગ નો માનવું છે કે અમદાવાદમાં ઈન્ડિગોની ફ્લાઈટ સવારે ૯:૨૦ વાગે આવી હતી. આ ફ્લાઈટ દુબઈમાં રાત્રિ રોકાણ કર્યા બાદ અમદાવાદ આવી હતી, જેથી દુબઈમાં રાત્રિ દરમિયાન કોઈ જાણકાર વ્યક્તિએ સ્પીકરના બોલ્ટ ખોલીને ૨૪ ગોલ્ડ બિસ્કીટ અંદર મૂક્યા હોવા જોઈએ. આ બિસ્કીટની ડિલિવરી ડોમેસ્ટિક પેસેન્જર તરીકે એન્ટ્રી મેળવી લેનાર કોઈ પેસેન્જર આ જ ફ્લાઈટમાં ચંડીગઢ જવાનો હતો, પરંતુ અમદાવાદથી ચંદીગઢ ૯૦ ટકા પેસેન્જર જતા હોતા નથી અને ચંદીગઢથી આ ફ્લાઈટ ગોવા જવાની હતી અને ગોવાથી બીજા દિવસે સવારે ફ્લાઇટ અમદાવાદ આવવાની હતી, પરંતુ સ્પીકર બોક્સમાં એટલે કે સ્પીકર બોક્સ ની પાછળ મૂકેલા ગોલ્ડ સહી સલામત રહે તેવું પ્રિ પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. જો કે કસ્ટમ વિભાગને બાતમી મળી જતા ગોલ્ડ પકડાઈ ગયું હતું. બે શંકાસ્પદ પેસેન્જરની પૂછપરછ પણ કરાઈ હતી, પરંતુ તેમની ફ્લાઈટમાં કોઈ મોમેન્ટ જોવા મળી ન હતી. ટોચના સૂત્રોએ જણાવ્યું કે ફ્લાઈટમાં કોકપીટની પાછળ કેમેરા હોય છે, પરંતુ તે કેમેરા ફક્ત ઇમરજન્સી માટે જ પાયલોટ ઓપરેટ કરતા હોય છે જેથી કેમેરામાં તે જોઈ શકાતું નથી. કસ્ટમ ને શંકા છે કે દુબઈ એરપોર્ટ પર ફ્લાઇટમાં ફૂડ ડિલિવરી કરતી વખતે કોઈ ટેકનિશિયનની મદદથી બોલ્ટ ખોલીને ગોલ્ડ છુપાવ્યું હોવું જોઈએ. આવી અનેક પ્રકારની થીયરી ઉપર કસ્ટમ વિભાગ કામ કરી રહ્યું છે અતિ મહત્વની બાબત એ છે કે જેટલા પ્રમાણમાં ગોલ્ડ અમદાવાદ એરપોર્ટ ઉપર પકડાય છે તે પહેલા એડવાન્સ પેમેન્ટના ભાગરૂપે એરપોર્ટ પરથી હવાલાના નાણા એટલે કે ફોરેન કરન્સી દુબઈ પહોંચાડી દેવામાં આવે છે, તેમ પણ કસ્ટમના સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સુરત, રાજકોટમાં અખાદ્ય સામગ્રી પર તવાઈઃ ગુજરાત સરકાર ભેળસેળિયાઓ પર ત્રાટકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારા અને ગુણવત્તા વિનાના પદાર્થો વેચનારાઓ પર ત્રાટકી છે. રાજકોટના મેયર ડો. નેહલ શુક્લાએ કરેલી જાહેરાત બાદ જાણીતા રેસ્ટોરાં પર ચેકિંગ થઈ રહ્યું છે જ્યારે બીજી બાજુ સુરતમાં પણ ફરી શંકાસ્પદ નકલી ઘીનો ૧૪૦ કિલોનો જથ્થો મળી આવ્યો હતો.

સુરતના કામરેજ વિસ્તારમાં પોલીસે દરોડા દરમિયાન એક શંકાસ્પદ નકલી ઘી ઉત્પાદન એકમનો પર્દાફાશ કર્યો હતો. કામરેજ પોલીસે બાતમીના આધારે શ્રીજી ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, નવાગામમાં એક ફેક્ટરી પર દરોડો પાડ્યો હતો અને નકલી ઘીના ઉત્પાદન માટે વપરાતા રિફાઇન્ડ તેલ અને ક્રીમનો મોટો જથ્થો જપ્ત કરીને સીલ કરી દીધો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ફેક્ટરી ફક્ત છેલ્લા ૧૫ દિવસથી કાર્યરત હતી. ધ્યાન ખેંચાય નહીં તે માટે આખું કામ ઔદ્યોગિક વસાહત પર એક બંધ શેડમાં કરવામાં આવ્યું હતું.

દરોડા દરમિયાન, પોલીસે નકલી ઘીના ઉત્પાદનમાં વપરાતી ૧૪૦ કિલોગ્રામ અત્યંત શંકાસ્પદ ક્રીમ અને બજારમાં સામાન્ય રીતે ઉપલબ્ધ સસ્તા રિફાઇન્ડ તેલના ૧૫ મોટા કેન જપ્ત કર્યા હતા.

આ સાથે રાજકોટમાં પણ રૈયા ચોકડી નજીક આવેલા બાલાજી થાળ નામના રેસ્ટોરાંમાં પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન લોટ અને ચોખામાંથી જીવાત મળી આવી હતી, સાથે જ પુરણપોળી માટેનો અખાદ્ય મસાલો અને શંકાસ્પદ ચટણીનો જથ્થો પણ ઝડપાયો હતો. મરચા પાવડરની થેલીઓ તો એવી મળી જેમાં ન તો કંપનીનું નામ હતું, ન તો મેન્યુફેક્ચરિંગ કે એક્સપાયરી ડેટ હતી. પ્રાથમિક દ્રષ્ટિએ આ સામગ્રી ગ્રાહકોને પીરસવા માટે તૈયાર રાખવામાં આવી હતી. રેસ્ટોરાંના માલિકે મીડિયા સાથે વાત કરી હતી, પરંતુ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતી.

દરમિયાન રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર ખાદ્ય અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી વિશેષ તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ઘી, ખાદ્ય તેલ, દૂધ અને પનીરના જથ્થાની તપાસ કરી નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ઘીનો ૩૯,૭૮૭ કિલો જથ્થો, ખાદ્ય તેલનો ૧,૬૭,૨૫૬.૬૦ કિલો/લિટર જથ્થો, દૂધ અને દૂધજન્ય પદાર્થોનો ૬૭૫.૪૦ કિલો જથ્થો તેમજ પનીરનો ૫,૨૨૯ કિલો જથ્થો મળી કુલ ૨,૧૨,૯૪૮ કિલો/લિટરથી વધુ ખાદ્ય પદાર્થો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. રાજ્યના મોટા શહેરોમાં કરેલી આ કાર્યવાહીમાં કુલ અંદાજિત રૂ. ૫.૮૯ કરોડથી વધુની કિંમતના ખાદ્ય પદાર્થોની તપાસ અને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આરોગ્ય પ્રધાન પ્રફુલપાનશેરીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર નાગરિકોના આરોગ્ય સાથે કોઈપણ પ્રકારનું સમાધાન નહીં કરે. ■

# વલસાડમાં સરકારી કાર્યક્રમમાં બાળકોની હાલત કફોડી થઈ

## તડકામાં એક કલાક ઊભાં રખાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લા સંજાણ ગામમાં સરકારી કાર્યક્રમમાં સ્કૂલના વિદ્યાર્થીઓ પ્રત્યે અસંવેદનશીલ વર્તન થયાની ફરિયાદો થઈ હતી. અહીં એક પેડ મા કે નામ કાર્યક્રમ યોજાયો હતો. વૃક્ષારોપણના આ કાર્યક્રમમાં સ્કૂલનાં બાળકોને પણ બોલાવવામાં આવ્યાં હતાં. ગુજરાતમાં સવારના સમયે સખત ગરમી હોય છે ત્યારે આ બાળકોને એકાદ કલાક સુધી તડકામાં ઊભા રાખવામાં આવ્યાં હતાં અને તેમનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. મળતી માહિતી અનુસાર અમુક વિદ્યાર્થીને ચક્કર આવ્યાં હતાં. સૂત્રોએ જણાવ્યું હતું કે તુંબ ગામની સ્કૂલના ધોરણ નવ અને ૧૦ના ૧૫૦થી વધુ વિદ્યાર્થી આવ્યા હતા. કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે ધારાસભ્ય રમણ પાટકર , જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ , સભ્યો , સરપંચો અને વન વિભાગના અધિકારીઓની હાજરીમાં કાર્યક્રમ યોજાયો હતો. તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે વિદ્યાર્થીઓ તબિયત બગડી હોવા છતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ સારવાર માટે ખસેડવાને બદલે કારમાં બેસાડી રાખવામાં આવ્યાં હતાં. કાર્યક્રમ પૂરો થયા બાદ તેમને ટેંપોમાં ભરી હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. દોશીએ આ ઘટનાની નિંદા કરી હતી. આ મામલે તંત્ર સાથે વાતચીત થઈ શકી ન હતી. ■

# સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે શિક્ષકો કરશે આંદોલન, ટીઈટીમાંથી મુક્તિની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુપ્રીમ કોર્ટે તમામ શિક્ષકો માટે ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (ટીઈટી) ફરજિયાત કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. આ નિર્ણયનો વિરોધ કરવાની જાહેરાત શિક્ષક સંઘ અને શૈક્ષિક સંઘ બન્નેનેએ કરી છે. આજથી ૨૦મી જૂન સુધી શિક્ષકો આ નિર્ણયનો વિરોધ કરવા આંદોલન પર ઊતરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું છે કે દરેક જિલ્લામાં ધરણા પ્રદર્શન અને આવેદનપત્ર આપવામાં આવશે. સુપ્રીમ કોર્ટે તમામ શિક્ષકો માટે ટીઈટી પરીક્ષા ફરજિયાત કરવાનો ચુકાદો આપ્યો છે, જ્યારે શિક્ષકોએ માગણી કરી હતી કે ૨૦૧૦ પહેલાના શિક્ષકોને આ નિયમમાંથી બાકાત રાખવામાં આવે. જ્યારે સુપ્રીમ કોર્ટે જેમની નોકરીને પાંચ વર્ષ કરતા વધુ સમય બાકી છે તે તમામ માટે પરીક્ષા ફરજિયાત કરવા જણાવ્યું છે. જેમણે પણ નોકરી ચાલુ રાખવી હોય કે પ્રમોશન જોઈતું હોય તે તમામ માટે આ નિયમ ફરજિયાત છે.

રાજ્યભરના ૩૩ જિલ્લાઓમાં આજથી (૧૭ જૂન)થી ૩ દિવસ(૨૦ જૂન) સુધી કલેક્ટર કચેરી ખાતે ધરણા પ્રદર્શન કરી વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય કરાયો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શિક્ષક મંડળ અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ આજે કલેક્ટર કચેરી ખાતે ધરણા પ્રદર્શન કરી આવેદનપત્ર આપશે અને ૨૦મી જૂને અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આવેદનપત્ર આપવામાં આવશે, તેમ જાણવા મળ્યું હતું.

સોમવારે ખેડૂતોએ ગાંધીનગર ખાતે ટ્રેક્ટર રેલી કાઢી પોતાની માગણી સંતોષવા માટે રજૂઆત કરી હતી. ત્યારે હવે શિક્ષકો પોતાની માગણી લઈને આંદોલન કરવા તૈયાર થઈ ગયા છે. ■

# ગૂડ જોબઃ ગુજરાત પોલીસે ૧૪ દિવસમાં ૮૪ બાળમજૂરને મુક્ત કરાવ્યાં, ૨૬ કેસ નોંધ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાળમજૂરી કાયદાની રીતે તો ગુનો છે જ, પરંતુ સાથે માનવતાની દૃષ્ટિએ પણ ખોટું કામ જ છે. ગુજરાત પોલીસે બાળમજૂરી કરતાં બાળકોને છોડાવ્યા છે અને તેમની પાસે આવા કામ કરાવતા સામે કાર્યવાહી કરી તેમને કાયદાનો પાઠ ભણાવવાનું શરૂ કર્યું છે. ઉદ્યોગો અને કારખાનાઓમાં બાળમજૂરો રાખી તેમનું શોષણ કરતા લોકો સામે ગુજરાત પોલીસે રાજ્યવ્યાપી ઓપરેશન ચાઇલ્ડહુડ ફ્રીડમ હાથ ધર્યુ છે. આ અભિયાનનાં પ્રથમ ૧૪ દિવસમાં જ સમગ્ર રાજ્યમાંથી ૮૪ બાળકમજૂરને મુક્ત કરવામાં આવ્યાં છે. તેમને મજૂરીએ રાખી ગુનો આચરતા લોકો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. કુલ ૨૬ આરોપી સામે ૧૬ કેસ કરવામાં આવ્યા છે.

આ અંગે રાજ્ય પોલીસ વડા (ડીજીપી) જી.એસ મલિકે જણાવ્યું કે, આ અભિયાન માત્ર રેડ પાડવા પૂરતું સીમિત નથી, પરંતુ મુક્ત કરવામાં આવેલા બાળકોનું પુનર્વસન કરવામાં આવી રહ્યું છે અને ભવિષ્યમાં તેમને નવી જિંદગી મળે તેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઓપરેશન ચાઇલ્ડહુડ ફ્રીડમ હેઠળ અત્યાર સુધી ૮૪ બાળમજૂરોને મુક્ત (રેસ્ક્યૂ) કરવામાં આવ્યા છે. ૧૬ ગુનાઓ દાખલ કરી ૨૬ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. સાથે જ ૬૭ બાળકોનું પુનર્વસન કરવામાં આવ્યું છે. રાજ્યભરમાં ૧૬૦ જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યા છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, આ અભિયાન હેઠળ બાળ મજુરો રાખનારા એકમો કે લોકોની સાથે સાથે બાળમજૂરી માટે જવાબદાર કોન્ટ્રાક્ટરો અને સપ્લાય ચેઇન નેટવર્કને તોડી પાડવા પર ધ્યાન આપવામાં આવશે.

આ અભિયાન હેઠળ ગુજરાત પોલીસ ૫૦,૦૦૦થી વધુ સ્થળોની તપાસ કરશે અને ૫,૦૦૦થી વધુ બાળમજૂરોને મુક્ત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. બાળ મજૂરો રાખતા વેપારીઓ અને ફેક્ટરી માલિકોને બાળમજૂરી કાયદા અને શિક્ષણના મહત્વ વિશે જાગૃત કરવા માટે વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, તેમ પણ રાજ્ય સરકારે જણાવ્યું હતું. ■

# જૂનાગઢના માંગરોળમાં બે આખલાની લડાઈમાં મહિલાનું કરુણ મોત

## ચાર લોકો ગંભીર રીતે ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં રખડતા ઢોરનો આતંક સ્થાનિક લોકો માટે જોખમી બની રહ્યો છે. માંગરોળના શેરીયાજબારા બંદર વિસ્તારમાં બે આખલાની લડાઈમાં એક નિર્દોષ મહિલાએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. જ્યારે એક બાળક સહિત ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ કરૂણ ઘટના બનતા જ સમગ્ર વિસ્તારમાં અરેરાટી અને દોડધામ મચી ગઈ હતી. તમામ ઘાયલોને તાત્કાલિક માંગરોળ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં માંગરોળ મરીન પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. જો કે આ ભયાનક ઘટનાએ સ્થાનિકોમાં ભયનો માહોલ ઉભો કર્યો છે. જ્યારે સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા સામે લોકોમાં પ્રચંડ રોષ જોવા મળી રહ્યો છે.

મળતી વિગત મુજબ, માંગરોળના શેરીયાજબારા બંદરે જ્યારે બે આખલા હિંસક બનીને એકબીજા સાથે લડી રહ્યા હતા, ત્યારે ત્યાંથી પસાર થતા સ્થાનિકો આ લડાઈની ઝપેટમાં આવી ગયા હતા. બેકાબૂ બનેલા આખલાઓએ ત્યાં હાજર ચારથી પાંચ લોકોને જોરદાર અડફેટે લેતા ભાગદોડ મચી ગઈ હતી. આ અકસ્માતમાં એક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ■

# કાળા ડુંગરનું 'ગીધ કેફેટેરિયા': લુપ્ત થતી પ્રજાતિ માટે સંજીવની સમાન સાબિત થતો અનોખો પ્રયોગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કુદરતના સફાઈ કામદાર ગણાતા અને લુપ્ત થવાના આરે પહોંચેલા ગીધોના સંવર્ધન માટે કચ્છના કાળા ડુંગરની તળેટીમાં શરૂ કરાયેલું 'ગીધ કેફેટેરિયા' આજે આશાનું કિરણ બન્યું છે. એક સમયે કચ્છના આકાશમાં વિપુલ સંખ્યામાં વિહાર કરતા સફેદ પીઠવાળા (વ્હાઇટ-બેક્ડ) અને દેશી ગીધોની વસ્તીમાં છેલ્લા બે દાયકામાં ૯૫ ટકાથી વધુનો ચિંતાજનક ઘટાડો નોંધાયો હતો. પશુઓની સારવારમાં વપરાતી પીડાનાશક દવા 'ડાયક્લોફેનાક' આ વિનાશનું મુખ્ય કારણ બની હતી, કારણ કે આ દવાયુક્ત મૃત પશુઓનું માંસ ખાવાથી ગીધોની કિડની ફેલ થતી હતી અને તેઓ સામૂહિક મૃત્યુનો ભોગ બનતા હતા.

આ ગંભીર પર્યાવરણીય સંકટને ખાળવા માટે ગુજરાત વન વિભાગ અને બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી દ્વારા સંયુક્ત રીતે કાળા ડુંગર નજીક એક વિશેષ દવા-મુક્ત 'ગીધ કેફેટેરિયા' કાર્યરત કરવામાં આવ્યું છે. આ પ્રકલ્પ અંતર્ગત સ્થાનિક પશુપાલકો પાસેથી કુદરતી મૃત્યુ પામેલા પશુઓના શવ એકત્ર કરવામાં આવે છે. કેફેટેરિયામાં ખોરાક પીરસતા પહેલાં પશુચિકિત્સકો દ્વારા પશુના શરીરની સઘન તપાસ કરવામાં આવે છે, જેથી સુનિશ્ચિત કરી શકાય કે તેમાં કોઈ પણ પ્રકારની ઝેરી દવાના અવશેષો નથી. આ કેફેટેરિયા પરિસરમાં માનવ અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ગીધો કુદરતી માહોલમાં આરામ કરી શકે તે માટે ઊંચા ગાંડા બાવળના વૃક્ષો પર ખાસ સુવિધાઓ ઊભી કરાઈ છે, તેમજ ૨૪ કલાક સીસીટીવી કેમેરા દ્વારા તેમની સંખ્યા અને વર્તણૂક પર દેખરેખ રાખવામાં આવે છે. આ અંગે વન વિભાગના એક પ્રવક્તાએ આ અભિયાનની સફળતા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગીધ કેફેટેરિયા એ ગીધો માટે સાચા અર્થમાં જીવનરેખા સાબિત થયું છે. શરૂઆતના તબક્કે બે વર્ષ પહેલાં અહીં અઠવાડિયામાં માંડ એક કે બે ગીધ આવતા હતા, જે સંખ્યા આજે વધીને નિયમિત ૨૫ થી ૩૦ ગીધોની થઈ ગઈ છે. સૌથી પ્રોત્સાહક બાબત એ છે કે ગત વર્ષે કેફેટેરિયા નજીકના વૃક્ષો પર સફેદ પીઠવાળા ગીધના બે બચ્ચાઓ સફળતાપૂર્વક ઉછર્યા છે. આ ઘટના સાબિત કરે છે કે જો સુરક્ષિત અને ઝેર-મુક્ત ખોરાક ઉપલબ્ધ કરાવવામાં આવે, તો આ પ્રજાતિ કુદરતી રીતે જ પુનઃ સંવર્ધન કરવા સક્ષમ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ પ્રકલ્પની વાસ્તવિક તાકાત સ્થાનિક પશુપાલકોનો અદ્ભુત સહયોગ છે. હવે ગ્રામજનો પણ જાગૃત બન્યા છે અને પશુનું કુદરતી તથા દવા-મુક્ત મૃત્યુ થાય ત્યારે વન વિભાગને તેની સ્વયંભૂ જાણ કરે છે. ■

# શિર્ડી સાઈબાબા ટ્રસ્ટની વાર્ષિક આવકમાં ઘટાડો

અહિલ્યાનગરઃ જિલ્લાના જગપ્રસિદ્ધ ધાર્મિક સ્થળ એવા શિર્ડી સાઈબાબા ટ્રસ્ટની વાર્ષિક આવકમાં ચાલુ વર્ષે ઘટાડો નોંધાયો છે. શિર્ડીમાં દર વર્ષે દેશના ખૂણે-ખૂણેથી લાખો શ્રદ્ધાળુઓ દર્શન માટે આવે છે અને મોટી માત્રામાં દાનપેટીમાં ગુપ્તદાન કરવામાં આવે છે. હવે, સંસ્થાનની ગત વર્ષની વાર્ષિક આવકનો હિસાબ સામે આવ્યો છે, જેમાં વર્ષ ૨૦૨૪-૨૫ની સરખામણીએ ચાલુ વર્ષે આવકમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે. જો કે, ગત નાણાકીય વર્ષમાં ૧૫ કરોડ રૂપિયાનું વધારાનું દાન પ્રાપ્ત થયું હોવાથી કુલ દાનમાં વધારો થયો હોવાની માહિતી સંસ્થાન દ્વારા આપવામાં આવી હતી. આ ઉપરાંત, ગત આર્થિક વર્ષમાં ફિક્સ ડિપોઝિટ પરના વ્યાજની આવકમાં આશરે ૧૪ કરોડ રૂપિયાનો મોટો વધારો થયો છે.

આર્થિક હિસાબના આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં સંસ્થાનની કુલ આવક ૬૪૮ કરોડ રૂપિયા હતી. જે વર્ષ ૨૦૨૫-૨૬માં ઘટીને ૬૩૮ કરોડ રૂપિયા પર આવી ગઈ છે. એટલે કે આવકમાં અંદાજે ૧૦ કરોડ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. પરંતુ, ભક્તો તરફથી વસ્તુ સ્વરૂપે ૧૫ કરોડ રૂપિયાનું વધારાનું દાન પણ મળ્યું હોવાની માહિતી સંસ્થાન દ્વારા આપવામાં આવી છે. આથી, જો વસ્તુ સ્વરૂપના દાનને પણ ધ્યાનમાં લેવામાં આવે, તો ગત વર્ષ કરતાં વધુ દાન મળ્યું હોવાનું સાઈબાબા સંસ્થાનના મુખ્ય કાર્યકારી અધિકારી ગોરક્ષ ગાડિલકરે જણાવ્યું હતું.

શિર્ડી સાઈબાબાના ચરણોમાં ભક્તો દ્વારા અર્પણ કરવામાં આવતી કિંમતી વસ્તુઓમાં, સોના અને ચાંદીના રૂપમાં દાનમાં નોંધપાત્ર વધારો થયો છે. વર્ષ ૨૦૨૪-૨૫ માં ૧૩ કરોડ ૯૫ લાખ રૂપિયાનું દાન મળ્યું હતું. આ વર્ષે તે વધીને ૧૯ કરોડ રૂપિયા થયું છે.

શિરડી સાઈબાબા સંસ્થાનની કુલ આવક -

૨૦૨૪-૨૦૨૫ માં ૬૪૮ કરોડ

૨૦૨૫-૨૦૨૬ માં ૬૩૮ કરોડ

સોના અને ચાંદીનું દાન

૨૦૨૪ - ૨૦૨૫માં ૧૩ કરોડ ૯૫ લાખ રૂપિયા

૨૦૨૫ - ૨૦૨૬ માં ૧૯ કરોડ (સોળ કિલો સોનું, ૧૯૭ કિલો ચાંદી)

આ ઉપરાંત, હૉસ્પિટલ અને અન્ય ઇમારતો માટે ૧૫ કરોડ રૂપિયાનું દાન આપવામાં આવ્યું છે.

સંસ્થાઓ પાસે કુલ થાપણો, કુલ સોનું અને ચાંદી

કુલ થાપણો - રૂ. ૩,૬૦૩ કરોડ

કુલ સોનું - ૫૫૦ કિલો

કુલ ચાંદી - ૭,૦૩૦ કિગ્રા.

# નાઈક વિરુદ્ધ મ્હાત્રે વિવાદ હવે ફડણવીસના દરબારમાં

મુંબઈઃ નવી મુંબઈના ભાજપ નેતા અને વનપ્રધાન ગણેશ નાઈક તેમજ બેલાપુરના ભાજપ ધારાસભ્ય મંદા મ્હાત્રે વચ્ચેનો રાજકીય વિવાદ ફરી એકવાર જાહેરમાં આવ્યો છે. એક નવી હૉસ્પિટલના ઉદ્ઘાટનની કાર્યક્રમ પત્રિકામાંથી મુખ્ય પ્રધાનનું નામ હટાવવા બાબતે આ વિવાદ વકર્યો હતો. બીજી તરફ, મ્હાત્રેએ નાઈકના કાર્યકરો પર ધક્કામુક્કી કરવાનો આરોપ લગાવીને નાઈક દ્વારા આપવામાં આવતા ત્રાસ અંગે સીધા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સમક્ષ ધા નાખી હતી.

આ વિવાદ નવી મુંબઈ મહાનગરપાલિકાની એક આરોગ્ય સુવિધાના ઉદ્ઘાટન કાર્યક્રમની આમંત્રણપત્રિકામાંથી ઉપમુખ્યપ્રધાન એકનાથ શિંદેનું નામ બાકાત રાખવાને કારણે શરૂ થયો હતો. મંદા મ્હાત્રેએ આની સામે સખત વાંધો ઉઠાવતા તેને શિંદે અને સ્થાનિક ધારાસભ્યોનું અપમાન ગણાવ્યું હતું. ગણેશ નાઈક વિરુદ્ધ મંદા મ્હાત્રે વચ્ચેના આ વિવાદમાં નવો વળાંક આવવાની શક્યતા છે. નવી મુંબઈમાં ભાજપનો આ આંતરિક વિવાદ હવે મુખ્ય પ્રધાનના દરબાર સુધી પહોંચી ગયો છે. મંગળવારે મંદા મ્હાત્રેએ ફડણવીસ સાથે મુલાકાત કરી પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે

તેમને જાણીજોઈને હેરાન કરવામાં આવી રહ્યા છે. સોમવારના કાર્યક્રમમાં નાઈકના કોર્પોરેટરોએ તેમની સાથે ધક્કામુક્કી કરી હતી, જેના કારણે તેમણે અધવચ્ચેથી નીકળી જવું પડ્યું હતું. પોતાના ભૂતકાળને યાદ કરતા મ્હાત્રેએ જણાવ્યું હતું કે, મેં ભૂતકાળમાં શરદ પવાર કે અજિત દાદા પ્રત્યેની નારાજગીના કારણે નહીં, પરંતુ ગણેશ નાઈકના આ જ ત્રાસ અને અન્યાયથી કંટાળીને ૧૭ વર્ષ સુધી વફાદારીથી કામ કર્યા બાદ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી છોડી દીધી હતી.

મ્હાત્રેએ નાઈક પર સીધો પ્રહાર કરતા જણાવ્યું કે, તેઓ કહી રહ્યા હતા કે હું ભીખ નથી માંગતો. પણ આખો મહારાષ્ટ્ર જાણે છે કે તેમણે ક્યાંથી ભલામણ લગાવીને પ્રધાનપદ મેળવ્યું છે! જો તેઓ ભાજપમાં ન આવ્યા હોત, તો ધારાસભ્ય કે પ્રધાન પણ બની શક્યા ન હોત. હું તેમના કરતાં ઘણી વરિષ્ઠ અને પહેલાંથી ભાજપમાં છું. મ્હાત્રેએ વધુમાં ઉમેર્યું કે, ૨૨૧૪માં તેઓ દેવેન્દ્ર ફડણવીસના આશરા હેઠળ ભાજપમાં આવ્યા હતા, પરંતુ દુર્ભાગ્યે નાઈક પણ પાછળ-પાછળ ભાજપમાં આવી ગયા અને અહીં પણ એ જ જૂનો ત્રાસ અને ધક્કામુક્કીનું રાજકારણ શરૂ કરી દીધું.

## પાયદસ્ત

થ્રીતી સાઇરસ બલસારા તે સાઇરસના ધનીયાની. તે મરહુમ પેરીન બેહરામ ભાભાના દીકરી. તો પરલ ને કૈયવાનના માતાજી. તે જમશેદ ને માહારુખના સાસુજી. તે પરવીઝના બહેન. તે શાહેયાન ને સનાયાના મમઇજી. (ઉં.વ. ૮૦) રે. ઠે. ૪૨૩-૪૨૪, સમુદ્ર મહલ, ડો. એ. બી. રોડ, એન. એસ. સી. ઇ. ની સામે, વરલી, મુંબઇ-૪૦૦૦૧૮. પાયદસ્ત : તા. ૧૭-૬-૨૬ને દીને સવારે ૭.૪૫ વાગે, ઓલબલેસ અગિયારીમાં છેજી. ઉઠમણાંની ક્રિયા તા. ૧૭-૬-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે, અસલાજી અગિયારીમાં છેજી.

## પારસી મરણ

નાજુ બરજોર કાપડીયા તે મરહુમ બરજોરના ધનીયાની. તે મરહુમો આઇમાય, મીનોચેહર મીનોચેહર હોમજીના દીકરી. તે એરવદ કુરુષ ને એરવદ કયોમર્ઝના માતાજી. તે દીનાઝના સાસુજી. તે ફાનક, પીનાફીન ને એ ફરદાદના બપઇજી. તે પેરીન તથા મરહુમો એ. હોમી, સીલ્લુ બલસારા ને પરવેઝના બહેન. તે દીન્યાર તથા મરહુમ એ. પોરૂષના ફૂઇજી. તે યઝદી, આદીલ તથા બહેરામના માસી. (ઉં. વ. ૯૬) રે. ઠે. હીરા કોલેજ, ૧લે માળે, ૬૮ આર.આર રોય રોડ, પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૭-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે હોડીવાલા બંગલીમાં છેજી.

જાલ હોરમસજી હનસોતીયા તે મરહુમ હોમાયના ધની. તે મરહુમો મેહેરબાઇ હોરમઝજી હનસોતીયાના દીકરા. તે બોમી, લીલી તથા મરહુમો દારા, દીનશા ને નરગેસના ભાઇ. તે જેસમીન, કૈઝાદ, જેરસતીન, આરમીન ને વીરાફના કાકા. તે અરસીસ, નીના ને પરવાનાના મામા. તે મરહુમો તેહમીના ડોસાભાઇ હનસોતીયાના જમાઇ. (ઉં. વ. ૯૭) રે. ઠે. ૬૨, ડેલ્ટા એપાર્ટમેન્ટ, ૬થે માળે, ૩૦૫, એમ. એમ. છોટાની રોડ, માહીમ-મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૭-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારી કોલાબામાં છે.

## જૈન મરણ

ખંભાત નિવાસી, હાલ ઘાટકોપર, સ્વ. કુસુમબેન રસિકલાલ શ્રોફના સુપુત્ર હેમંતભાઈ શ્રોફ (ઉં. વ.૭૨) સોમવાર, ૧૫ જૂન ૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે શ્રુતિબેનના પતિ, બિનલના પિતા, હેતલકુમારના સસરા. જીયાના નાના. સ્વ. પદમાબેન ચિનુભાઈ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડી મહાદેવપુરી ના ખુશાલચંદ ગોવિંદજી નાગડા (ઉં. વ. ૭૯) તા ૧૫.૦૬.૨૬ના અવસાન પામેલ છે. સ્વ લક્ષ્મીબેન ગોવિંદજી રતનશીના સુપુત્ર. સ્વ હેમલતા/દમયંતીના પતિ. હેતલ જીંગલ ખુશ્બુના પિતા. મહેન્દ્ર, અમૃત, સ્વ મધુ, ભારતીના ભાઈ. શેરડીના લક્ષ્મીબેન ધનજી વેરશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિઃ દમયંતી ખુશાલચંદ નાગડા એમ ૪૦૧, નવનીત નગર, ડોમ્બિવલિ ઇસ્ટ.

પુનડીના હાલે ભુજ માતુશ્રી સાકરબેન ઠાકરશી સંગોઈ (શાહ) (ઉં. વ. ૯૧) તા. ૧૨.૬.૨૬ના અમદાવાદ મધ્યે અવસાન પામ્યા છે. ઠાકરશી રણશીના ધર્મપત્ની. કુંવરબાઈ રણશી જેઠાના પુત્રવધુ. જીતેન્દ્રના માતુશ્રી. પુનડીના ભાણબાઈ જેઠાલાલ હંસરાજ મામણીયાના સુપુત્રી. વલ્લભજી દેવજીના બેન. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦.

કોટડી મહાદેવપુરીના નવીન વીરજી દેઢીયા (ઉં. વ. ૭૫) તા. ૧૫/૦૬ના અવસાન પામેલ છે. માતુશ્રી લક્ષ્મીબેન વીરજીના પુત્ર. સ્વ. મીતાના પતિ. સંતોષ, જીજ્ઞા, અશ્વિનના પિતાશ્રી. જેઠાલાલ, કાન્તી મનીષ, પુષ્પા, મંજુલા, પદમણી, પ્રેમીલા, કલ્પનાના ભાઇ. શેરડી આસબાઇ નાનજી મારૂના જમાઇ. પ્રાર્થના : સુવિધીનાથ દેરાસર, માનપાડા રોડ, ડોમ્બીવલી (ઇ) સમય : ૪ થી ૫.૩૦.

બાડાના વિસનજી ગાંગજી વિસરીયા (ઉં. વ. ૭૪) તા. ૭/૦૬/૨૬ના અવસાન પામેલ છે. વિજપાર મોના વિસરીયાના પૌત્ર. દેમીબાઈ ગાંગજી વિસરીયાના પુત્ર. દેવચંદ, પુનશી, ટેકચંદ, વિનોદ, ગીરીશના ભાઇ. ઊમરબાઈ મેઘજી લધાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિસનજી વિસરીયા, મૈત્રી ધામ, ગામ - બાડા, તાલુકો માંડવી, કચ્છ, ગુજરાત.

નાની ખાખરના રૂક્ષ્મણીબેન લક્ષ્મીચંદ છેડા (ઉં. વ. ૮૧) તા.૧૪-૬-૨૬ના સમાધિપૂર્વક સંથારો સીઝેલ છે. હીરબાઈ શામજી પાસુના પુત્રવધૂ. રામાણીયાના મોંઘીબેન સોજપાર આસારીયાના સુપુત્રી. લક્ષ્મીચંદના પત્ની. મહેશ, દીના, નીલમ, જયશ્રીના માતુશ્રી. રામાણીયાના વશનજી, કલ્યાણજી, નવીનના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિવાસ : મહેશ લક્ષ્મીચંદ છેડા. ૩૦૫, જ્યુપીટર - એ, જય માતાદી કોમ્પલેક્ષ કાલ્હેર, ભીવંડી, ૪૨૧૩૦૨.

ગુંદાલાના ટોકરશી દેવજી રાંભિઆ (ઉં. વ. ૯૧) તા. ૧૫/૬ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી રતનબાઇ દેવજી ભારમલના પુત્ર. સ્વ. મંજુલા (મણીબેન)ના પતિ. ધીરેન, રશ્મિ, ભારતી, અતુલના પિતા. વેરશી, મોરારજી, લખમશી, પ્રાગપુર મોંઘીબેન વેલજી, લુણી મણિબેન વેરશી, વડાલા સાકરબેન પ્રેમજી, ઉમરબાઇ વાલજીના ભાઇ. બારોઇ લક્ષ્મીબેન રામજી કેશવજીના જમાઇ. પ્રાર્થના : યોગી સભાગૃહ, દાદર (ઇ). ટા. ૩.૦૦ થી ૪.૩૦ નિ. ટોકરશી દેવજી, ૫૧, સંત નામદેવ કૃપા, ગાંવદેવી, મું. ૭.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી સ્વ. રજનીકાંત રતીલાલ શાહ (ગોળવાળા)ના ધર્મપત્ની મીનાબહેન રજનીકાંત શાહ (ઉં. વ. ૭૧) તા. ૧૫-૬-૨૬ સોમવારના સ્વર્ગવાસ પામેલ છે. તે દેવાંગ, નિરવ, ફાલ્ગુનીબેન, હેતલબેનના માતુશ્રી. હિરલબેન, પારુલબેન, કલ્પેશકુમાર, રાકેશકુમારના સાસુ. જૈનમ, સાક્ષી, આર્યનના બા. તે સ્વ. ભાનુમતિબેન, સ્વ. રસિલાબેનના ભાભી. પિયર પક્ષે સ્વ. જયંતીલાલ દેવચંદભાઇ કામદાર(વરતેજવાળા)ની દીકરી. તેમની સાદડી શનિવાર, ૨૦-૬-૨૬ના રોજ ટા. ૪થી ૬. ઠે. નીરવ રજનીકાંત શાહ, ધન મહલ સોસાયટી, ૧૦૨, ૧લે માળે, ઓપો. એન.એલ. કોલેજ, એસ. વી. રોડ મલાડ (વેસ્ટ), ચક્ષુદાન કરેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

મોટી પાનેલી નિવાસી હાલ થાણા સ્વ. સમરતબેન લવચંદ વોરાના સુપુત્ર સ્વ. વિનોદરાય (ઉં. વ. ૮૦) તા. ૧૫ જૂન સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રવીણાબેનના પતિ. ભાવિકાબેન સંજયકુમાર મહેતા, યોગીતાબેન મનીષકુમાર સંઘવી, યોગેશના પિતા. અ. સૌ, બિંદલના સસરા. સ્વ. હંસાબેન, સ્વ. લલિતભાઇ, વિજયાબેન, જીગ્નાબેન, રસિકભાઇ, પ્રફુલાબેનના મોટાભાઇ, શ્વસુર પક્ષે સ્વ. ચુનીલાલ જીવાભાઇ શેઠ જૂનાગઢ (લેરિયા)ના જમાઇ. પિતૃવંદના તા. ૧૮ જૂન ગુરુવારના સવારના ૧૦થી ૧૨. ઠે. મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસર, ૪થે માળે, ટેમ્બી નાકા, થાણા (વેસ્ટ).

## હિન્દુ મરણ

**અમદાવાદી ઔદિચ્ય બ્રાહ્મણ**

મૂળ ગામ સુરત હાલ મુંબઈ, શોભના ત્રિવેદી (ઉં. વ. ૮૭) સ્વ. નવીન રાજેન્દ્રલાલ ત્રિવેદીના ધર્મપત્ની. પરંજય તથા રાજીવના માતુશ્રી. યામિની તથા મિનળના સાસુ. દેવાંશી તથા અખિલના દાદી. પ્રિયંકાના દાદીસાસુ. ૧૫/૬/૨૬ના દેવલોક પામેલ છે. બેસણું તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોઢ વણિક**

બાકરોલ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. રમણલાલ શંકરલાલ શાહના ધર્મપત્ની ચંદ્રકાંતાબેન (ઉં. વ. ૯૫) ૧૦/૬/૨૬ના રોજ વૈકુંઠધામ પામેલ છે. તે દિનાંક્ષી, ગીતા તથા ભદ્રેશના માતુશ્રી. અમદાવાદ નિવાસી સ્વ. રમણલાલ શાહના દીકરી. અનુશ્રી તથા યશશ્રીના દાદી. અતુલભાઈ, ચંદ્રહાસ તથા છાયાના સાસુ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

કચ્છ માંડવી નિવાસી હાલ મુંબઈ, ગં.સ્વ. માધુરીબેન વિજયસિંહ લાયજાવાલા (ઉં. વ. ૯૧) ૧૪/૬/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. વિજયસિંહ ભીમજીભાઈ લાયજાવાલાના ધર્મપત્ની. તુષારભાઈ, જતીનના માતુશ્રી. જશમીના તથા વૈશાલીના સાસુ. ભાવિ, વૈભવ, યશના દાદી. પિયરપક્ષે સ્વ. કૃષ્ણાબેન હરજીવન મટાનીના દીકરી. પ્રાર્થનાસભા ૧૭/૬/૨૬ના રોજ ૫.૩૦ થી ૭.૦૦. હોલ ઓફ હાર્મની નહેરુ સેન્ટર, ડો. એની બેસન્ટ રોડ, વર્લી. લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામ મોજીદડ હાલ મુંબઈ, ગં. સ્વ. પાલુબેન શંકર સોલંકી (ઉં. વ. ૭૬) તા. ૮/૦૬/૨૬ના રોજ રામચરણ પામ્યા છે. તે સ્વ. શંકર લઘર સોલંકીના પત્ની. સ્વ. ઉજીબેન અને સ્વ. આલા હીરા પારઘીના પુત્રી. લલિતાબેન, નરેશભાઈ અને ઉષાબેનના માતા. વર્ષા નરેશ સોલંકીના સાસુ. હિતેન ઈમિષાના નાની. સિમરન, નિશિતા, યેશા અને પ્રથમેશના દાદી. તેમના બારમાની વિધિ તા. ૧૮/૬/૨૬ના રોજ ગુરુવારે સાંજે ૫:૦૦ કલાકે. સુવર્ણ ક્રિડા મંડળ હૉલ, પ્રતીક્ષાનગર, સાયન રાખવામાં આવેલ છે.

**મેઘવાલ**

ગામ ગારિયાધાર, જિ. ભાવનગર, હાલ મુંબઈ, સ્વ. મીઠીબેન તથા સ્વ. નાજાભાઈ જેઠાભાઈ અણજારાના પુત્ર દિનેશ નાજાભાઈ અણજારા (ઉં. વ. ૪૫) શનિવાર તા.૧૩ જૂન, ૨૦૨૬ રોજના રામશરણ પામ્યા છે. તે ગં.સ્વ. શાંતાબેન તથા સ્વ. મુકેશ કેશવલાલ કલીવડાના જમાઈ. લક્ષ્મીબેનના પતિ. કુમાર સુમુખના પિતાશ્રી. સ્વ. મીનાબેનના ભાઈ. લકુમ પરિવારના ભાણેજ. બારમાની વિધિ ગુરુવાર તા. ૧૮ જૂન, ૨૦૨૬ના સાંજે ૫:૦૦ ન. સરનામુઃ વન ઇન્ડિયા ટાવર, બી/૨૧૦૩, શીવદાસ ચાપશી માર્ગ વલપખાડી, નૂરબાગ, મું.૯.

**હાલાર દશા શ્રીમાળી જ્ઞાતિ**

ધ્રોલ નિવાસી હાલ મુલુંડ (ચેકનાકા) સ્વ. ચંપકલાલ હેમંતલાલ મહેતાના સુપુત્ર અભયભાઇ (ઉં. વ. ૬૪) શનિવાર, તા. ૧૩-૬-૨૬ના અવસાન પામેલ છે. તે સ્વ. જયશ્રીબેનના પતિ. લક્ષિતના પિતા. વર્ષાબેન નગીનભાઇ સંઘવી, હિના ચંદ્રકાન્ત મહેતા, બિના હર્ષદભાઇ ભટ્ટના ભાઇ. સ્વ. રમણીકલાલ, સ્વ. કિશોરભાઇના ભત્રીજા. સ્વ. વલ્લભભાઇ નાનાભાઇ પટેલના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ગુર્જર સમાજ જ્ઞાતિ**

મોટા બાંધરા કચ્છ નિવાસી હાલ મીરા રોડ, સ્વ. અમૃતબેન ખીમજી સિતાપરાના પુત્ર નવીનભાઇ ખીમજી તે સિતાપરા (ઉં. વ. ૭૫) સરલાબેનના પતિ. પ્રજ્ઞેશ-હેમલ તથા મેહુલ-નિરાલીના પિતાશ્રી. સ્વ. મહેશભાઇ-કલાવંતીબેન તથા ઉમેશભાઇ-તરુણાબેનના ભાઇ. સ્વ. મુક્તાબેન જેરામભાઇ દહિસરિયાના જમાઇ. સ્વ. કનકરાયભાઇ, મનોજભાઇ, કલાવંતીબેન, સ્વ. દિનાબેન તથા ગીતાબેનના બનેવી. તા. ૧૪-૬-૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૬-૨૬ ગુરુવારના સાંજે ૪થી ૫.૩૦. ઠે. શાશ્વત કલબ હાઉસ, ફર્સ્ટ ફ્લોર, શ્રી શાશ્વત કોમ્પ્લેક્સ, પ્લેઝન્ટ પાર્ક નજીક, મીરા ભાયંદર રોડ, મીરા રોડ (પૂર્વ).

**કપોળ**

ભાવનગરવાળા હાલ કાંદિવલી પ્રફુલભાઇ ભૂપતરાય છોટાલાલ મહેતાના પત્ની ભારતીબેન (ઉં વ. ૭૨) તે વિશાલ (વસુધા) મેઘના (રાજેશકુમાર), વિધી (નિલેશકુમાર), પ્રિયાંક (પૂજા) અને જૈનિશાના માતુશ્રી. તે સ્વ. નિર્મળાબેન નાગરદાસ પારેખ, સ્વ. હર્ષાબેન જયંતીલાલ પારેખ, ગં. સ્વ. નિલાબેન પ્રમોદરાય અને હરેશભાઇ (ફાલ્ગુનીબેન)ના ભાભી. તે ભાવનગરવાળા સ્વ. પ્રભુદાસ ખુશાલદાસ મહેતાના દીકરી. માનવ, કિયારા, પાર્થવી, કેવલ અને હર્ષિલના દાદી-નાની. સ્વ. દમયંતીબેન પ્રતાપરાય, સ્વ. ચંપકભાઇ, ગં. સ્વ. વસંતબેન ચંદ્રકાન્ત અને નિતીનભાઇના બહેન. તા. ૧૪-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૬-૨૬ ગુરુવારે સાંજે ૫થી ૭. ઠે. હાલાઇ લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્સ્ટન્શન રોડ, અતુલ ટાવરની પાસે, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

જામરાવલ (પોરબંદર) વાળા હાલ બોરીવલી વિરલ રાયઠઠ્ઠા (ઉં. વ. ૩૪) તે સંગીતાબેન તથા રાજેશ શાંતિલાલ રાયઠઠ્ઠાના સુપુત્ર. ધનલક્ષ્મીબેન તથા સ્વ. શાંતિલાલ ગોરધનદાસ રાયઠઠ્ઠના પૌત્ર. સ્વ. જયોતિબેન તથા સ્વ. શાંતિલાલ દુર્લભજી સાદરાણીના દોહિત્ર. પલ્લવી કિશોર વેદ, ભાવના હેમંત પંચાલ તથા કુ. ડિમ્પલ રાયઠઠ્ઠાના ભત્રીજા તા.૧૪-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

શિહોર નિવાસી હાલ પાર્લા (વે) સ્વ. મહેન્દ્ર કરસનદાસ મહેતાના ધર્મપત્ની હાર્દિકાબેન (ઉં.વ.૭૮) તા. ૧૫-૬-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રમાબેન રમણલાલ સંઘવી, સ્વ. મધુસુદન પ્રિયંવદા, સ્વ. સુરેશચંદ્ર, મૃદુલા, સ્વ. જયંત-નયના તથા સ્વ. સતીશના ભાભી. સ્વ. લક્ષ્મીબાઇ ચતુર્ભુજ જેસરાનીના સુપુત્રી. સ્વ. વિજયસિંહ, સ્વ. શશીકાંત જેસરાની, સ્વ. લીલાવતી, સ્વ. સરસ્વતી, સ્વ. જયા, સ્વ. હસુમતી, ગં. સ્વ. મીના તથા ઉષાનાં બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટીયા**

ગં. સ્વ. રાધાબેન રમણીકલાલ નેગાંધી, (ઉં. વ. ૯૩) તે રમણીકલાલ નેગાંધીના પત્ની. દ્વારકાદાસ અને સામકુરબેન વેદની પુત્રી. મનસુખલાલ, મુલરાજ અને શકુંતલાના બહેન. રશ્મિ, પંકજ, કલ્પના અને કિશોરના માતા. નીતાના સાસુ તા. ૧૪-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૬-૨૬ના માધવબાગ મંદિર હોલ, સી. પી. ટેન્ક ખાતે સાંજે ૫થી ૭.

# અનિલ દેશમુખે તેમના વિરુદ્ધના આરોપોનો તપાસ અહેવાલ જાહેર કરવાની માગ કરી

મુંબઈ : એનસીપી (એસપી) ના નેતા અનિલ દેશમુખે મંગળવારે મહારાષ્ટ્રના રાજ્યપાલને વિનંતી કરી કે તેઓ રાજ્ય સરકારને મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહ દ્વારા તેમના પર લગાવવામાં આવેલા આરોપોની તપાસ કરનારા ચાંદીવાલ કમિશનના અંતિમ અહેવાલને જાહેર કરવા નિર્દેશ આપે.

રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માને લખેલા પત્રમાં, રાજ્યના ભૂતપૂર્વ ગૃહપ્રધાન, દેશમુખે જણાવ્યું હતું કે સરકારે રિપોર્ટ પ્રાપ્ત થયાના ચાર વર્ષ પછી પણ તેને જાહેર કર્યો નથી. રાજ્ય સરકારે ''૧૦૦ કરોડ રૂપિયાના ખંડણી કેસ'' સંબંધિત આરોપોની તપાસ માટે નિવૃત્ત બોમ્બે હાઈ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ કે યુ ચાંદીવાલના નેતૃત્વ હેઠળના કમિશનની નિમણૂક કરી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

માર્ચ ૨૦૨૧ માં તત્કાલીન મુખ્યપ્રધાનને લખેલા પત્રમાં, પરમ બીર સિંહે આરોપ લગાવ્યો હતો કે દેશમુખે પોલીસ અધિકારીઓ માટે માસિક 'કલેક્શન' રૂ. ૧૦૦ કરોડનો લક્ષ્યાંક રાખ્યો હતો. બોમ્બે હાઈ કોર્ટે પ્રારંભિક સીબીઆઈ તપાસનો આદેશ આપ્યા બાદ દેશમુખે રાજીનામું આપ્યું હતું.

દેશમુખે રાજ્યપાલને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, કમિશને ૨૬ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ તેનો ૧૪૦૦ પાનાનો અંતિમ અહેવાલ સુપરત કર્યો હતો.

તેમણે અહેવાલ પ્રકાશિત કરવા માટે મુખ્ય પ્રધાનને ૧૧ પત્રો લખ્યા હતા અને સંબંધિત વિભાગોના મુખ્ય સચિવ અને સચિવોને પણ પત્રો લખ્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું. એનસીપી (એસપી) નેતાએ ઉમેર્યું હતું કે, કમિશનનાં તારણો, અવલોકનો અને ભલામણો તેમની સામેના આરોપો સાથે સીધા સંબંધિત હતા અને તેમના જાહેર અને વ્યક્તિગત અધિકારોને લગતા હતા.

# કલ્યાણમાં ઝઘડો થયા બાદ પત્નીની હત્યાઃ પતિની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં ઝઘડો થયા બાદ પત્નીની હત્યા કરવા બદલ પતિની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આરોપીની ઓળખ મુબિન નિયામદ ખાન (૩૯) તરીકે થઇ હોઇ તે કલ્યાણમાં હાજીમલંગ રોડ વિસ્તારનો રહેવાસી છે.

કોલસેવાડી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે મુબિન ખાન અને તેની પત્ની આયેશાબાનો વચ્ચે વિવિધ બાબતોને લઇ વારંવાર ઝઘડા થતા હતા. ૧૦ જૂને પણ દંપતી વચ્ચે ફરી ઝઘડો થયો હતો. આથી ઉશ્કેરાયેલા મુબિન ખાને તેની પત્નીના પેટમાં લાત મારી હતી. આયેશાબાનોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી.

દરમિયાન પોલીસે શરૂઆતમાં આકસ્મિત મૃત્યુની નોંધ કરીને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.

પોસ્ટમોર્ટમનો અહેવાલ આવ્યા બાદ અને મૃતકના ભાઇની સોમવારે ફરિયાદ મળ્યા બાદ પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ (૧) (હત્યા) હેઠળ ગુનો દાખલ કર્યો હતો અને તેની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ)

# સીજેપી ચૂંટણી નહીં લડેઃ અભિજિત દીપકે

નાગપુરઃ કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) ના સ્થાપક અભિજીત દીપકેએ મંગળવારે સંકેત આપ્યો હતો કે તેમની પાર્ટી ચૂંટણી લડવા માટે ઉત્સુક નથી અને નિટ-યુજી ના નિષ્ફળતા બાદ દેશના વિદ્યાર્થીઓ સુધી ન પહોંચવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પણ ટીકા કરી હતી.

શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે યોજાનાર વિરોધ પ્રદર્શન પહેલાં દીપકે ચૂંટણી લડવા અંગે કહ્યું, ''અમે શા માટે ચૂંટણી લડીએ? જો દેશમાં દરેક વ્યક્તિએ પોતાના અધિકારો માગવા માટે ચૂંટણી લડવી પડે, તો કામ કેવી રીતે ચાલશે?''

વડા પ્રધાને દેશના યુવાનોને સંબોધિત કરવા જોઈએ અને પેપર લીક ફરી નહીં થાય તેવી ખાતરી આપવી જોઈએ કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં દીપકેએ જણાવ્યું હતું કે, મોદીએ પહેલા તો ત્રણ મેના રોજ યોજાનારી નીટ-યુજી રદ થયા બાદ આત્મહત્યા કરનારા પાંચ કે છ વિદ્યાર્થીઓનાં માતા-પિતાની માફી માગવી જોઈએ. દુનિયામાં ક્યાંય પણ કંઈ થાય તો વડા પ્રધાન ટ્વિટ કરે છે, પરંતુ અહીં આ દેશના વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી રહ્યા છે અને વડા પ્રધાન તરફથી તેમના માટે એક શોક ટ્વિટ પણ નથી. તમે ક્યાં સુધી તમારી 'મન કી બાત' અને 'પરીક્ષા પે ચર્ચા' કરશો? ક્યારેક તો વિદ્યાર્થીઓની 'મન કી બાત' સાંભળો. જો વડા પ્રધાન વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે, તો જ તેઓ તેમની સમસ્યાઓ સમજી શકશે અને તેનો ઉકેલ શોધી શકશે.

પાંચમા પાનાનું ચાલુ

## હવે કુટુંબ વિભાજનના

વિસ્તારો માટે નીચેના નવા શુલ્ક નક્કી કર્યા છેઃ

કુટુંબ વિભાગણી સર્વેક્ષણઃ કોર્ટ ફાળવણી અથવા પરસ્પર સંમતિથી કરવામાં આવતી કૌટુંબિક જમીનના સર્વેક્ષણ માટે પ્રતિ પેટા કલમ માત્ર ૨૦૦ રૂપિયા ફી લેવામાં આવશે.

ગ્રામીણ વિસ્તાર સર્વેક્ષણ દરઃ ૨ હેક્ટર સુધીની જમીન માટે નિયમિત સર્વેક્ષણ ફી ૨,૦૦૦ રૂપિયા હશે, જ્યારે ફાસ્ટ ટ્રેક સર્વેક્ષણ માટે ફી ૮,૦૦૦ રૂપિયા હશે, જે ૩૦ દિવસની અંદર કરી શકાય છે.

શહેરી વિસ્તાર સર્વેક્ષણ દરઃ ૧ હેક્ટર સુધીની જમીન માટે નિયમિત સર્વેક્ષણ ફી ૩,૦૦૦ રૂપિયા છે, જ્યારે ફાસ્ટ સર્વેક્ષણ માટે ફી ૧૨,૦૦૦ રૂપિયા છે.

ગુંઠેવારી સર્વેક્ષણઃ મહારાષ્ટ્ર ગુંઠેવારી વિકાસ અધિનિયમ હેઠળ પ્લોટના સર્વેક્ષણ માટે, નિયમિત દર કરતાં દોઢ ગણી ફી લેવામાં આવશે.

જમીન સર્વેક્ષણ દંડ નિયમોઃ સર્વેક્ષણના દિવસે ગેરહાજર રહે તો શું?

નવા નિયમોમાં અરજદાર અને સર્વેક્ષણ અધિકારી બંનેની જવાબદારી અંગે સ્પષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે.

અરજદાર ગેરહાજર રહે તો દંડઃ જો અરજદાર પોતે નિર્ધારિત સર્વેક્ષણના દિવસે ક્ષેત્રમાંથી ગેરહાજર રહે, તો તેણે મૂળ ફીના ૫૦ ટકા અથવા મહત્તમ રૂ. ૧૦,૦૦૦ 'ફરી મુલાકાત ફી' તરીકે દંડ ચૂકવવો પડશે.

જો સર્વેક્ષણકર્તા (અધિકારી) ગેરહાજર રહે તો રાહતઃ જો સંબંધિત સરકારી સર્વેક્ષણકર્તા અથવા અધિકારી નિર્ધારિત તારીખે ગેરહાજર રહે, તો અરજદારે કોઈ વધારાની પુનઃ મુલાકાત ફી ચૂકવવાની રહેશે નહીં.

વધુ સર્વેક્ષણ ફીઃ જો જુનિયર સર્વેક્ષણકર્તા દ્વારા કરવામાં આવેલા માપન સામે કોઈ વાંધો હોય, તો વરિષ્ઠ અધિકારીઓ દ્વારા પુનઃ ચકાસણી માટે મૂળ ફીના ૩ થી ૫ ગણી ફી ચૂકવવી પડશે. જમીન સર્વેક્ષણ સરકારી મુક્તિઓઃ સરકારી અને અર્ધ-સરકારી સંસ્થાઓ માટે મુક્તિઓ.

આ નવી નીતિમાં વિવિધ સંસ્થાઓને સર્વેક્ષણ દરમાં ખાસ છૂટ આપવામાં આવી છે. અર્ધ-સરકારી સંસ્થાઓને સર્વે દરમાં ૫૦ ટકા મુક્તિ આપવામાં આવશે, જ્યારે સંપૂર્ણપણે સરકારી માલિકીની જમીનોના સર્વેક્ષણ માટે ૭૫ ટકા મુક્તિ લાગુ પડશે. મહેસૂલ મંત્રી ચંદ્રશેખર બાવનકુળેએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ ઐતિહાસિક નિર્ણયથી મહેસૂલ વિભાગના વહીવટમાં પારદર્શિતા આવશે.

## મહારાષ્ટ્રમાં સામાન્ય

કેટલાક ભાગોમાં વરસાદ છૂટાછવાયો રહેવાની ધારણા છે, જ્યારે વિદર્ભ અને મરાઠવાડામાં ૧૮ જૂનથી વરસાદની પ્રવૃત્તિમાં સુધારો થવાની શક્યતા છે. આગામી થોડા દિવસોમાં વિદર્ભના કેટલાક ભાગોમાં ગરમીનું મોજું યથાવત રહેવાની પણ ધારણા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે કેબિનેટે ચોમાસામાં વિલંબ અને ઘટતા પાણીના સ્ટોક અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઓગસ્ટ ૨૦૨૭ સુધી પીવાના પાણીના વ્યવસ્થાપન માટે એક કાર્ય યોજના તૈયાર કરવા વહીવટીતંત્રને જણાવ્યું છે. (પીટીઆઈ)

## કેન્દ્ર સરકાર

માનવશક્તિ જ નહીં પરંતુ તકનીકી શક્તિ પણ હોવી એટલી જ મહત્વપૂર્ણ છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી વહીવટી વર્તુળ વિશ્વાસ વ્યક્ત કરી રહ્યું છે કે મહારાષ્ટ્ર પોલીસ દળ દેશના સૌથી સજ્જ, કાર્યક્ષમ અને ઉચ્ચ-ટેક દળોમાંનું એક બનશે.

**સાયબર સુરક્ષા અને AI**

આ ભંડોળનો ઉપયોગ સાયબર ગુના અને ઓનલાઈન છેતરપિંડી અટકાવવા અને સાયબર સેલને સશક્ત બનાવવા માટે અદ્યતન કૃત્રિમ બુદ્ધિ (અઈ) ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે કરવામાં આવશે.

**દરિયાઈ સુરક્ષા**

આ ભંડોળનો ઉપયોગ રાજ્યના વિશાળ દરિયાકાંઠાના રક્ષણ માટે આધુનિક પ્રણાલીઓ અને સંસાધનો બનાવવા માટે કરવામાં આવશે.

**આધુનિક શસ્ત્રો અને વાહનો**

આ ભંડોળનો ઉપયોગ પોલીસ દળને ઘટનાસ્થળે પહોંચવા માટે આધુનિક શસ્ત્રો અને નવાં ઝડપી વાહનો પૂરાં પાડવા માટે કરવામાં આવશે

**નાગરીક સુરક્ષા**

આ ભંડોળનો ઉપયોગ મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા માટે ખાસ તકનીકી પગલાં લેવા માટે કરવામાં આવશે.

## મુંબઈ મેટ્રો

પૂરી પાડવા ઉપરાંત, મેટ્રો સ્ટેશનો આર્થિક પ્રવૃત્તિનાં કેન્દ્રો તરીકે પણ કાર્ય કરી શકે છે. ''મેટ્રો સ્ટેશનો પર વ્યાપારી પહેલ ગ્રામીણ ઉત્પાદનોને સીધા શહેરી ગ્રાહકો સુધી પહોંચવાની તક આપે છે. કોલ્હાપુર અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં ખેડૂતો દ્વારા ઉત્પાદિત ગુણવત્તાયુક્ત ડેરી ઉત્પાદનો હવે આ આઉટલેટ દ્વારા મુંબઈમાં ઉપલબ્ધ થશે,'' મુખ્ય પ્રધાને જણાવ્યું.

તેમણે ઉમેર્યું કે આ આઉટલેટ્સ રોજગાર સર્જન, વેપાર વૃદ્ધિ અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં પણ ફાળો આપશે.

વારણા આઉટલેટને ફક્ત એક વ્યાપારી સાહસ જ નહીં, પરંતુ એક વ્યવસાય ગણાવતા, ફડણવીસે કહ્યું કે તે કોલ્હાપુર જિલ્લાના ખેડૂતોના આત્મસન્માન અને સાહસનું પ્રતીક છે. તેમણે ખેડૂત અને મહિલા સશક્તીકરણમાં યોગદાન બદલ વારણા ગ્રુપની પણ પ્રશંસા કરી.

આ પ્રસંગે ડેરી વિકાસ પ્રધાન અતુલ સાવે, મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર રાહુલ નાર્વેકર, ધારાસભ્ય વિનય કોરે, બીએમસી કમિશનર અને મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર અશ્વિની ભીડે હાજર રહ્યા હતા.

## કૉંગ્રેસના નેતા

ઓમપ્રકાશ રાજે નિંબાળકર હાલ શિવસેના (યુબીટી)ના લોકસભાના સભ્ય છે.

૩ જૂન, ૨૦૦૬ના રોજ પવનરાજે નિંબાળકર અને તેમના ડ્રાઇવર સમદ કાઝી સાથે કારમાં મુંબઈથી ઉસ્માનાબાદ (હવે ધારાશિવ) જઇ રહ્યા હતા ત્યારે નવી મુંબઈના કળંબોલી ખાતે બે શૂટરે તેમની કારને આંતરી હતી અને ગોળીબાર કર્યો હતો, જેમાં બંનેનાં મોત થયાં હતાં. સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ના જણાવ્યા અનુસાર આ કેસના મુખ્ય આરોપી પાટીલ પર આરોપ છે કે તેણે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું અને રાજકીય-વ્યાવસાયિક દુશ્મનાવટને કારણે પોતાના પિતરાઇ પવનરાજે નિંબાળકરની હત્યા માટે સુપારી આપી હતી.

પાટીલ ઉપરાંત આ કેસમાં અન્ય આરોપીઓમાં લાતુરના વેપારી સતીશ મંદાડે, નિવૃત્ત સ્ટેટ એક્સાઇઝ ઇન્સ્પેક્ટર મોહન શુકલા અને શૂટરોનો સમાવેશ છે.

આ કેસની વિગત અનુસાર પારસમલ જૈન નામના શખસે પવનરાજે નિંબાળકરની હત્યા માટે મોહન શુકલા અને સતીશ મંદાડે પાસેથી ૩૦ લાખ લીધા હતા. જોકે બાદમાં તેને માફી બક્ષવામાં આવી હતી.

નવી મુંબઈ પોલીસે કેસની તપાસ શરૂ કરી હતી, પણ નિંબાળકરની પત્નીએ તપાસની પ્રગતિ પર અસંતોષ વ્યક્ત કર્યા બાદ બોમ્બે હાઇ કોર્ટે કેસ સીબીઆઇને ટ્રાન્સફર કર્યો હતો.

જૂન, ૨૦૦૯માં પાટીલની ધરપકડ કરવામાં આવી હતી અને અલીબાગની સેશન્સ કોર્ટે સપ્ટેમ્બર, ૨૦૦૯માં તેમના જામીન મંજૂર કર્યા હતા. (પીટીઆઇ)

## મુંબઈમાં ૨૦%

રાજધાનીને પાણી પૂરું પાડતાં જળાશયોમાં પાણીના જથ્થા અંગે સમીક્ષા બેઠક બાદ આ પગલાંની જાહેરાત કરવામાં આવી હતી.

આ પ્રતિબંધોનો હેતુ પીવાના પાણીના પુરવઠાને સુરક્ષિત રાખવાનો છે અને પીવાના પાણીના દુરુપયોગ અથવા બગાડ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, એમ પ્રકાશનમાં જણાવાયું છે.

નાગરિક સંસ્થાએ ૧૫ મેથી ૧૦ ટકા પાણી કાપ લાગુ કરી દીધો છે. (પીટીઆઈ)

## શિવસેના (શિંદે જૂથ)ના

બોલાવવામાં આવેલી બેઠકમાં તેમના નવ લોકસભા સાંસદોમાંથી માત્ર ચાર જ હાજર રહ્યા હતા. સાંસદો અરવિંદ સાવંત, અનિલ દેસાઈ, રાજાભાઈ વાઝે અને સંજય પાટીલે બેઠકમાં રૂબરૂ હાજરી આપી હતી, જ્યારે ઓમપ્રકાશ રાજે નિમ્બાલકર, ભાઈસાહેબ વાકચૌરે, નાગેશ બાપુરાવ પાટીલ અષ્ટિકર અને સંજય દેશમુખે ઓનલાઈન હાજરી આપી હતી. રાઉતે કહ્યું હતું કે સંજય જાધવે ઠાકરે સાથે ફોન પર વાત કરી હતી.

યવતમાલ-વાશીમના સાંસદ દેશમુખે કહ્યું કે તેઓ પારિવારિક કારણોસર આ બેઠકમાં હાજર રહ્યા ન હતા. પરંતુ સોમવારે, તેઓ દિલ્હીમાં શિંદેના નેતૃત્વ હેઠળની સેનાના કેન્દ્રીય પ્રધાન પ્રતાપરાવ જાધવને મળ્યા, જેનાથી સંભવિત પક્ષપલ્ટા અંગે અટકળોને વેગ મળ્યો છે.

મહારાષ્ટ્રના પ્રધાન સરનાઈકે કહ્યું કે જે કોઈ પણ વ્યક્તિ સેનાના સ્થાપક બાલ ઠાકરેના આદર્શો અને નાયબ મુખ્ય પ્રધાન શિંદેના નેતૃત્વમાં વિશ્વાસ રાખે છે તેનું સ્વાગત છે. ત્યારે શિવસેના (યુબીટી) ના નેતાઓએ ભારપૂર્વક જણાવ્યું છે કે પાર્ટીના તમામ લોકસભા સાંસદો ઉદ્ધવ ઠાકરે સાથે છે અને રહેશે. (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

**સરકારે જમીન માપણી માટે નવા નિયમો જારી કર્યા**

# હવે કુટુંબ વિભાજનના કિસ્સામાં જમીન માપણી ફક્ત ૨૦૦ રૂપિયામાં, પ્રક્રિયા ૯૦ દિવસમાં

**મહારાષ્ટ્ર જમીન સર્વેક્ષણના નવા નિયમોઃ સરકારે જમીન માપણીની ફી અને વર્ગીકરણમાં ફેરફાર કર્યો છે, અને માપણી પ્રક્રિયા નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવા માટે ૩૦ અને ૯૦ દિવસની નવી સમયમર્યાદા ફોર્મ્યુલા જાહેર કરી છે.**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય સરકારે રાજ્યના સામાન્ય ખેડૂતો અને જમીન માલિકો માટે ખૂબ જ રાહતદાયક અને મોટો નિર્ણય લીધો છે. જમીન માપણીની પ્રક્રિયામાં વિલંબ અને ભ્રષ્ટાચારને રોકવા માટે, સરકારે નવા ગણતરી દર અને કડક નિયમો જારી કર્યા છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની સલાહ પર, મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, હવે કુટુંબ વિભાજનના કિસ્સામાં જમીન વિતરણની ગણતરી ફક્ત ૨૦૦ રૂપિયા પ્રતિ પેટા શેરમાં કરવામાં આવશે.

આ નવા નિયમો અનુસાર, જમીન રેકોર્ડ વિભાગના અધિકારીઓ માટે ૯૦ દિવસમાં 'નિયમિત સર્વેક્ષણ' અને ૩૦ દિવસમાં 'ફાસ્ટ ટ્રેક સર્વે' પૂર્ણ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આનાથી સર્વેક્ષણ માટે મહિનાઓથી ઓફિસ પર ધક્કા ખાઈ રહેલા નાગરિકોને મોટી રાહત મળશે.

નવા સર્વેક્ષણ દરઃ જમીન સર્વેક્ષણ માટે નવી સુધારેલી દર યાદી

રાજ્ય સરકારે જમીનના ક્ષેત્રફળ અનુસાર ગ્રામીણ અને શહેરી

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રમાં સામાન્ય કરતાં માત્ર ૨૬ ટકા વરસાદ



## સરકારે ખેડૂતોને વાવણીમાં ઉતાવળ ન કરવા જણાવ્યું

મુંબઈઃ મહારાષ્ટ્રમાં જૂનના પહેલા પખવાડિયામાં માત્ર ૨૬ ટકા વરસાદ પડ્યો છે, જેના કારણે સરકારે ખેડૂતોને પાક વાવણીમાં ''ઉતાવળ ન કરવાની'' સલાહ આપી હતી, એમ મંગળવારે રાજ્ય પ્રધાનમંડળ સમક્ષ રજૂ કરાયેલ પાક પરિસ્થિતિ સમીક્ષામાં જણાવાયું છે.

રાજ્યમાં ૧ જૂનથી ૧૫ જૂન સુધીમાં ૧૦૩.૮ મીમી વરસાદ પડતો હોય છે એની જગ્યાએ આ વર્ષે ૨૭.૪ મીમી વરસાદ પડ્યો હતો.

અહેવાલમાં જણાવાયું છે કે રાજ્યભરમાં ખેતરોમાં ડાંગર અને બાજરીના પાક માટે છોડ ઉછેર અને વાવણી પહેલાની કૃષિ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ''જૂનના મધ્ય સુધી વરસાદ નબળો રહેવાની શક્યતા હોવાથી, ખેડૂતોને વાવણીની કામગીરીમાં ઉતાવળ ન કરવા સૂચનાઓ આપવામાં આવી છે,'' અહેવાલમાં નોંધવામાં આવ્યું છે.

વધુમાં જણાવાયું છે કે કોંકણ અને મધ્ય મહારાષ્ટ્રના

(જુઓ પાનું ૪) ▶▶

# કેન્દ્ર સરકાર મહારાષ્ટ્ર પોલીસ દળના આધુનિકીકરણ માટે ₹ ૭૩૩.૨૮ કરોડ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર પોલીસ દળના આધુનિકીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૭૩૩.૨૮ કરોડની યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના દ્વારા ૬૦ ટકા ભંડોળ કેન્દ્ર અને ૪૦ ટકા રાજ્ય સરકાર દ્વારા પૂરું પાડવામાં આવશે. આ પછી, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહનો આભાર માન્યો હતો. આ ભંડોળ દરિયાઈ સુરક્ષા, ડ્રગ વિરોધી અભિયાન, સાયબર સુરક્ષા, આધુનિક શસ્ત્રો, વાહનોને સજ્જ કરવામાં રાજ્ય સરકારને મદદરૂપ થશે, એવો વિશ્વાસ ફડણવીસે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્ર સરકારે રૂ. ૭૩૩.૨૮ કરોડની યોજનાને મંજૂરી આપ્યા પછી, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ટ્વિટ કરીને કેન્દ્ર સરકારનો આભાર માન્યો. આ યોજનામાં ૬૦ ટકા ભંડોળ કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા રાજ્ય સરકાર દ્વારા પૂરું પાડવામાં આવશે. દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર પોલીસ દળ માટે આટલા મોટા ભંડોળને મંજૂરી આપવા બદલ તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીજી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિતભાઈ શાહના ખૂબ આભારી છે. આનાથી દરિયાઈ સુરક્ષા, ડ્રગ વિરોધી ઝુંબેશ, સાયબર સુરક્ષા, અઈ ટેકનોલોજીનો વધુ ઉપયોગ, નાગરિક સુરક્ષા, આધુનિક શસ્ત્રો, વાહનો જેવા અનેક પાસાઓમાં મહારાષ્ટ્ર પોલીસ દળને વધુ સારી રીતે સજ્જ કરવાનું શક્ય બનશે.

પોલીસ માટે માત્ર માનવશક્તિ જ નહીં, તકનીકી શક્તિ પણ હોવી એટલી જ મહત્ત્વપૂર્ણ વર્તમાન સમયમાં, નિયમિત ગુનાઓની સાથે, ડિજિટલ અને સંગઠિત ગુનાઓનું પ્રમાણ પણ વધ્યું છે. આવા સમયે પોલીસ માટે માત્ર

(જુઓ પાનું ૪) ▶▶

# કૉંગ્રેસના નેતા પવનરાજે નિંબાળકર હત્યાકેસનો ચુકાદો ૨૦ જૂને આવવાની શક્યતા



શિવસેનાના સાંસદ ઓમરાજે નિંબાળકર, તેમના પરિવાર સાથે, તેમના પિતા પવનરાજે નિંબાળકરના ૨૦ વર્ષ જૂના ડબલ મર્ડર કેસમાં નિર્ધારિત સુનાવણી માટે મુંબઈ સેશન્સ કોર્ટ પહોંચ્યા. જોકે, આરોપીનો ચુકાદો મુલતવી રાખવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

મુંબઈઃ રાજ્યના કૉંગ્રેસના નેતા પવનરાજે નિંબાળકર અને તેમના ડ્રાઇવર સમદ કાઝીની ૨૦૦૬માં થયેલી હત્યાના કેસમાં ચુકાદો ૨૦ જૂને આવવાની શક્યતા છે. આ કેસમાં નિંબાળકરના પિતરાઇ અને એનસીપીના ભૂતપૂર્વ સાંસદ પદ્મસિંહ પાટીલ આરોપી છે.

આ મામલો ચુકાદા માટે મંગળવારે સુચિબદ્ધ કરાયો હતો. જોકે વિશેષ કોર્ટના જજ સત્યનારાયણ નવાંદકરે મામલો ૨૦ જૂન સુધી મોકૂફ રાખ્યો હતો અને જણાવ્યું હતું કે ચુકાદા માટે તેઓ વધુ બેથી ત્રણ દિવસ લેશે.

રાજ્યના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અને નાયક મુખ્ય પ્રધાન સુનેત્રા પવારના સાવકા ભાઇ પાટીલ અને અન્ય સાત જણ હત્યાકેસમાં આરોપી છે. પવનરાજે નિંબાળકરના પુત્ર

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ મેટ્રો ગ્રામીણ વિસ્તારોને ડેરી ઉત્પાદનો માટે બજાર પૂરી પાડી શકે છેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે મુંબઈ મેટ્રો ગ્રામીણ વિસ્તારોમાંથી ડેરી અને અન્ય કૃષિ ઉત્પાદનોને મોટી બજારો સુધી પહોંચાડવા માટે એક અસરકારક પ્લેટફોર્મ પૂરું પાડી શકે છે, જેનાથી ખેડૂતોને રાજ્યની રાજધાનીમાં સમર્પિત બજાર મળવામાં મદદ મળશે.

સીએસએમટી મેટ્રો સ્ટેશન ખાતે વારણા કોઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયનના ડેરી પ્રોડક્ટ્સ આઉટલેટના ઉદ્‌ઘાટન પ્રસંગે એક કાર્યક્રમને સંબોધતા, ફડણવીસે કહ્યું કે એશિયામાં સૌથી લાંબો સિંગલ ભૂગર્ભ મેટ્રો કોરિડોર મેટ્રો લાઇન ૩ મુંબઈની નવી જીવાદોરી તરીકે ઊભરી આવી છે. પરિવહન સેવાઓ

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં ૨૦% પાણી કાપ

## ઔદ્યોગિક, કમર્શિયલ અને રમતગમત સંસ્થાઓને લાગુ પડશે

મુંબઈ : ચોમાસામાં વિલંબને કારણે જળાશયના સ્તર ઘટીને ૧૦.૩૫ ટકા થઈ ગયા હોવાથી, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)એ મંગળવારે ઔદ્યોગિક, કમર્શિયલ અને રમતગમત સંસ્થાઓને પાણી પુરવઠામાં ૨૦ ટકાનો કાપ મૂક્યો છે. આ કાપ આજથી અમલમાં આવ્યો છે. એક પ્રકાશનમાં જણાવાયું છે કે, મહાનગરપાલિકાએ બાંધકામ પ્રોજેક્ટ્સ અને સ્વિમિંગ પૂલ માટે પાણીના જોડાણો પણ સ્થગિત કર્યાં છે. દેશની આર્થિક

(જુઓ પાનું ૪) ▶▶

# શિવસેના (શિંદે જૂથ)ના દરવાજા ખુલ્લા છેઃ પ્રતાપ સરનાઈક

## ઉદ્ધવ જૂથની બેઠકમાં ગેરહાજર સાંસદો પાટલી બદલશે?

મુંબઈ : શિવસેના (યુબીટી) કેમ્પમાં તેમના સાંસદોને ખેંચી જવાના સંભવિત પ્રયાસો અંગે ગભરાટ ફેલાયો છે. ત્યારે હરીફ શિવસેનાના નેતા પ્રતાપ સરનાઈકે મંગળવારે જણાવ્યું હતું કે એકનાથ શિંદેના નેતૃત્વમાં વિશ્વાસ રાખનારા કોઈપણ માટે તેમના પક્ષના દરવાજા ખુલ્લા છે.

શિવસેના (યુબીટી) ના સાંસદ સંજય દેશમુખ સોમવારે કેન્દ્રીય પ્રધાન પ્રતાપરાવ જાધવને મળ્યા, જેઓ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં છે. રવિવારે, પાર્ટી સુપ્રીમો ઉદ્ધવ ઠાકરે દ્વારા

(જુઓ પાનું ૪) ▶▶

# મૉડેલ પર બળાત્કારના આરોપીના જામીન નકારાયા

થાણેઃ થાણેની સેશન્સ કોર્ટે મૉડેલ પર બળાત્કારના કેસના ૨૭ વર્ષના આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી અને પીડિતાએ તેના અનિવાર્યના લગ્નને બચાવવા માટે રજૂ કરેલા સમાધાનની વિગત ધાવતા સોગંદનામાને સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. આ એવો ગુનો છે જેમાં સમાધાન ન કરી શકાય અને તપાસ ચાલી રહી છે, એમ કોર્ટે નોંધ્યું હતું. એડિશનલ સેશન્સ જજ પી.વી. ઘુલેએ ૯ જૂને આદેશ જારી કર્યો હતો.

સુરતના વતની એવા આરોપી અક્ષયકુમાર કાંતિલાલ જૈનની પચીસમી એપ્રિલે કાશીમીરા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪ (બળાત્કાર) અને ૩૫૧ (૨) (ગુનાહિત ધાકધમકી) હેઠળ ધરપકડ કરી હતી. પંજાબની વતની ૨૬ વર્ષની ફરિયાદી મૉડેલ છે. તેણે આક્ષેપ કર્યો હતો કે અક્ષયકુમાર એક્ટિંગ ઑડિશનને બહાને તેને ગોવાથી મીરા રોડની હૉટેલમાં લઇ આવ્યો હતો, જ્યાં ઘેનની દવા ભેળવેલી ચા પીવડાવ્યા બાદ તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. સુનાવણી દરમિયાન બચાવ પક્ષે જામીન માટે અરજી કરી હતી, કારણ કે ફરિયાદીએ નોટરાઇઝ્ડ એફિડેવિટ-કમ-ડેક્લરેશન રજૂ કર્યું હતું, જેમાં જણાવવામાં આવ્યું હતું કે તેના લગ્ન નક્કી થઇ ગયા હોવાથી તે આરોપ પાછા ખેંચવા માગે છે. ■

# એક્સપાયર્ડ થયેલી દવાઓ વેચનારી દવાની દુકાનમાં એફડીએની રેઇડ

નાંદેડઃ નાંદેડમાં ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ની ટીમે દવાની દુકાનમાં રેઇડ પાડી હતી, જ્યાં એક્સપાયર્ડ થયેલી દવાઓ વેચવામાં આવી રહી હતી.

ડાયાબિટીસથી પીડિતા ૯૦ વર્ષના પિતા માટે દવા ખરીદનારા પુત્રએ જણાવ્યું હતું કે દવા ગયા વર્ષના ડિસેમ્બરમાં એક્સપાયર્ડ થઇ હોવાનું જાણવા મળ્યા બાદ તેણે એફડીએને ફરિયાદ કરી હતી. આ ફરિયાદ બાદ એફડીએના અધિકારીઓએ સોમવારે ડોક્ટર લેન ખાતે આવેલી દવાની દુકાનમાં રેઇડ પાડી હતી, જ્યાં એક્સપાયર્ડ દવાઓ મળી આવી હતી.

આ દવાઓ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના, ફાર્મસિસ્ટની હાજરી વિના તેમ જ બિલ જારી કર્યા વિના વેચવામાં આવી રહી હતી. આગળની કાર્યવાહી સુધી ઉપરોક્ત દુકાન બંધ કરી દેવામાં દેવામાં આવી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■



**સાભાર પરતઃ**

જુહુ ચોપાટી પર મોજાઓ સાથે દરિયામાં ફેંકવામાં આવતી પ્લાસ્ટિકની થેલીઓ, બોટલો અને અન્ય કચરો મોજાઓ દ્વારા ફરીથી કિનારા પર આવી ગયો હોવાથી ડમ્પિંગ ગ્રાઉન્ડ જેવું ચિત્ર જોવા મળ્યું હતું.

# મહારાષ્ટ્ર કેબિનેટે પીવાના પાણીની નીતિ, નાગપુર મેડિકલ સાઈક્લોટ્રોન પ્રોજેક્ટને મંજૂરી આપી

મુંબઈઃ મહારાષ્ટ્ર પ્રધાનમંડળે મંગળવારે પીવાના પાણી નીતિ ૨૦૨૬ ને મંજૂરી આપી હતી જેનો હેતુ ગામડાઓમાં નિયમિત અને સ્વચ્છ પીવાના પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવાનો છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલા પ્રધાનમંડળે રોગ નિદાન અને સારવાર સુવિધાઓને મજબૂત બનાવવા માટે નાગપુરમાં હાઇ એનર્જી મેડિકલ સાયક્લોટ્રોન પ્રોજેક્ટને પણ મંજૂરી આપી હતી.

એક સત્તાવાર પ્રકાશન મુજબ, આ નીતિ વિવિધ પાણીપુરવઠા યોજનાઓના એકીકરણ અને ગ્રામીણ પરિવારો માટે સ્વચ્છ, સલામત અને ગુણવત્તાયુક્ત પીવાના પાણીની ખાતરી કરવા માટે પગલાં લેશે. હાઇ એનર્જી મેડિકલ સાયક્લોટ્રોન પ્રોજેક્ટ, જેને મધ્ય ભારતમાં આવા પ્રકારનો એકમાત્ર પ્રોજેક્ટ તરીકે વર્ણવવામાં આવ્યો છે, તે નિદાનમાં ચોકસાઈ સાથે તબીબી સારવારમાં સુધારો કરશે અને વિવિધ રોગોની અદ્યતન શોધને સક્ષમ કરીને દર્દીઓને રાહત આપશે તેવી અપેક્ષા છે. ■




# ધારાવી 'ડિજિટલ ટ્વીન' રહેવાસી ચકાસણીમાં મદદ કરશે

- ▶ પ્રથમ ૧૦,૦૦૦ ઘર ૨૦૨૮ સુધીમાં તૈયાર થશે
- ▶ દરેક ગલીમાં સરેરાશ ૧૫૦ ઝૂંપડાં/યુનિટ્સ

મુંબઈઃ ધારાવીનું હવે એક ડિજિટલ ટ્વિન (ડિજિટલ પ્રતિરૂપ) તૈયાર કરવામાં આવ્યું છે. અત્યંત ગીચ વસ્તી ધરાવતું ધારાવી આગામી દસ વર્ષોમાં બહુ-માળી ઇમારતોના સ્વરૂપમાં વિકસિત થવાનું છે. પુનર્વસન માટેની ઇમારતો સાથે વૈભવી ટાવર્સ અને કોર્પોરેટ કચેરીઓ પણ ઊભી થશે. વર્તમાન ધારાવીની તમામ માહિતી આ ડિજિટલ ટ્વિનમાં સંગ્રહિત કરવામાં આવશે, જેથી જરૂર પડ્યે તે માહિતી સરળતાથી જોઈ અને અભ્યાસ કરી શકાય.

નામ જાહેર ન કરવાની શરતે અધિકારીઓએ જણાવ્યું હતું કે, ડિજિટલ ટ્વિન આજના ધારાવીનું સચોટ પ્રતિબિંબ છે. થોડા વિસ્તારોને બાદ કરતાં સમગ્ર ધારાવીનું વિગતવાર મેપિંગ કરવામાં આવ્યું છે. આ મેપિંગ હોલોગ્રામ જેવું છે. તેને ખોલતાં સંબંધિત યુનિટની રચના, તેમાં રહેતા લોકો અને અન્ય તમામ વિગતો જોઈ શકાય છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ, હાલમાં ડીઆરપી-એસઆરએ દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરવા અને ઝૂંપડપટ્ટી રહેવાસીઓની પાત્રતાની અંતિમ યાદી તૈયાર કરવા માટે ડિજિટલ ટ્વિનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ધારાવીના દરેક પરિવારની માહિતી ટૅક્નોલોજીની મદદથી એકત્રિત કરીને સંગ્રહિત કરવામાં આવી છે.

ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટના અમલીકરણ માટે રચાયેલી વિશેષ હેતુ કંપની નવભારત મેગા ડેવલપર્સ પ્રા. લિ.ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આ ડિજિટલ મેપિંગ માત્ર ઐતિહાસિક અથવા આર્કાઇવલ નોંધો માટે નથી, પરંતુ રહેવાસીઓને મફત અથવા ભાડા આધારિત આવાસ માટેની પાત્રતા સાબિત કરવા જરૂરી દસ્તાવેજો અને અદાલતી કેસોની માહિતી નોંધવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શરૂઆતમાં ડ્રોનની મદદથી સમગ્ર ૬૨૧ એકર વિસ્તારનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. તેના કારણે ધારાવીમાં અંદાજે ૧.૨૫ લાખ યુનિટ્સની ઓળખ થઈ શકી. ત્યારબાદ ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને ગલીઓનું સ્થળ પર સર્વેક્ષણ કરવામાં આવ્યું.

દરેક ગલીમાં સરેરાશ ૧૫૦ ઝૂંપડાં અથવા યુનિટ્સ હોવાનું જાણવા મળ્યું. ત્યારબાદ ધારાવીનો ડિજિટલ નકશો તૈયાર કરવામાં આવ્યો.

સર્વેયરોએ રહેવાસીઓ પાસેથી પ્રાપ્ત થયેલા દસ્તાવેજોની હાર્ડ કોપીઓ એકત્રિત કરીને સુરક્ષિત રાખી છે. અત્યાર સુધીમાં ૯૫,૦૦૦ યુનિટ્સનું ભૌતિક અને ડિજિટલ સર્વેક્ષણ પૂર્ણ થયું છે. તેમાંથી ૮૫,૦૦૦ યુનિટ્સના દસ્તાવેજોની ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે.

જોકે, કુંભારવાડા, શંકર કવાડે ચાલ, ગોપાલ વિલાસ પાલવાડી, એનડીઝી કમ્પાઉન્ડ્સ, લહુજી ભીમજી ચાલ અને નવાબ નગર વિસ્તારોનું સર્વેક્ષણ હજુ પૂર્ણ થવાનું બાકી છે. ■

# કંપનીના ૬૦.૬૫ લાખનાં ઘરેણાં ચોરાયાંની વાર્તા ઉપજાવી કાઢી

## કર્મચારી જ નીકળ્યો ચોરઃ તેના મિત્રની પણ ધરપકડ

મુંબઈઃ કંપનીના ૬૦ લાખ રૂપિયાથી વધુનાં ઘરેણાં ઓળવી જવા માટે કર્મચારીએ ચોરીની વાર્તા ઉપજાવી કાઢી હતી, પરંતુ પોલીસ તપાસમાં કર્મચારીની પોલ ખૂલી જતાં તેને લોકઅપના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો હતો. એમઆઇડીસી પોલીસે ગુનામાં સંડોવણી બદલ તેના મિત્રની પણ ધરપકડ કરી હતી.

એમઆઇડીસી પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ અવિનાશ ગંગાધર કદમ (૨૬) અને તેના મિત્ર મનોજ હનમંત જોગદંડ (૪૧) તરીકે થઇ હતી. આરોપીઓ પાસેથી તમામ ઘરેણાં જપ્ત કરવામાં આવ્યાં હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

અંધેરીમાં એમઆઇડીસી પોલીસ સ્ટેશનની હદમાં આવેલી કંપનીમાં કામ કરનારા અવિનાશ કદમને ૬૦.૬૫ લાખ રૂપિયાનાં ઘરેણાંની ડિલિવરી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. કંપનીમાંથી ઘરેણાં લઇને ટૂ-વ્હીલર પર નીકળેલા અવિનાશે બાદમાં માલિકને કૉલ કરીને જણાવ્યું હતું કે ટૂ-વ્હીલર પર જતી વખતે તેને અકસ્માત નડ્યો હતો, જેને માર્ગ પર પટકાતાં તે બેભાન થઇ ગયો હતો. એ સમયે કોઇ વ્યક્તિ દાગીના ચોરીને પલાયન થઇ ગઇ હતી. દરમિયાન આ પ્રકરણે ફરિયાદ નોંધાવવામાં આવ્યા બાદ એમઆઇડીસી પોલીસે તપાસ આદરી હતી. અવિનાશને અકસ્માતમાં કોઇ ઇજા થઇ ન હોવા છતાં પોતાને ત્રાસ થઇ રહ્યો હોવાનું જણાવી હોસ્પિટલમાં ઍડમિટ થવા માટે તે જીદ કરી રહ્યો હતો. આથી પોલીસને તેના પર શંકા ગઇ હતી. પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં આવી કોઇ ઘટના બની ન હોવાનું જાણવા મળ્યું હતું. એ સિવાય પોલીસે ફૂટેજમાં ઘટના પૂર્વ એક શકમંદ ત્યાં ઘણા સમય સુધી ફરતો નજરે પડ્યો હતો. ■

# ચાર વર્ષના બાળકની સતર્કતાને કારણે યુવકનો જીવ બચાવાયો

થાણેઃ તે માત્ર ચાર વર્ષનો છે. જીવનની અણધારી બાબતોનો અંદાજ લગાવવામાં અક્ષમ છે, પરંતુ પોતાની વયના અન્ય બાળકોથી વિપરીત એવો વરુણ નિકાતે એવા શખસ માટે તારણહાર બન્યો હતો, જે થાણેની ખાડીમાં ડૂબી રહ્યો હતો. વરુણે સતર્કતા દાખવીને સમયસર પોલીસને જાણ કરતાં ડૂબી રહેલા શખસને બચાવી લેવામાં આવ્યો હતો. ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસિન તડવીએ જણાવ્યું હતું કે પોલીસ આઉટપોસ્ટની સામે કલવા બ્રિજ નજીક મંગળવારે સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. પાણીના અણધાર્યા સ્તરથી અજાણ નૌશાદ મેહરુમ નામનો શખસ ખાડીમાં ગયો હતો અને ડૂબવા લાગ્યો હતો. ડૂબી રહેલા નૌશાદ પર વરુણની નજર પડતાં જ તે નજીકમાં આવેલી ટ્રાફિક પોલીસ ચોકીમાં દોડી ગયો હતો અને ત્યાં હાજર કર્મચારીઓને ઘટનાની જાણ કરી હતી.

દરમિયાન ત્રણ હેડ કોન્સ્ટેબલ તાત્કાલિક ઘટનાસ્થળે જવા રવાના થયા હતા. તેમણે અધવચ્ચે ફાયરબ્રિગેડના વાહનને આંતર્યું હતું, જે સદનસીબે ત્યાંથી પસાર થઇ રહ્યું હતું. ખાડીમાં ડૂબી રહેલા શખસને જોયા બાદ તેને બચાવવા ફાયર સ્ટેશન ઓફિસર સંદીપ કદમ અને ફાયર ડિપાર્ટમેન્ટના ડ્રાઇવર ગણે ગવારે પાણીમાં કૂદી પડ્યા હતા.

એ નાના છોકરાનો આભાર, જેણે અમને સમયસર માહિતી આપી અને અમારા ઓફિસરો પાણીમાં કૂદવા માટે એક ક્ષણ પણ અચકાયા નહોતા, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)■




# શ્રીલંકન ખેલાડીઓ અમને સતત ગાળ આપી રહ્યા હતાઃ તિલક વર્મા

## વૈભવ સૂર્યવંશી ડ્રેસિંગ-રૂમમાં ભૂતપૂર્વ શ્રીલંકન ખેલાડીને પગે લાગ્યો



દમ્બુલાઃ સોમવારે ઇન્ડિયા-એના ઓપનિંગ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશીને શ્રીલંકા-એના ખેલાડીઓએ અને ખાસ કરીને વિશેન હલમ્બાગેએ ઉશ્કેરતા જે બબાલ થઈ એ સંબંધમાં ઇન્ડિયા-એના કૅપ્ટન તિલક વર્માએ કહ્યું છે કે 'આખી મૅચમાં શ્રીલંકન ખેલાડીઓ અમને અપશબ્દો કહી રહ્યા હતા. એ તો ઠીક, પણ અમ્પાયરોએ કેટલાક નિર્ણયો તેમની તરફેણમાં આપ્યા હતા. અમે બધુ અવગણીને રમવા પર જ ધ્યાન આપતા હતા. જોકે અમે મૅચ બાદ પાછા આવી રહ્યા હતા ત્યારે એક શ્રીલંકન ખેલાડીએ વૈભવને ફરી ગાળ આપી હતી અને ત્યારે શ્રીલંકન ખેલાડીઓ હદ વટાવી ગયા અને વૈભવે જે કંઈ કર્યું એ બરાબર હતું.'

ઇન્ડિયા-એનો સુપર ઓવરમાં પરાજય થયો ત્યાર બાદ શ્રીલંકા-એના ખેલાડી વિશેને વૈભવને 'મૅચ પૂરી થઈ ગઈ...આ કંઈ આઇપીએલ નથી' એવો ટોણો માર્યો હતો. અન્ય એક અહેવાલ મુજબ વિશેને વૈભવને કહ્યું, 'મૅચ ખતમ થઈ ગઈ...જા ઘરે જા.' આવી ટિપ્પણી થતાં વૈભવનો પિત્તો ગયો હતો અને તેણે વિશેનને ધક્કો માર્યો હતો. મામલો વધુ આગળ વધે એ પહેલાં સાથી ખેલાડીઓએ તેમને શાંત પાડ્યા હતા.

વૈભવ શ્રીલંકાના વર્તમાન પ્રવાસમાં ૧૪, ૪૪, ૨૧ અને છ રનના સ્કોર નોંધાવી શક્યો છે. તે આઇપીએલના ૭૭૬ રન જેવું ફૉર્મ શ્રીલંકામાં જાળવી નથી શક્યો. હકીકતમાં શ્રીલંકા-એના ખેલાડીઓ નવમી જૂને પ્રથમ મુકાબલાના સમયથી જ ભારતીય ખેલાડીઓ સામે સ્લેજિંગ કરી રહ્યા હતા અને સોમવારની મૅચમાં ભારતીય પ્લેયર્સને તેમણે વારંવાર ગાળ આપી હતી.

### શ્રીલંકન ખેલાડીઓને શીખવવાની જરૂર છેઃ કોચ બહુતુલે

ભારતનો ભૂતપૂર્વ સ્પિનર સાઇરાજ બહુતુલે ઇન્ડિયા-એ ટીમનો કોચ છે. તેણે પત્રકાર પરિષદમાં કહ્યું, 'જે કંઈ બન્યું એ નહોતું બનવું જોઈતું. વૈભવ એકદમ શાંત સ્વભાવનો છે. અમે ડ્રેસિંગ રૂમમાં આ મુદ્દે ચર્ચા જરૂર કરીશું, પણ હું એટલું જરૂર કહીશ કે શ્રીલંકન ખેલાડીઓને પણ શીખવવાની જરૂર છે કે મેદાન પર કેવું વર્તન કરવું. અમે એ પણ જોઈશું કે વૈભવે જે કંઈ કર્યું એ પણ ફરી ન બને. ભવિષ્યમાં આવી ઘટના બનવી જ ન જોઈએ.'

### અશ્વિને પણ પ્રતિક્રિયા આપી...

ભારતના સ્પિન-લેજન્ડ રવિચન્દ્રન અશ્વિને પણ વૈભવ અને શ્રીલંકન ખેલાડી વિશેન વચ્ચેની ચકમકના બનાવ સંબંધમાં તેમ જ આખી મૅચમાં જે વિવાદો થયા એ વિશે પ્રતિક્રિયા આપી છે. સુપર ઓવર દરમ્યાન અમ્પાયરના નો બૉલ કૉલનો ભારતીય ટીમે વિરોધ કર્યો હતો. અશ્વિને 'એક્સ' પર લખ્યું છે, 'ભારતીય ખેલાડીઓએ જે આક્રોશ બતાવ્યો એ સમજી શકાય એવો છે, કારણકે અમ્પાયરે હાઇટનું કારણ આપીને જે નો બૉલ આપ્યો એ વિવાદાસ્પદ હતો, એક તો પ્રકાશ નબળો થઈ રહ્યો હતો એવામાં શ્રીલંકાના ખેલાડીઓએ બૅટિંગ માટે મેદાન પર આવવામાં મોડું કર્યું હતું.

### ૭૯ વર્ષના શ્રીલંકન લેજન્ડે એક કલાક સુધી વૈભવની રાહ જોઈ!

૧૯૭૯થી ૧૯૮૯ દરમ્યાન શ્રીલંકા વતી ચાર વન-ડે રમનાર ભૂતપૂર્વ કૅપ્ટન અનુરા ટેનેકૂન સોમવારે મૅચ પછી વૈભવ સૂર્યવંશીને મળવા ડ્રેસિંગ રૂમમાં આવ્યા હતા. વૈભવ આવ્યો એના એક કલાક પહેલાં જ અનુરા તેને મળવા આવી ગયા હતા. તેઓ રૂમમાં હતા અને વૈભવ રૂમમાં આવ્યો એની તરત જ અનુરાને પગે લાગ્યો હતો. અનુરાએ તાજેતરની શાનદાર આઇપીએલ સીઝન બદલ વૈભવની પીઠ થાબડી હતી અને તેને સલાહ આપી હતી કે 'તું રમવા પર જ બધુ ધ્યાન આપ અને બીજી બધી બાબતોને જરાય ધ્યાનમાં ન લે.'

અનુરાએ ડ્રેસિંગ રૂમમાં ઉપસ્થિત અન્યોને કહ્યું હતું કે 'તાજેતરની આઇપીએલમાં મેં રાજસ્થાન રૉયલ્સની ઇનિંગ્સો જોઈ જેમાં ખાસ કરીને હું વૈભવની ચોગ્ગા-છગ્ગા ફટકારવાની કળાથી હું ખૂબ પ્રભાવિત થયો હતો. તે ખૂબ સારું રમે છે.'

# આજે સવારે મેસીનું મૅજિક અને પછી રાત્રે રોનાલ્ડોનો રણકાર

કૅન્સસ/હ્યુસ્ટનઃ ફિફા વર્લ્ડ કપના આરંભને પાંચ દિવસ થઈ ગયા, પરંતુ કરોડો ક્રિકેટપ્રેમીઓ જેની રાહ જોઈ રહ્યા છે એ દિવસ હવે આવી પહોંચ્યો છે. આજે (ભારતીય સમય મુજબ સવારે ૬.૩૦ વાગ્યાથી) આર્જેન્ટિના અને અલ્જિરિયા વચ્ચે મુકાબલો છે. લિયોનેલ મેસી ઈજાને લીધે કદાચ નહીં રમે એવી અગાઉ વાત હતી, પણ મોટા ભાગે તે રમશે એવો અહેવાલ પણ મળ્યો હતો.

૨૦૨૨ના પાછલા વર્લ્ડ કપના ચૅમ્પિયન અને સુપરસ્ટાર મેસીથી આજે ગ્રૂપ-જેની મૅચમાં અલ્જિરિયાના ડિફેન્ડરો ખાસ ચેતશે અને મિડફીલ્ડરો તેમ જ અન્યો મેસીને કાબૂમાં રાખવા કોઈ કસર બાકી નહીં રાખે.

આજની બીજી મહત્ત્વની મૅચ (રાત્રે ૧૦.૩૦ વાગ્યાથી) પોર્ટુગલ અને ડીઆર કૉન્ગો વચ્ચે રમાશે જેમાં પોર્ટુગલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો કૉન્ગોના ખેલાડીઓ પર તૂટી પડશે. યાદ રહે, આ વખતે મેસી અને રોનાલ્ડો લગભગ છેલ્લો વર્લ્ડ કપ રમી રહ્યા છે અને તેઓ શરૂઆતની મૅચથી જ દમદાર પર્ફોર્મ કરશે.

# વર્લ્ડ કપમાં લાગલગાટ ચાર મૅચ ડ્રૉ

## ટચૂકડા કેપ વર્ડેએ ટાઈટલ-ફેવરિટ સ્પેનને ન જીતવા દીધું!

## આફ્રિકાના નવોદિત દેશે પહેલી જ વિશ્વ કપ મૅચમાં મેળવ્યો ઐતિહાસિક પોઇન્ટ

ઍટલાન્ટા/લોસ એન્જલસઃ ૨૩મા ફિફા વર્લ્ડ કપની ધાર્યા મુજબ રોમાંચક શરૂઆત થઈ ગઈ છે જેમાં મોટા ભાગની મૅચો જીત-હારના પરિણામ વગર જ પૂરી થઈ ગઈ છે અને એમાં પણ ખાસ કરીને સોમવાર મોડી રાતથી માંડીને મંગળવાર સવાર સુધીની ચારેચાર મૅચ ડ્રૉમાં પરિણમી હતી.




૪૦ વર્ષનો ગોલકીપર વૉઝિન્હા

### કેપ વર્ડેએ નવો ઇતિહાસ રચ્યો

આફ્રિકા ખંડના કેપ વર્ડે નામના દેશની વસ્તી મુંબઈના મોટા ઉપનગર કરતા અડધી પણ નથી. માંડ ૫,૦૦,૦૦૦ લોકોનો સમાવેશ ધરાવતા આ દેશની ફૂટબૉલ ટીમે નવો ઇતિહાસ સર્જ્યો છે. કેપ વર્ડેનો આ પહેલો જ ફિફા વર્લ્ડ કપ છે અને એમાં એણે પહેલી જ મૅચમાં એક પોઈન્ટ મેળવી લીધો.

### ભૂતપૂર્વ ચેમ્પિયન સ્પેનને જીતથી વંચિત રાખ્યું

૨૦૧૦માં ફિફા વર્લ્ડ કપનું ટાઈટલ જીતીને સમગ્ર વિશ્વને ચોંકાવી દેનાર સ્પેનની ટીમ સોમવારે મોડી રાત્રે ઍટલાન્ટામાં જીતવા માટે ફેવરિટ હતી, પરંતુ કેપ વર્ડેના ડિફેન્ડરોએ તેમ જ તેમના ગોલકીપરે સ્પેનના ખેલાડીઓને એક પણ ગોલ નહોતો કરવા દીધો. પહેલી કિકથી માંડીને આખરી સેકન્ડ સુધી કેપ વર્ડેના ખેલાડીઓએ સ્પેનના પ્લેયર્સને કાબૂમાં રાખ્યા હતા. બંને દેશની મૅચ ૦-૦થી ડ્રૉમાં ગઈ હતી.

### કેપ વર્ડેના ૪૦ વર્ષીય ગોલકીપરનો શાનદાર પર્ફોર્મન્સ

વિશ્વમાં ૬૭મી રેન્કવાળા દેશ કેપ વર્ડેના ૪૦ વર્ષની ઉંમરના ગોલકીપર વૉઝિન્હાએ સ્પેનિશ ફૉર્વર્ડ ખેલાડીઓના વારંવાર આક્રમણ થવા છતાં ગોલ પોસ્ટ પરના તેમના અનેક શૉટમાં બૉલને રોકીને સૌની પ્રશંસા મેળવી હતી. એક તબક્કે સ્પેન-તરફી પ્રેક્ષકોએ પહેલી જ વખત વર્લ્ડ કપમાં રમી રહેલી કેપ વર્ડેની ટીમનો સારી રીતે સામનો ન કરવા બદલ સ્પેનિશ ખેલાડીઓનો હુરિયો બોલાવ્યો હતો. ૧૮ વર્ષીય ટીનેજ સેન્સેશન લેમિન યમાલ પાસે ટીમને ખૂબ અપેક્ષા હતી, પરંતુ તે પણ કેપ વર્ડેની સંરક્ષણ દીવાલ ભેદી નહોતો શક્યો.

### બેલ્જિયમ અને ઉરુગ્વેને પણ ન જીતવા મળ્યું

બેલ્જિયમની પ્રથમ મૅચ ઇજિપ્ત સામે રમાઈ હતી. બેલ્જિયમ જીતવા માટે ફેવરિટ મનાતું હતું, પરંતુ ઇજિપ્ત સામેની એની મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી. ઇજિપ્તે ૨૦ મિનિટમાં ૧-૦થી સરસાઈ લીધી હતી, પણ એના જ ખેલાડી મોહમ્મદ હાનીથી એક ઑન ગોલ થઈ જતાં બેલ્જિયમને બક્ષિસમાં એ ગોલ મળ્યો હતો અને છેવટે મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી.

### સઉદી-ઉરુગ્વે ૧-૧ની બરાબરીમાં

સઉદી અરેબિયા સામે ઉરુગ્વે જીતવા માટે ફેવરિટ હતું, પરંતુ એમની મૅચ પણ ૧-૧થી ડ્રૉ થઈ હતી.

### ઈરાન-ન્યૂ ઝીલૅન્ડ ૨-૨થી ડ્રૉ

પાછલી ત્રણેય મૅચ ડ્રૉમાં ગયા બાદ ઈરાન અને ન્યૂ ઝીલેન્ડનો મુકાબલો પણ ૨-૨થી ડ્રૉમાં પરિણમ્યો હતો. જોકે આ મૅચ ખાસ કરીને ઈરાન માટે ખૂબ અગત્યની હતી, કારણકે એના ખેલાડીઓ અમેરિકા સાથેના ઈરાનના ત્રણ મહિનાથી ચાલતા યુદ્ધ બાદ અમેરિકાની જ ધરતી પર રમવા આવ્યા છે એટલે ઈરાનની ટીમે આ મૅચ જીતીને પોતાના ફૂટબૉલપ્રેમીઓને બક્ષિસ રૂપે આપવાની હતી. જોકે ન્યૂ ઝીલેન્ડે એને જીતવા નહોતું દીધું.

ઈરાન વતી એક-એક ગોલ અનુક્રમે રેઝેઈન અને મોહેબીએ કર્યો હતો, જ્યારે ન્યૂ ઝીલૅન્ડ વતી બંને ગોલ એલિઝા જસ્ટે કર્યા હતા.

# વિશ્વનાં સૌથી પ્રભાવશાળી ખેલાડીઓમાં નથી વિરાટ-રોહિત કે નથી સૂર્યવંશી

## સ્મૃતિ ૧૦૦ પ્લેયર્સમાં એકમાત્ર ભારતીય



ન્યૂ યૉર્કઃ એક વિશ્વવિખ્યાત અંગ્રેજી સામયિકમાં વર્તમાન ખેલજગતના સૌથી પ્રભાવશાળી ૧૦૦ ખેલાડીઓ-ઍથ્લીટોના નામ આપવામાં આવ્યા છે જેમાં એકમાત્ર ભારતીય પ્લેયરનું નામ છે.

તમને કદાચ વિચાર આવ્યો હશે કે એમાં વિરાટ કોહલી કે રોહિત શર્મા કે પછી નવા સેન્સેશન વૈભવ સૂર્યવંશીનું નામ જરૂર હશે. જોકે એવું નથી. ૧૦૦ સૌથી પ્રભાવશાળી ખેલાડીઓમાં બે-ચાર ભારતીયના નામ હશે એવું પણ ઘણાને લાગ્યું હશે, પરંતુ એવું પણ નથી.

ટાઇમ મૅગેઝિનના '૧૦૦ મોસ્ટ ઇન્ફ્લૂએન્શિયલ પીપલ ઇન સ્પોર્ટ્સ-૨૦૨૬'માં વિવિધ દેશોના ઍથ્લીટ, પ્લેયર્સ, કોચ, વકીલો તેમ જ રોકાણકારોના નામ છે. આ દળદાર યાદીમાં જે ભારતીય પ્લેયરનું નામ છે એ છે સ્મૃતિ મંધાના.

ભારતીય મહિલા ટીમની વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાને આ સામયિકે ખેલ જગતના ૧૦૦ સૌથી પ્રભાવશાળી ખેલાડીઓમાં સ્થાન આપ્યું છે. ભારતની વન-ડે વર્લ્ડ ચૅમ્પિયન ટીમની ઉપકપ્તાન સ્મૃતિ મંધાના વન-ડેમાં ડબલ સેન્ચુરી ફટકારનારી પ્રથમ ભારતીય ખેલાડી છે. તે ત્રણેય ઇન્ટરનૅશનલ ફૉર્મેટમાં સદી ફટકારનારી પ્રથમ મહિલા ક્રિકેટર છે. એ ઉપરાંત, મહિલાઓની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તે સૌથી વધુ ૧૭ સેન્ચુરી બનાવનારી ખેલાડી પણ છે.

આ યાદીમાં જગ વિખ્યાત અમેરિકન બાસ્કેટબૉલ ખેલાડી લીબ્રૉન જેમ્સ મોખરે છે. લિયોનેલ મેસી, ટેનિસ ખેલાડી કાર્લોસ અલ્કરાઝ સહિત ઘણા જાણીતા ખેલાડીઓ આ યાદીમાં છે. સાઉથ આફ્રિકાનો ટેમ્બા બવુમા આ લિસ્ટમાં માત્ર બીજો ક્રિકેટર છે. સ્મૃતિ આ યાદીમાં એકમાત્ર મહિલા ક્રિકેટર છે.

# આજે ભારતની ત્રણ ક્રિકેટ મૅચ

## સવારે ઈન્ડિયા-એ વિ. અફઘાનિસ્તાન-એ, બપોરે ભારત વિ. અફઘાનિસ્તાન અને સાંજે મહિલાઓમાં ભારત વિ. નેધરલેન્ડ્સ

દમ્બુલા/લખનઊઃ એક તરફ અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં સંયુક્ત રીતે ફૂટબૉલ વર્લ્ડ કપ ચાલી રહ્યો છે ત્યાં બીજી બાજુ ક્રિકેટ મૅચો પણ અઢળક રમાઈ રહી છે.

આજે ભારતીય ક્રિકેટરોની કુલ ત્રણ મૅચ છે જેમાંની એક મૅચ ભારતની મહિલા ટીમની છે. આ ત્રણમાંથી બે વન-ડે અને એક ટી-૨૦ મૅચ છે.

ભારતીય સમય મુજબ સવારે ૧૦.૦૦ વાગ્યે શ્રીલંકાના દમ્બુલા શહેરમાં ઇન્ડિયા-એ અને અફઘાનિસ્તાન-એ વચ્ચે જંગ છે.

આ ટ્રાયેન્ગ્યુલર છે અને એમાં શ્રીલંકા-એ ટીમ ત્રણમાંથી બે મૅચ જીતીને ચાર પૉઇન્ટ સાથે અગ્રેસર છે. તિલક વર્માના સુકાનમાં ઇન્ડિયા-એ ટીમ ત્રણમાંથી બે મૅચ હારી ચૂકી હોવાથી આજની અફઘાનિસ્તાન-એ સામેની મૅચ ભારતીય ખેલાડીઓએ જીતવી જ પડશે. ભારતીય ટીમ બીજા નંબરે અને અફઘાનની ટીમ ત્રીજા સ્થાને છે. વૈભવ સૂર્યવંશી સોમવારના શ્રીલંકન ખેલાડી સાથેના ધક્કામુક્કીવાળા વિવાદના આઘાતમાંથી બહાર આવીને સારું રમશે એવી આશા રાખીએ. જોકે ૧૫ વર્ષના નવયુવાન વૈભવનું લોહી હજી પણ તપી રહ્યું હશે તો તે અફઘાનિસ્તાન-એ સામે મોટી ઇનિંગ્સ રમશે તો નવાઈ નહીં લાગે.

આજે શુભમન ગિલના સુકાનમાં ભારતની વન-ડે ટીમ લખનઊમાં અફઘાનિસ્તાન સામે સિરીઝની બીજી મૅચ રમશે. ત્રણ મૅચની શ્રેણીમાં ભારત ૧-૦થી આગળ છે અને આજે પણ જીતીને ટ્રોફી પર કબજો કરી શકશે.

આજની ત્રીજી ક્રિકેટ મૅચ હરમનપ્રીત કૌરના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમની છે જેમાં ઇંગ્લૅન્ડના લીડ્સમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં એનો મુકાબલો નેધરલૅન્ડ્સ સામે થશે. ભારતે રવિવારે પાકિસ્તાનની ટીમને દીપ્તિ શર્માની પાંચ વિકેટના જોરે ૬૪ રનના માર્જિનથી કચડી નાખી હતી.

# શ્રીલંકન ખેલાડીએ કહ્યું, 'જા, તું હવે ઘરે જા...': વૈભવે માર્યો ધક્કો, પ્રતિબંધ કે દંડ થશે?

દમ્બુલાઃ અહીં સોમવારે ઇન્ડિયા-એ અને શ્રીલંકા-એ વચ્ચેનો વન-ડે ટ્રાયેન્ગ્યુલરનો મુકાબલો મૅચના પરિણામ કરતાં એમાં બનેલી ઘટના માટે વધુ ચર્ચાસ્પદ રહ્યો છે જેમાં અહેવાલ મુજબ શ્રીલંકન ખેલાડી વિશેન હલમબાગેની ઉશ્કેરણીને પગલે ૧૫ વર્ષીય ભારતીય ખેલાડી વૈભવ સૂર્યવંશીએ તેને ધક્કો માર્યો હતો અને એ કિસ્સામાં વૈભવને કોઈ પ્રકારની સજા થશે? કોઈ દંડ કરવામાં આવશે કે ઠપકો આપીને છોડી દેવામાં આવશે એ વિશે ક્રિકેટપ્રેમીઓમાં ખૂબ ચર્ચા છે.

સૂર્યાંશ શેડગેના ૭૨ રન અને વિપ્રજ નિગમના ૫૧ રનની મદદથી ઇન્ડિયા-એ ટીમે ૨૬૫ રન બનાવ્યા હતા. શ્રીલંકા-એ ટીમ સદીરા સમરાવિક્રમાના ૯૩ રન છતાં ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૬૫ રન બનાવી શકતા મૅચ ટાઇ થઈ હતી અને સુપર ઓવર રાખવામાં આવી હતી જેમાં શ્રીલંકા-એના ૧૬ રનના જવાબમાં ભારત ફક્ત નવ રન બનાવી શકતા હારી ગયું હતું. વૈભવ સૂર્યવંશીએ મુખ્ય મૅચમાં ૨૧ રન અને સુપર ઓવરમાં ફક્ત અણનમ છ રન બનાવ્યા હતા.

આ વિવાદાસ્પદ મૅચમાં અમ્પાયરે શ્રીલંકન ટીમને ૧૦ રન પેનલ્ટીના રૂપમાં આપ્યા હતા. નબળો પ્રકાશ પણ બન્ને ટીમ માટે વિઘ્ન બન્યો હતો. સુપર ઓવરમાં વૈભવ ઇન્ડિયા-એને ન જિતાડી શક્યો એ બાદ સાથી ઓપનર સૂર્યાંશ શેડગે સાથે પાછો આવી રહ્યો હતો ત્યારે ડ્રામા શરૂ થયો હતો. કહેવાય છે કે વૈભવને ઉશ્કેરવા શ્રીલંકાના એક ખેલાડી વારંવાર કંઈક બોલ્યો હતો. વૈભવ નજીક આવતાં વિશેન બોલ્યો, 'મૅચ પૂરી થઈ ગઈ, જા...હવે ઘરે જા.' એવો પણ અહેવાલ છે કે શ્રીલંકન પ્લેયરે વૈભવને ગાળ પણ આપી હતી એટલે વૈભવને ગુસ્સો આવ્યો હતો અને તેણે વિશેનને ધક્કો માર્યો હતો. વિશેને તેને સામો ધક્કો માર્યો હતો. બન્ને મારામારી સુધી આવી ગયા હતા, પણ બન્ને ટીમના ખેલાડીઓએ એકમેકને સમજાવ્યા હતા અને મામલો શાંત થઈ ગયો હતો.

જોકે હવે સવાલ એ છે કે વૈભવે કે શ્રીલંકન ખેલાડીએ આઇસીસીની આચારસંહિતાનો ભંગ કર્યો હતો કે નહીં? સીધી વાત છે કે આ 'જેન્ટલમૅન્સ ગેમ' છે જેમાં કોઈ પણ ખેલાડી અન્ય કોઈ પ્લેયર સાથે કે કોચિંગ સ્ટાફના મેમ્બર સાથે હાથચાલાકી ન કરી શકે કે બૅટ કે બૉલથી તેના પર હુમલો પણ ન કરી શકે. વૈભવથી ક્રોધમાં જે થઈ ગયું એમાં તેણે આચારસંહિતાની કલમ ૨.૧૨નું ઉલ્લંઘન કર્યું કહેવાય. આવા વર્તન બદલ ખેલાડીને ગંભીર સજા થઈ શકે, પરંતુ આઇસીસી સામાન્ય રીતે કોઈ દેશની 'એ' સ્તરની ટીમની સિરીઝ સાથે સંકળાયેલા ગેરશિસ્ત બાબતમાં નિર્ણય નથી લેતી. આવી શ્રેણી માટે આઇસીસી દ્વારા કોઈ મૅચ-ઑફિશિયલ (નિરીક્ષક)ની નિયુક્તિ પણ નથી થતી હોતી. એ જોતાં, ૧૫ વર્ષીય વૈભવ સામે કોઈ પ્રકારની કાર્યવાહી થવાની સંભાવના નથી. જો આઇસીસીના ઑબ્ઝર્વર નિયુક્ત થયા હોત તો વૈભવ સામે એક-બે મૅચના પ્રતિબંધ જેવું કોઈ પગલું ભરાયું હોત અથવા દંડ પણ જાહેર કરાયો હોત.

# ટ્યૂનિશિયાના કોચની ટૂર્નામેન્ટની અધવચ્ચે જ હકાલપટ્ટીઃ નવા કોચનો હૅટ-ટ્રિક વર્લ્ડ કપ

ન્યૂ યૉર્કઃ ૨૩મા ફિફા વર્લ્ડ કપની હજી તો શરૂઆત છે ત્યાં તો ટ્યૂનિશિયા ફૂટબૉલના સંચાલકોએ વિશ્વ કપની ટીમના કોચ સાબ્રી લૅમોઉચીની હકાલપટ્ટી કરી છે અને તેમના સ્થાને હવ રેનાર્ડ નામના નવા કોચની નિયુક્તિ કરી છે. રેનાર્ડનો આ સતત ત્રીજો વર્લ્ડ કપ છે. ૨૦૧૮માં તેમણે મોરોક્કોની ટીમને અને ૨૦૨૨માં સઉદી અરેબિયાની ટીમને કોચિંગ આપ્યું હતું.

ફૂટબૉલમાં કોચ મોટા ભાગે મૅનેજર તરીકે ઓળખાય છે અને ટ્યૂનિશિયાએ બે દિવસ પહેલાં સ્વિડન સામેની મૅચમાં ૧-૫થી પરાજય થતાં કોચ લૅમોઉચીને ગુડ બાય કરી દીધું છે. હવે લીગ રાઉન્ડમાં ટ્યૂનિશિયાની જાપાન અને નેધરલૅન્ડ્સ સામેની લીગ મૅચ બાકી છે અને એ માટે હવ રેનાર્ડની કોચ તરીકે નિયુક્તિ કરી છે.

વર્લ્ડ કપના થોડા દિવસ પહેલાં બેલ્જિયમ સામે ટ્યૂનિશિયાનો ૦-૫થી પરાજય થયો ત્યારથી જ ૫૪ વર્ષના લૅમોઉચી પર લટકતી તલવાર હતી.

રેનાર્ડે વર્લ્ડ કપમાં કોચ તરીકેનો હોદ્દો સ્વીકારતા પહેલાં ૨૦૨૩માં મહિલા વર્લ્ડ કપમાં તથા ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં ફ્રાન્સને સ્થાન અપાવ્યું હતું.

# 'મારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવામાં આવી રહી છે': સૌરવ ગાંગુલીએ કોલકાતા પોલીસમાં કરી ફરિયાદ

કોલકાતાઃ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટ-કૅપ્ટન, બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ અને ક્રિકેટ અસોસિયેશન ઑફ બેંગાલ (સીએબી)ના પ્રમુખ સૌરવ ગાંગુલીએ કોલકાતા પોલીસમાં એક ફરિયાદ નોંધાવી છે જેમાં તેણે આક્ષેપ કર્યો છે કે સોશ્યલ મીડિયા પરના 'સૌરવ ગાંગુલી ફૅન્સ' પેજ પર તેની પ્રતિભાને હાનિ પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

ગાંગુલીએ ફરિયાદમાં સ્પોર્ટ્ઝવિકી નામના મીડિયા પ્લૅટફૉર્મનો ઉલ્લેખ પણ કર્યો છે. આ ફરિયાદ ઠાકુરપુકુર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

ગાંગુલીએ આક્ષેપ કર્યો છે કે આ પેજ પર સતતપણે એવી પોસ્ટ શૅર કરવામાં આવે છે જે મારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનારી છે અને જનતામાં મારા વિશે નકારાત્મક છાપ ઉપજાવનારી છે.

ગાંગુલીએ ફરિયાદમાં કહ્યું છે કે 'મંતવ્યો અને ટીકાઓ જાહેર જીવનના હિસ્સા કહેવાય, પરંતુ મારી પ્રતિષ્ઠા ખરડાવવાના હેતુથી ગેરમાર્ગે દોરતી, બદનામ કરનારી અને પ્રતિભાને નુકસાન પહોંચાડનારી બાબતો જરાય સ્વીકાર્ય ન હોય અને એની સામે યોગ્ય કાનૂની પગલાં ભરવા જ જોઈએ. તેથી હું આ પેજ ચલાવતી વ્યક્તિઓ/જૂથ વિરુદ્ધ મારી ફરિયાદ નોંધવાની તેમ જ કાનૂન મુજબ યોગ્ય પગલાં ભરવાની તમને નમ્ર વિનંતી કરું છું.'

ઉલ્લેખનીય છે કે ભારતના શ્રેષ્ઠ બૅટ્સમેનોમાં ગણાતા તેમ જ સર્વશ્રેષ્ઠ કૅપ્ટનોમાં સ્થાન પામતા ગાંગુલીએ ઑસ્ટ્રેલિયાના ગ્રેગ ચૅપલનું ભારતીય ટીમના હેડ-કોચ તરીકે આગમન થયું એ પહેલાં આક્રમક અભિગમથી ભારતીય ટીમને નવી દિશા અપાવી હતી.

# પાકિસ્તાનની મહિલા ટીમને ભારતીય ક્રિકેટરોના આંચકા પછી આઇસીસીનો પણ કરન્ટ

બર્મિંગમઃ ઇંગ્લૅન્ડ અને વેલ્સમાં ૧૨ દેશ વચ્ચે ચાલી રહેલા ટી-૨૦ મહિલા વર્લ્ડ કપમાં ભારતે રવિવારે અહીં એજબૅસ્ટનમાં પાકિસ્તાનને ૬૪ રનના વિક્રમજનક માર્જિનથી હરાવી દીધું ત્યાર પછી આઇસીસીએ ફાતિમા સનાના નેતૃત્વમાં રમી રહેલી પાકિસ્તાનની ટીમને આંચકો આપ્યો છે. સ્લો ઓવર-રેટની સજા પાકિસ્તાનની ટીમે ચૂકવવી પડી છે.

ભારત સામેની મૅચમાં નિર્ધારિત સમયમાં ૨૦ ઓવર પૂરી ન કરવા બદલ આઇસીસીના મૅચ-રેફરી ટ્રુડી ઍન્ડરસને પાકિસ્તાનની ટીમને પાંચ ટકા મૅચ-ફીનો દંડ ફટકાર્યો છે.

પાકિસ્તાનની ટીમના ધ્યાનમાં સ્લો ઓવર-રેટને લગતો નિયમ હોવા છતાં એણે આઇસીસીની આચારસંહિતાની કલમ ૨.૨૨નો ભંગ હોવા બદલ આ દંડ કરાયો છે.

ભારતે આ મૅચમાં ટૉસ જીતીને ૨૦ વિકેટે છ વિકેટે ૧૭૦ રન બનાવ્યા હતા. સ્મૃતિ મંધાનાએ ૪૪ બૉલમાં બે સિક્સર અને નવ ફોરની મદદથી ૬૮ રન બનાવ્યા હતા. પાકિસ્તાનની ટીમ માત્ર ૧૦૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. સ્પિનર દીપ્તિ શર્માએ સૌથી વધુ પાંચ વિકેટ અને શ્રી ચરનીએ ત્રણ વિકેટ લીધી હતી. દીપ્તિ શર્મા કુલ ૧૬૬ વિકેટ સાથે હવે મહિલા ટી-૨૦ જગતમાં હાઇએસ્ટ વિકેટ-લેનાર બોલર બની ગઈ છે.

# વૈભવ સાથે પંગો લેવાનું ભારે પડ્યું, શ્રીલંકન ખેલાડીઓને દંડ થયોઃ જોકે ડિકવેલા સામે કેમ પગલું ભરાયું?

દમ્બુલાઃ ૧૫મી જૂને અહીં ઇન્ડિયા-એ અને શ્રીલંકા-એ વચ્ચેની મૅચમાં જે અણબનાવ થયો એની અસર શ્રીલંકાના ખેલાડીઓ પર જોવા મળી રહી છે, કારણકે એક જાણીતી ક્રિકેટ વેબસાઇટના અહેવાલ મુજબ વૈભવ સૂર્યવંશી સાથે તકરારમાં અને ધક્કા-મુક્કીમાં ઉતરનાર શ્રીલંકન ખેલાડી વિશેન હલમ્બગે તેમ જ એ પહેલાં ભારતીય પ્લેયર્સને અપશબ્દો કહેનાર ખેલાડીઓને શ્રીલંકન ક્રિકેટ બોર્ડ દંડ ફટકાર્યો હોવાનું જાણવા મળ્યું છે.

### શ્રીલંકન ખેલાડીઓની મૅચ-ફી કપાઈ

કોને શું સજા અને દંડ કરવામાં આવ્યા છે એનો શ્રીલંકા ક્રિકેટે કોઈ ખુલાસો નથી કર્યો, પણ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે શ્રીલંકાના ક્રિકેટ બોર્ડે ઝઘડામાં સામેલ ખેલાડીઓની મૅચ-ફી કાપી નાખી છે. વૈભવને વિશેન હલમ્બગેએ ઉશ્કેર્યો હતો.

### મૅચ રેફરીએ આપ્યો રિપોર્ટ

પ્રદીપ જયપ્રગાશને મૅચ-રેફરી તરીકેની જવાબદારી સોંપવામાં આવતી હતી અને તેમણે અમ્પાયર્સ તેમ જ ઘટના સાથે સંકળાયેલાઓ સાથે વાતચીત કરી ત્યાર બાદ આ કડક પગલું ભરવામાં આવ્યું છે.

### વિકેટકીપરનો વધુ પડતો બબડાટ

દરમ્યાન એક વાત એવી જાણવા મળી છે કે શ્રીલંકાના ક્રિકેટ બોર્ડે અનુભવી વિકેટકીપર-બૅટ્સમૅન નિરોશન ડિકવેલા સામે પગલું ભર્યું છે. કહેવાય છે કે તેને પણ દંડ કરાયો છે.

તેણે તો વૈભવ-વિશેનને શાંત પાડવાની કોશિશ કરી હતી, પરંતુ મૅચ દરમ્યાન જરૂર કરતાં વધુ અપીલ કરી એ બદલ તેની સામે ઍક્શન લેવામાં આવ્યું છે.

કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# બૅન્ક એફડી માટે આવી રહ્યા છે નવા નિયમ!




ભારતમાં બચત સંસ્કૃતિ સદીઓ પુરાણી છે. એક જમાનામાં ભારતનું સ્થાન સેવિંગ્સ ઇકોનોમીની યાદીમાં ટોચ પર રહેતું હતું, જોકે અમેરિકન કલ્ચરના વધુ સંસર્ગને કારણે આપણે પણ સ્પેન્ડિંગ ઇકોનોમી તરફ આગળ વધી રહ્યા છે. આમ છતાં આજે પણ દેશનો મધ્યમવર્ગ બચતને પ્રાધાન્ય આપે છે.

આજે બચત અને રોકાણ માટે અનેક અવનવાં વિકલ્પો મોજૂદ છે, તેમ છતાં જ્યારે નાણાંના રોકાણ કરવાની વાત આવે છે, ત્યારે મોટાભાગના લોકો, ખાસ કરીને મધ્યમવર્ગીય લોકો ફિક્સ્ડ ડિપોઝિટ (એફડી)ને સલામત વિકલ્પ માને છે કારણ કે તે શેરબજારની વધઘટથી સીધી રીતે પ્રભાવિત થતા નથી.

વધુમાં, બૅન્કની ચોક્કસ મુદ્દતની થાપણમાં રોકાણ કરવાથી ચોક્કસ મુદત પછી મૂળ રકમ સાથે નિશ્ચિત વ્યાજ ચુકવણી સુનિશ્ચિત થાય છે, અને વળતર અંગે અનિશ્ચિતતા ઓછી થાય છે. આ જ કારણ છે કે જોખમ ટાળનારા રોકાણકારો અને નિયમિત આવક મેળવવા માગતા લોકો ઘણીવાર ફિક્સ્ડ ડિપોઝિટને પ્રાથમિકતા આપે છે. જો તમારી પાસે એફડી હોય, તો તમારે માટે એ જાણવું રસપ્રદ રહેશે કે તાજેતરમાં ફિક્સ્ડ ડિપોઝિટ અંગે નવા નિયમો લાગુ કરવા માટે એક પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

રિઝર્વ બેન્ક આ મુખ્ય ફેરફારો રજૂ કરવાની તૈયારી કરી રહી છે. જો આ ફેરફારો અમલમાં મૂકવામાં આવે તો, નવાં નિયમો બૅન્કોને તેમની ચોક્કસ જરૂરિયાતો અને પ્રવર્તમાન બજાર પરિસ્થિતિને આધારે મોટી ડિપોઝિટ માટે વિવિધ વ્યાજ દરો નક્કી કરવાની મંજૂરી આપશે.

વધુમાં, બૅન્કોને તેમના એફડી વ્યાજ દરોની જાહેરાત અગાઉથી સાર્વજનિક રીતે કરવાની જરૂર પડશે. આ પગલાં બૅન્કિંગ સિસ્ટમમાં પારદર્શિતા વધારવા અને ગ્રાહકોને વધુ સારી માહિતી પ્રદાન કરવાની અપેક્ષા સાથે વિચારણાં આધિન છે. હાલમાં, રિઝર્વ બેન્કે ૨૦મી જૂન, ૨૦૨૬ સુધી આ દરખાસ્તો અંગે જાહેર જનતા અને સંબંધિત હિસ્સેદારો પાસેથી સૂચનો મંગાવ્યા છે.

## બલ્ક ડિપોઝિટ અંગે શું બદલાવ થવાનો છે?

આ ફેરફારો મુખ્યત્વે બલ્ક ડિપોઝિટ, એટલે કે સંસ્થાકીય રોકાણકારો, કોર્પોરેશનો અથવા હાઇ-નેટ-વર્થ વ્યક્તિઓ દ્વારા બૅન્કોમાં જમા કરાયેલી મોટી રકમ સંબંધિત છે. જ્યારે આવી થાપણો માટે વ્યાજ દરો માટે અગાઉ એક માળખાગત અભિગમ રહ્યો છે, ત્યારે નવી દરખાસ્ત બૅન્કોને વધુ સુગમતા આપવાનો હેતુ ધરાવે છે.

જો આ નિયમ લાગુ કરવામાં આવે તો, બૅન્કોને તેમની ભંડોળની જરૂરિયાતો, પ્રવાહિતાની સ્થિતિ અને બજારની સ્થિતિને ધ્યાનમાં લેતા, વિવિધ ગ્રાહકો અથવા થાપણ રકમ માટે અલગ વ્યાજ દર નક્કી કરવાની મંજૂરી મળશે. આનો અર્થ એ છે કે જ્યારે બૅન્કને વધુ ભંડોળની જરૂર હોય છે, ત્યારે તે મોટી થાપણો આકર્ષવા માટે ઊંચા વ્યાજ દરો ઓફર કરી શકે છે; તેનાથી વિપરીત, ભંડોળની જરૂરિયાત ઓછી થાય ત્યારે દર ઘટાડી શકાય છે.

## વ્યાજ દરોમાં પારદર્શિતા પર ભાર

રિઝર્વ બેન્કના પ્રસ્તાવનું સૌથી મહત્ત્વપૂર્ણ પાસું પારદર્શિતા સાથે સંબંધિત છે. દેશની કેન્દ્રીય બૅન્ક ઇચ્છે છે કે બધી બૅન્કો તેમની ફિક્સ્ડ ડિપોઝિટ (એફડી) અને અન્ય ડિપોઝિટ યોજનાઓ માટેના વ્યાજ દરોની સંપૂર્ણ વિગતો તેમની વેબસાઇટ પર અગાઉથી પ્રકાશિત કરે.

આ માહિતી કાર્યકારી દિવસ શરૂ થાય તે પહેલાં ઉપલબ્ધ હોવી જોઈએ. આ પગલાનો ફાયદો એ છે કે ગ્રાહકો વિવિધ બૅન્કોમાં વ્યાજ દરોની સરળતાથી તુલના કરી શકશે. તેનાથી બૅન્કો ચોક્કસ ગ્રાહકોને શાંતિથી અલગ દર ઓફર કરે છે અથવા માહિતી રોકી રાખે છે તેવી શક્યતા ઓછી થશે.

વધુમાં, રોકાણકારો માટે કઈ બૅન્ક વધુ સારું વળતર આપે છે તે નક્કી કરવું સરળ બનશે. નિષ્ણાતો માને છે કે આ ફેરફાર એફડી બજારને વધુ સ્પર્ધાત્મક અને કાર્યક્ષમ બનાવશે, જેનાથી ગ્રાહકોને નોંધપાત્ર ફાયદો થશે.

## આનાથી સરેરાશ એફડી રોકાણકારો પર કેવી અસર પડશે?

આ દરખાસ્ત મુખ્યત્વે ઉચ્ચ-મૂલ્ય (હાઇ વેલ્યૂ)ની થાપણો પર ધ્યાન કેન્દ્રિત કરવાની હોવાને કારણે નાના રોકાણકારોની પ્રમાણભૂત એફડી પર તાત્કાલિક અસર થશે નહીં. જો કે, લાંબા ગાળે, બૅન્કો વચ્ચે વધતી સ્પર્ધા એફડી દરોમાં વધુ તફાવત તરફ દોરી શકે છે.

આને પરિણામે, રોકાણકારો માટે નવા એફડી અકાઉન્ટ ખોલતા પહેલા, અથવા વર્તમાન બૅન્કના ફિક્સ્ડ ડિપોઝિટ ખાતા રિન્યૂ કરતા પહેલા વિવિધ બૅન્કોમાં વ્યાજ દરોની તુલના કરવી આવશ્યક બનશે. ફક્ત પોતાની હાલની બૅન્કમાં પૈસા જમા કરાવવા પૂરતા રહેશે નહીં; વધુ સારું વળતર મેળવવા માટે બજાર પર નજર રાખવી જરૂરી બની શકે છે.

## રોકાણકારોએ શું ધ્યાનમાં રાખવું જોઈએ?

નાણાકીય ક્ષેત્રના નિષ્ણાતો સૂચવે છે કે નવા નિયમો અમલમાં આવ્યા બાદ મોટા રોકાણકારો બૅન્ક સાથે સીધા વ્યવહાર કરીને વધુ સારા વ્યાજ દરો માટે વાટાઘાટો કરવાનો પ્રયાસ કરી શકે છે. દરમિયાન, નાના રોકાણકારો માટે પણ વધુ વિકલ્પો ઉપલબ્ધ થઈ શકે છે.

જોકે, ફક્ત ઊંચા વ્યાજ દરના આધારે નિર્ણય લેવો યોગ્ય નથી. એફડી પસંદ કરતી વખતે, બૅન્કની વિશ્વસનીયતા, મુદત પહેલાના ઉપાડ માટે દંડની ટકાવારી, પ્રવાહિતા (આવશ્યકતા પડે ત્યારે ભંડોળની ઉપલબ્ધતા) અને રોકાણનો સમયગાળો જેવા પરિબળો ધ્યાનમાં લેવા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ■

***આરબીઆઇ ખાસ કરીને બૅન્કોમાં પારદર્શિતા લાવવા માટે અને થાપણદારોને વાજબી લાભ મળી શકે એ માટે ચોક્કસ મુદ્દતની થાપણો માટે કેટલાક ફેરફાર લાવવાની તૈયારીમાં છે. પ્રથામિક ધોરણે નવા નિયમોથી પારદર્શિતા સાથે બૅન્કિંગ ક્ષેત્રે સ્પર્ધામાં પણ વધારો થશે, જેનો લાભ બેન્કના ગ્રાહકોને મળી શકે છે.***

***નવા નિયમો અમલમાં આવ્યા બાદ મોટા રોકાણકારો બૅંક સાથે સીધા વ્યવહાર કરીને વધુ સારા વ્યાજ દરો માટે વાટાઘાટો કરી શકશે. જ્યારે, નાના રોકાણકારો માટે પણ વધુ વિકલ્પો ઉપલબ્ધ થઈ શકે છે.***

***જોકે, નિષ્ણાતો ચેતવે છે કે, ફક્ત ઊંચા વ્યાજ દરના આધારે નિર્ણય લેવો યોગ્ય નથી. એફડી પસંદ કરતી વખતે, બૅન્કની વિશ્વસનીયતા, મુદત પહેલાના ઉપાડ માટે દંડની ટકાવારી, પ્રવાહિતા (આવશ્યકતા પડે ત્યારે ભંડોળની ઉપલબ્ધતા) અને રોકાણનો સમયગાળો જેવા પરિબળો ધ્યાનમાં લેવા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.***

પ્રાસંગિક___અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ૨૦૨૬ ગ્લોબલ પીસ ઈન્ડેક્સઃ

# તૂટતી દુનિયા-AIની ખતરનાક ભૂમિકા



આ વર્ષે જાહેર થયેલો ૨૦૨૬ ગ્લોબલ પીસ ઇન્ડેક્સ (જાગતિક શાંતિ સૂચકાંક) વિશ્વ સામે એક ભયાનક અને ચોંકાવનારી વાસ્તવિકતા રજૂ કરે છે, જે તમામ રાષ્ટ્રો માટે એક ગંભીર ચેતવણી સમાન છે. 'ઇન્સ્ટિટ્યૂટ ફોર ઇકૉનૉમિક્સ ઍન્ડ પીસ' દ્વારા બહાર પાડવામાં આવેલા આ અહેવાલમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સળંગ બારમા વર્ષે વૈશ્વિક શાંતિની સ્થિતિમાં મોટો ઘટાડો નોંધાયો છે જે દર્શાવે છે કે આપણે એક અત્યંત અસ્થિર યુગ તરફ આગળ વધી રહ્યા છીએ. અહેવાલ મુજબ વર્તમાન સમયમાં વિશ્વભરમાં ૬૧ સક્રિય રાજ્ય-આધારિત સંઘર્ષો ચાલી રહ્યા છે જે બીજા વિશ્વ યુદ્ધ પછીની સૌથી ઊંચી અને ચિંતાજનક સંખ્યા છે. આ આંકડો માત્ર યુદ્ધોની સંખ્યા નથી દર્શાવતો, પરંતુ તે આંતરરાષ્ટ્રીય સ્તરે રાજદ્વારી સંબંધો અને શાંતિ સ્થાપનારી સંસ્થાઓની નિષ્ફળતાનો પણ ખુલ્લો ચિતાર આપે છે. દુનિયા હવે માત્ર સીધી હિંસાના સ્તરે જ સંકટનો સામનો નથી કરી રહી, પરંતુ આર્થિક રાજકીય અને તકનીકી મોરચે પણ એક ઊંડી ખાઈ તરફ ધકેલાઈ રહી છે.

આ વૈશ્વિક અશાંતિ પાછળ મુખ્ય ભૂમિકા ભજવનાર પરિબળને અહેવાલમાં 'મહાવિભાજન' તરીકે ઓળખાવવામાં આવ્યું છે, જે આજના સમયનું સૌથી મોટું ભૂ-રાજકીય પરિવર્તન બની ગયું છે.

મહાવિભાજનનો સીધો અર્થ એ છે કે વૈશ્વિક સ્તરે સત્તાનું સંતુલન હવે સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે, જેમાં પરંપરાગત યુરોપિયન મહાસત્તાઓની શક્તિ ઝડપથી ઘટી રહી છે અને નવી મધ્યમ શક્તિઓનો પ્રભાવ વધી રહ્યો છે. આ પરિવર્તનને સમજવા માટે આર્થિક આંકડા ખૂબ મહત્ત્વના છે, કારણ કે ૧૯૯૫ પછી વૈશ્વિક જીડીપીમાં જર્મનીનો હિસ્સો ૪૯ ટકા, ફ્રાંસનો ૪૪ ટકા અને ઇટાલીનો ૪૨ ટકા જેટલો ઘટી ગયો છે. આ આર્થિક નબળાઈને કારણે બહુ-પક્ષીય વૈશ્વિક સંસ્થાઓ અને સંયુક્ત રાષ્ટ્ર જેવાં સંગઠનો પ્રભાવહીન બન્યાં છે જેના પરિણામે આંતરરાષ્ટ્રીય નિયમો હવે તૂટી રહ્યા છે.

આ વર્ષના અહેવાલમાં રજૂ કરાયેલા આંકડા કોઈ પણ નાગરિકને ચોંકાવી દે તેવા છે, કારણ કે વિશ્વના ૯૯ દેશમાં શાંતિની સ્થિતિ પહેલાં કરતાં વધુ ખરાબ થઈ છે. વીસ વર્ષ પહેલાં જ્યારે આ ઇન્ડેક્સની શરૂઆત થઈ હતી ત્યારથી અત્યાર સુધીમાં કોઈ પણ એક વર્ષમાં દેશોની શાંતિ કથળવાનો આ સૌથી મોટો આંકડો છે. જો એ લાંબા સમયગાળાને જોવામાં આવે તો દુનિયાના ૧૧૯ દેશ એટલે કે લગભગ ૭૩ ટકા રાષ્ટ્રો ૨૦૦૭ના વર્ષ કરતાં આજે ઓછા શાંત અને વધુ હિંસક બન્યાં છે. હિંસા અને સશસ્ત્ર લડાઈઓની આ વશ્વિક આર્થિક અસર પણ અતિશય વધી ગઈ છે જે આ વર્ષે ૩.૨ ટકાના વધારા સાથે ૨૧.૮૧ ટ્રિલ્યન અમેરિકી ડૉલર પર પહોંચી ગઈ છે. આ આખી રકમ વૈશ્વિક જીડીપીના ૧૦.૫ ટકા જેટલી થવા જાય છે જેનો અર્થ એ થાય કે માનવ કલ્યાણ શિક્ષણ આરોગ્ય અને ગરીબી હટાવવા પાછળ જે નાણાં ખર્ચાવા જોઈતાં હતાં તે હવે હથિયારો, સૈન્ય સુરક્ષા અને યુદ્ધના વિનાશને સરખો કરવા પાછળ વેડફાઈ રહ્યા છે. ૨૦૨૫ના વર્ષ દરમિયાન વૈશ્વિક સંઘર્ષોમાં ૧,૮૧,૦૦૦થી વધુ નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે જે વર્ષ ૨૦૦૮ની સરખામણીમાં છ ગણો મોટો વધારો દર્શાવે છે અને આ આંકડો માનવતાના પતન તરફ ઇશારો કરે છે.

આજના આધુનિક યુદ્ધોનો ચહેરો બદલવામાં AI-આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને અદ્યતન ટેક્નૉલૉજીએ સૌથી ખતરનાક ભૂમિકા ભજવી છે જે આ અહેવાલનો સૌથી નવો અને મહત્ત્વનો મુદ્દો છે. વર્ષ ૨૦૧૮ અને ૨૦૨૫ વચ્ચેના ટૂંકા ગાળામાં વૈશ્વિક સ્તરે ડ્રોન હુમલાઓની સંખ્યામાં ૧૧,૫૦૦ ટકાથી પણ વધુનો અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. આ ટેક્નૉલૉજિકલ ક્રાંતિએ યુદ્ધને વધુ ઘાતક બનાવ્યું છે, કારણ કે અગાઉ લશ્કરી વડાઓ કે સૈન્ય દ્વારા કોઈ ચોક્કસ નિશાન કે દુશ્મનને ટાર્ગેટ કરવા માટે આખી માનવીય પ્રક્રિયામાં એક દિવસ જેટલો સમય લાગતો હતો તે હવે AI ટૂલ્સની મદદથી ગણતરીની સેકન્ડોમાં નષ્ટ થઈ જાય છે. ગાઝાના સંઘર્ષમાં AI આધારિત ટાર્ગેટિંગ સિસ્ટમ અને યુક્રેનના યુદ્ધ મેદાનમાં સ્વાયત્ત હથિયારોનો ખુલ્લેઆમ ઉપયોગ આ વાતની ગવાહી આપે છે.

વૈશ્વિક અર્થતંત્ર પર ઇરાન સાથેના તણાવની અસરો પણ આ સૂચકાંકમાં ખૂબ જ સ્પષ્ટ રીતે રેખાંકિત કરવામાં આવી છે. જો વૈશ્વિક નેતાઓ અને સફળ મુત્સદ્દીગીરી દ્વારા ઇરાન સાથેના યુદ્ધની સ્થિતિ અને પ્રાદેશિક અશાંતિનો કાયમી નિકાલ લાવવામાં આવે તો તેનાથી વૈશ્વિક અર્થતંત્રને અંદાજે ૨.૨ ટ્રિલિયન ડૉલરનો સીધો આર્થિક ફાયદો થઈ શકે તેમ છે, પરંતુ જો વર્તમાન તણાવ ચાલુ રહેશે તો પ્રથમ વર્ષમાં જ વૈશ્વિક જીડીપીમાં ૦.૬ ટકાનો મોટો ઘટાડો આવી શકે છે, જેના કારણે આર્થિક મંદી વધુ ઘેરી બનશે. આ ભૌગોલિક-રાજકીય તણાવની સૌથી ખરાબ અસર પાકિસ્તાન ઇજિપ્ત અને કેન્યા જેવા દેશો પર પડી રહી છે જેઓ પહેલેથી જ આર્થિક રીતે અસ્થિર છે અને ૨૦૨૬ના અંત સુધીમાં આ દેશો ૫.૧ અબજ ડૉલરનાં આકરાં ઋણ ભારણ સામે ઝઝૂમી રહ્યા છે જે તેમની આંતરિક સુરક્ષાને પણ જોખમમાં મૂકી શકે છે.

દક્ષિણ એશિયાના પ્રદેશ પર આ બદલાતી પરિસ્થિતિઓની ખૂબ જ નકારાત્મક અને પ્રતિકૂળ અસર પડી છે જેમાં આ ક્ષેત્રમાં મોટો પ્રાદેશિક ઘટાડો નોંધાયો છે. ભારતની પડોશમાં આવેલું નેપાળ ગ્લોબલ પીસ ઇન્ડેક્સના રૅન્કિંગમાં એકસાથે ૨૬ ક્રમ નીચે સરકી ગયું છે. વૈશ્વિક સ્તરે કોઈ પણ દેશ માટે નોંધાયેલો આ સૌથી મોટો આંતરિક ઘટાડો છે, જ્યારે પાકિસ્તાન પણ ૧૫૨માં અત્યંત અશાંત ક્રમે આવી પહોંચ્યું છે. ઇરાન પ્રેરિત ક્ષેત્રીય અશાંતિ સરહદો પર વધતા ડ્રોન હુમલા પુરવઠા-શૃંખલામાં પડતા વારંવારના ભંગાણ અને તેના કારણે ઊભી થતી ખાદ્ય-સ્ફીતિ એટલે કે અનાજની મોંઘવારી ભારત અને તેની આસપાસના સમગ્ર દક્ષિણ એશિયાઈ પ્રદેશ માટે ૨૦૨૬ અને ૨૦૨૭નાં આગામી વર્ષોને અત્યંત પડકારજનક અને નાજુક બનાવી શકે છે. ભારતે પોતાની આર્થિક પ્રગતિ જાળવી રાખવા માટે આ તમામ બાહ્ય પરિબળો અને પ્રાદેશિક અસ્થિરતા સામે સતર્ક રહેવું પડશે.

આ તમામ નકારાત્મક અહેવાલો અને અશાંતિની વચ્ચે પણ દુનિયામાં શાંતિના કેટલાક ઉજળા ટાપુઓ હજુ પણ અકબંધ છે, જે આશાનાં કિરણ સમાન છે. આઇસલૅન્ડ દેશ સળંગ ઓગણીસમા વર્ષે પણ વિશ્વિના સૌથી શાંત દેશ તરીકે પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યો છે જે એક અદ્ભુત બાબત છે. આઇસલૅન્ડ પછીના ક્રમે ન્યૂઝીલૅન્ડ, સ્વિટ્ઝર્લૅન્ડ, સ્લોવેનિયા અને આઇર્લૅન્ડ જેવા દેશો આવે છે જેઓ ઉત્કૃષ્ટ શાંતિ ધરાવે છે. આ દેશો સમગ્ર વિશ્વને એ વાતનો જીવંત પુરાવો આપે છે કે વર્તમાન સમયમાં પણ શાંતિ જાળવવી અશક્ય નથી.

આ સમગ્ર અહેવાલનો મુખ્ય નીચોડ એ છે કે વર્તમાન સમયમાં શાંતિ સ્થાપવાના પ્રયાસો અને AI આધારિત હથિયારો વચ્ચે એક અત્યંત જોખમી સ્પર્ધા ચાલી રહી છે, જેમાં શાંતિ હારી રહી હોય તેવું લાગે છે. 'આઇઇપી'ના સ્થાપક સ્ટીવ કિલ્લીએ ખૂબ જ ગંભીર શબ્દોમાં ચેતવણી આપી છે કે મહાવિભાજન જેમ જેમ વધુ ઊંડું અને મજબૂત થઈ રહ્યું છે તેમ તેમ ભૂ-રાજકારણ અને ટેક્નૉલૉજીમાં આવતા અત્યંત ઝડપી ફેરફારો સામે આપણા જૂના શાંતિ-સ્થાપક માળખાં તદ્દન નબળાં અને ટૂંકા પુરવાર થઈ રહ્યાં છે. વૈશ્વિક સ્તરે સૈન્ય અને સંરક્ષણ પાછળનો કુલ ખર્ચ અત્યારે ૨.૯ ટ્રિલિયન ડૉલરના સર્વોચ્ચ ઐતિહાસિક સ્તરે પહોંચી ગયો છે પરંતુ તેની સામે વાસ્તવિક શાંતિ-નિર્માણ અને યુદ્ધ રોકવાનાં કાર્યો માટેનું વૈશ્વિક રોકાણ સૈન્ય ખર્ચના માત્ર ૦.૫૨ ટકા જેટલું જ છે. આ વિરોધાભાસ અને હથિયારોની આંધળી દોડ લાંબો સમય ટકી શકે તેમ નથી કારણ કે તે સમગ્ર માનવ સભ્યતાને વિનાશ તરફ દોરી જાય છે. તેથી ૨૦૨૬નો 'ગ્લોબલ પીસ ઇન્ડેક્સ' એ માત્ર આંકડાકીય સ્થિતિ દર્શાવતો અહેવાલ નથી, પરંતુ તે વિશ્વનાં તમામ શક્તિશાળી રાષ્ટ્રો તેમના રાજકીય આગેવાનો અને વૈશ્વિક નાગરિકો માટે પોતાની નીતિઓ બદલવા અને માનવતા બચાવવા માટેની એક ગંભીર અને છેલ્લી અંતિમ ચેતવણી છે. ■




feedback@bombaysamachar.com
પ્રફુલ શાહ

# ફારુક અબ્દુલ્લાહ સહિતના મહાનુભાવો ખોટી રીતે જમીન લેનારાઓની યાદીમાં

જમ્મુ અને કાશ્મીર સ્ટેટ લૅન્ડ (વેસ્ટિંગ ઑફ ઓનરશિપ ટુ ઑક્યુપન્ટ્સ) ઍક્ટ લાવવા પાછળ હતો ઉમદા હેતુ. ગેરકાયદે જમીન પર કબજો જમાવનારાઓ પાસેથી અમુકતમુક ભાવ વસૂલીને એ રકમનો ઉપયોગ ગામડાંમાંવીજળી પૂરી પાડવી. કોઈક ઘર સદીઓ બાદ ઝળહળતાં થવાનાં હતાં ને બર્ફીલા જીવનમાં ઉષ્મા ઉમેરવાની હતી પણ હાય રે જન્મોજન્મના ભૂખ્યા એવા ભુંડાજનો...

આમાંય કલ્પના ન કરી શકાય સ્કૅમબાજી થઈ. રાજ્યના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (કેગ-કમ્પટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ)એ જ ગેરરીતિની નોંધ લીધી. લાંબી અને વિવિધ તપાસમાં ભારે ગોટાળા થયાનું સાબિત થયું. અંતે ૯ ઑક્ટોબર ૨૦૨૦ના દિવસે જમ્મુ અને કાશ્મીર હાઈ કોર્ટે આ કાયદા તથા તેની શરૂઆતથી કરવામાં આવેલી તમામ જમીન ફાળવણીઓને 'શૂન્ય અને અમાન્ય' તથા 'ગેરબંધારણીય' 'અસંવિધાનિક' જાહેર કર્રી હતી. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ગુલામ નબી આઝાદ સરકારે ૨૦૦૭માં બનાવેલા નિયમોને કોઈ કાયદાકીય મંજૂરી મળેલી હોવાનું દેખાતું નથી. રાજ્ય સરકારે જણાવ્યું હતું કે તે છ મહિનામાં આ યોજના હેઠળ ફાળવાયેલી જમીન પાછી મેળવશે. યોજનાનો લાભ લેનાર તમામ લોકોની ઓળખ જાહેર કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

આટલું જ નહિ, ૨૨ ઑક્ટોબર ૨૦૨૦ના રોજ જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્રે આ કાયદાનો લાભ લેનારા પ્રધાનો, ધારાસભ્યો, અમલદારો, પોલીસ અધિકારીઓ, સરકારી કર્મચારીઓ, વેપારીઓ, અન્ય પ્રભાવશાળી વ્યક્તિઓ અને તેમના સંબંધીઓની સંપૂર્ણ વિગતો રજૂ કરવાનો આદેશ આપ્યો હતો, પણ મોટા માથા આવું કરે ખરા?


ફારુક અબ્દુલ્લાહ

આનો જવાબ મળ્યો ૨૪ નવેમ્બર ૨૦૨૦ના રોજ. ખુદ ભારતના કેન્દ્રીય કાયદા પ્રધાન રવિ શંકર પ્રસાદે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાહ પણ રોશની ઍક્ટના લાભાર્થીઓમાં સામેલ હતા. આ યાદીમાં અન્ય લોકોમાં જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ નાણાં પ્રધાન હસીબ દ્રાબુ, કૉંગ્રેસ નેતા મજિદ વાની, ભૂતપૂર્વ પ્રધાન અને એનસી નેતા સજ્જાદ કિચલૂ તથા ભૂતપૂર્વ જેકે બૅન્ક અધ્યક્ષ એમ. વાય. ખાનનો સમાવેશ થતો હતો. બોલો, શું કહેવું આવા લોકો માટે?

જમ્મુ અને કાશ્મીરના રોશની ઍક્ટ કૌભાંડ, રોશની લૅન્ડ સ્કૅમ તરીકે ઓળખાતી આ ગોબાચારીમાં બડે લોકોએ અંદાજે ૨૫૦૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હતો. તેમાં રાજ્ય કાયદાની જમીનની આડમાં સરકારી અને વનજમીનની માલિકી વગદાર વ્યક્તિઓ, રાજકારણીઓ અને અમલદારોને ગેરકાયદે સોંપવામાં આવી હોવાના આક્ષેપ કરાયા હતા.

કેવી રીતે આચરાયું આ કૌભાંડ એ પણ જોઈએ. આ કાયદાના ન્યાયી, તટસ્થ અને પારદર્શક અમલ માટે રચાયેલી સ્થાયી સમિતિઓએ મનસ્વીપણે કિંમત નિર્ધારણ કર્યું. જમીનની કિંમત ખૂબ ઓછી અથવા નામમાત્ર રાખી કે જેથી રાજકારણીઓ, પ્રભાવશાળી વેપારીઓ અને અમલદારોને ઇરાદાપૂર્વક મોટોમસ લાભ મળી શકે.

એટલે જ તો આ કાયદા હેઠળ ૨૫,૦૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવાની નેમ સામે ૨૦૦૭થી ૨૦૧૩ વચ્ચે સરકારે માત્ર ૭૬ કરોડ રૂપિયા જ વસૂલ કર્યા. મૂલ્યવાન જમીનનો મોટો હિસ્સો શંકાસ્પદ રીતે 'કૃષિ જમીન' તરીકે ખૂબ ઓછી કે શૂન્ય કિંમતમાં હસ્તાંતર કરવામાં આવ્યો. આ કૌભાંડના પ્રતાપે તોતિંગ આવકનું નુકસાન થયું હતું.

પ્રભાવશાળી વ્યક્તિઓ અને કેટલાક કિસ્સાઓમાં ન્યાયિક અધિકારીઓ તથા પોલીસ અધિકારીઓએ પણ આવક વિભાગના અધિકારીઓ સાથે મળીને અયોગ્ય ખાનગી પક્ષોને વનજમીન અને વિકાસ સત્તામંડળની પ્રીમિયમ જમીનની માલિકી ગેરકાયદે રીતે અપાવી હતી. આમાં સોનામહોર જેવી ગુલમર્ગ એસ્ટેટની કીમતી જમીન પણ અપાઈ હતી.

પછી શું થયું? રેકૉર્ડમાં હેરફેર કરવા બદલ અનેક અધિકારીઓ, રાજકારણીઓ અને ખોટા લાભાર્થીઓ સામે અનેક પોલીસ ફરિયાદ નોંધાઈ અને... હા, રોશનીના સાચા હકદાર અંધારામાં જ રહ્યા એ કહેવાની જરૂર ખરી?

(સંપૂર્ણ)■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## વર્લ્ડ કપ પ્લેયરને ‘વેડિંગ લીવ’



તમે જો કોઈ કંપનીમાં નોકરી કરી હશે અથવા તમારા બિઝનેસમાં કોઈને નોકરીએ રાખ્યા હશે તો ‘કેઝ્યુઅલ લિવ, સિક લિવ, પ્રિવિલેજ લિવ અને બીજી કેટલીક સ્પેશ્યલ લિવ નામે ઓળખાતી મળતી કે આપવી પડતી રજા વિશે સાંભળ્યું હશે. હાલ યુએસ, મેક્સિકો અને કેનેડામાં ચાલી રહેલી વર્લ્ડ કપ ફૂટબોલ સ્પર્ધા પૂર્વે એક એવી રજાને પ્રસિદ્ધિ મળી જેને ‘વેડિંગ લિવ’ જેવું રૂપાળું નામ જરૂર આપી શકાય.

બન્યું એવું કે યુનાઇટેડ સ્ટેટ્સ મેન્સ નેશનલ સોકર ટીમના ખેલાડી બ્રેન્ડન એરનસનના લગ્ન લેવાના હતા એ દિવસો દરમિયાન ટીમની ટ્રેનિંગ ચાલી રહી હતી. ૧૦ વર્ષના ગળાડૂબ પ્રેમ સહવાસ પછી બ્રેન્ડન અને પ્રેમિકા મિલાનાએ મેરેજ કરવાનું નક્કી કર્યું ત્યારે ટ્રેનિંગ કેમ્પ પહેલી જુલાઈએ શરૂ થશે એમ કહેવામાં આવ્યું હોવાથી પ્રેમીઓએ અઢી વર્ષ પહેલા ૩૦ જૂન મેરેજ ડેટ નક્કી કરી હતી. જોકે, કેમ્પ વહેલો શરૂ થયો, પણ વ્યવસ્થાપકોએ એક દિવસની ‘લગ્ન છુટ્ટી’ મંજૂર કરી અને ભાઈસાહેબ ‘આઈ ડુ’ (ખ્રિસ્તી મેરેજમાં પતિ - પત્ની એકબીજાનો કાયદેસર સ્વીકાર કરતી વખતે બોલતા ત્રણ અક્ષરના બે શબ્દ) બોલી બીજે જ દિવસે ‘આઈ પ્લે’ની જવાબદારી સંભાળવા શિબિરમાં હાજર થઈ ગયા. સ્પર્ધાની પેરાગ્વે સામેની પહેલી મેચમાં યુએસની ટીમમાં બ્રેન્ડનને રમાડવામાં નહોતો આવ્યો, પણ મેચ દરમિયાન બેન્ચ પર બેસી ટીમની જ્વલંત કામગીરી તેણે માણી. પહેલી મેચ ક્યારે રમવા મળે છે એની ખેલાડીને ઉત્સુકતા છે.

## ઓછા ખર્ચે અછોવાનાંનો આઈડિયા




જન્મદિન અને વરસગાંઠ હવે ‘હેપી બર્થડે’ તરીકે ઓળખાય છે. એની ઉજવણીમાં આમૂલાગ્ર પરિવર્તન આવી ગયા છે. બચ્ચાનો બર્થડે હોય તો પાર્ટી હોલ અને રિટર્ન ગિફ્ટનું નક્કી કરવાનું. યંગસ્ટર્સના બર્થડે હોય તો ફ્રેન્ડ લોકો સાથે રાતના બારના ટકોરે ધમાલ કરવાની કે રૂફટોપ કેફેમાં ભેગા થવાનું વગેરે વગેરે ઉજવણીઓના પ્રકાર છે. અલબત્ત, જેન ઝીમાં આજકાલ હટકે વિચારસરણી વધુ જોવા મળે છે. નવા નવા આઈડિયા અને એ પણ ખિસ્સાને કરકસર કરાવે એવાનો એક ટ્રેન્ડ વિકસ્યો છે. યંગસ્ટર્સમાં ખુદને લાડ લડાવવા - અચ્છોવાના કરવાનું વલણ વધુ જોવા મળે છે. હૈદરાબાદમાં જુવાનિયાઓએ બર્થ ડે સેલિબ્રેશન માટે એક એવો આઈડિયા કર્યો છે જે જોઈ જાણી અનેક લોકોની આંખો પહોળી થઈ ગઈ છે. અનેક લોકો એ વિચારને અનુસરવું જોઈએ એવો મત ધરાવે છે.

હૈદરાબાદમાં ખાજાગુડા લેક રોડના ડિવાઈડર પર લગભગ દરરોજ રાતના ટમટમતી મીણબત્તી અને કેક કટિંગનો માહોલ જોવા મળે છે. જુવાનિયાઓ ‘હેપ્પી બર્થ ડે ટુ યુ’ ગાઈ જશ્ન મનાવતા નજરે પડે છે. આ ઉજવણીના કેટલાક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થતા દેશભરના લોકોના ધ્યાનમાં આ ઉજવણીનો પ્રકાર આવ્યો છે. મજા એ વાતની પણ છે કે રાતના સમયે એ સ્થળ પરથી પસાર થતા લોકોને કેક ખવડાવી આનંદમાં સહભાગી કરવામાં આવે છે. નો ગિફ્ટ, નો રિટર્ન ગિફ્ટ અને સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાત્રા જેવી આ ઉજવણી એક વિચારસરણી બની જાય તો નવાઈ નહીં લાગે.


## નિર્બલ કી લડાઈ બલવાન સે



નિર્બળ પ્રાણી કે વ્યક્તિ માટે સાવ મગતરું (નાજુક જીવ જેને પળવારમાં મસળી શકાય) છે એમ કહેવાય છે. જોકે, આ અજબ દુનિયામાં ગજબ ઘટના જોવા જ મળતી હોય છે અને પ્રાણી જગત એમાં અપવાદ નથી. પ્રાણી જગત વિશે વિસ્મય વધારતા અનેક વીડિયો યુટ્યૂબ પર જોવા મળે છે. પોતાનું બચ્ચું હેમખેમ રહે એટલે જીવ જોખમમાં મૂકી શિયાળની દિશા ભૂલ કરતા હરણની દોડાદોડનો વીડિયો તમે જોયો હશે. રાયગઢ કિલ્લાની હીરાકણીની વાત પણ જાણતા હશો. સંતાનની સારસંભાળની વાત આવે ત્યારે નિર્બળ બળવાન સાથે લડી લેતા ગભરાતો નથી.

દક્ષિણ આફ્રિકાના મશહૂર ક્રુગર પ્રાણી સંગ્રહાલયમાં સફારી દરમિયાન સહેલાણીઓને પેટના જણ્યા માટે મા - બાપ કેવો જીવ સટોસટનો ખેલ કરી અંતે સફળતા મેળવે છે એ સમગ્ર ઘટના જાણી હેરત થાય એવું છે. એક મસમોટી ગરોળી (બિગ લિઝાર્ડ) કાબરો કલકલિયો(Pied Kingfisher) તરીકે ઓળખાતા પક્ષીના માળા પર તરાપ મારી તેણે મૂકેલા ઈંડાં પેટમાં પધરાવવા માગતી હતી. નજીકમાં જ ઉડાઉડ કરી રહેલા નર - માદા ગરોળીનો બદઈરાદો પારખી ગયા. બંને વારાફરતી ગરોળીની પીઠ પર બેસી અલગ અલગ જગ્યાએ ચાંચ ભોંકી એને પીડા આપવા લાગ્યા. અકળાયેલી ગરોળી શરીર ઝાટકી નર માદાને ભગાડવાની - ડરાવવાની કોશિશ કરી માળા તરફ આગળ વધતી હતી. જોકે ‘પતિ - પત્ની’ ગાંજ્યા જાય એવા નહોતા અને ફરી ફરી ગરોળીના શરીર પર બેસી ચાંચ ભોંકી એની દિશાભૂલ કરતા રહેતા હતા. અંતે ગરોળી થાકી અને કંટાળીને નદીના પાણીમાં ઊતરી ગઈ. એક તરફ જોરદાર પવનના સૂસવાટા વચ્ચે દીવો હોલવાયો નહીં અને દરેક વખતે મગતરું મસળી ન શકાય એ જોવા મળ્યું.

## શોપિંગના ગાંડપણને ખાળવા ‘નકલી ડહાપણ’



શોપિંગ અને એમાંય ઓનલાઈન શોપિંગ એક એવું વળગણ છે જેની જાળમાં અનેક યુવાનો ભેરવાઈ ગયા છે. શોપિંગ હવે વ્યસન બની ગયું છે. અફીણ, ગાંજો કે સિગરેટ, બીડી કે દારૂની લત લાગ્યા પછી એમાંથી મુક્ત થવું આસાન નથી એવું જ અમુક અંશે ઓનલાઈન શોપિંગ બાબતે જોવા મળી રહ્યું છે. રસપ્રદ અને જાણવા જેવી વાત એ છે કે ‘ઝેરનું મારણ ઝેર’ એ ન્યાયે દક્ષિણ કોરિયામાં શોપિંગની લતમાંથી છૂટવા શોપિંગની જ તરકીબ અજમાવવામાં આવી રહી છે. તમે કહેશો કે આ શું? શોપિંગના ગાંડપણ સામેના આ ‘નકલી ડહાપણ’માં જુવાનિયો કોઈ ઍપ ખોલી શોપિંગ માટે બેઠો છે. એ કોઈ વસ્તુ ઓર્ડર કરે છે. કંપની - કુરિયર એ ઓર્ડર સ્વીકારે છે અને તમારો સામાન તમારા સરનામે આવવા નીકળશે કે નીકળ્યો છે એવો મેસેજ તમને મળે છે. તમે મેપ પર એ ઓર્ડર ટ્રેક પણ કરી શકો છો. જોકે, અંતે ઘરે કોઈ ડિલિવરી નથી આવતી અને તમારા ખાતામાંથી કોઈ પૈસા પણ ડેબિટ થતા નથી. તમે શોપિંગ કર્યું પણ ‘ખોટું ખોટું.’!

દક્ષિણ કોરિયામાં જીવન ખર્ચ બહુ વધી ગયો હોવાથી શોપિંગની ડોપામાઈન સાઈટ (ખરીદીનો નકલી અનુભવ કરાવતી વેબસાઈટ)નું ચલણ ખાસ્સું વધી ગયું છે. સાચુકલી સાઈટ જેવા જ વિકલ્પો અને સજાવટ આ નકલી સાઈટમાં હોય છે. આ સાઈટ લોકોના પૈસા તો બચાવે જ છે, પણ સાથે સાથે નકલી તો નકલી, શોપિંગનો સંતોષ પણ આપે છે.

## લ્યો કરો વાત

*યુકેની સસેક્સ નામની કાઉન્ટીના રોબર્ટ ફિટ્ઝગેરાલ્ડ નામના રહેવાસીને કેફી દ્રવ્યની હેરાફેરીના આરોપસર જેલની સજા થઈ હતી. દોઢ વર્ષની સજા બાકી હતી ત્યારે એ ફરાર થઈ ગયો. પોલીસે જાહેરનામું બહાર પાડી રોબર્ટને પકડવા માટે જનતાને અપીલ પણ કરી. દૂરદૂરના અનેક વિસ્તાર પોલીસ ફેંદી વળી. શાણા રોબર્ટે તો પોતાની કાઉન્ટીથી ૧૦૦ કિલોમીટર દૂર ઓક્સફર્ડ શહેરમાં જ ધામા નાખ્યા. કોઈની સાડીબારી રાખ્યા વિના અસલી નામ સાથે કામકાજ કરતો રહ્યો અને સરકારને ટેક્સ પણ ચુકવતો રહ્યો. જોકે, આઠ વર્ષ પોલીસને ઉલ્લુ બનાવનારા રોબર્ટની કોઈ નાણાકીય લેવડ દેવડની જાણ અચાનક પોલીસને થઈ અને ‘હાયલા! આ તો આપણે શોધીએ છીએ એ જ છે’ એવું બ્રહ્મજ્ઞાન થયું. આંખ ચોળતી પોલીસ દોડી અને ફરાર કેદીને ઝબ્બે કર્યો.*

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પ્રેમિકા રિસાય. તો ક્યાં જાય?**
* ભાવિ પ્રેમીને શોધવા...

**બાલ મંદિરમાં મમ્મી માટે અલાયદો રૂમ હોય તો?**
* મેકઅપ, ગપસપ અને પછી કયારેક ડબ્બા પાર્ટી પણ થાય...

**જમાઈરાજ સાસુને ભગાડી જાય તો?**
* સસરા એક્સ્ટ્રા દહેજ આપવા આવે...

**નળમાં પાણી ન આવે તો?**
* સુધરાઈ ને નેતાઓનાં વચન વહે...

**આંતરજ્ઞાતિય પ્રેમલગ્ન સાદાઈથી કરવા કે ભાગીને?**
* જે કરો તે તાત્કાલિક કરવા, નહીંતર ભાવિ સસરા-સાળો અને પોલીસ પહોંચી જશે!

**કયા તાપની સિઝન ના હોય?**
* પશ્ચાતાપની....

**પાકા ઘડા પર કાંઠા કેમ ના ચઢે?**
* આઉટ ડેટેડ ટેક્નોલોજી વાપરે એટલે...

**ઓરિજિનલ માલ સામાન કયાં મળે ?**
* બનાવટીવાળા પાસે... થોડાં એક્સ્ટ્રા આપો એટલે...

**વરની મા વરને કેમ વખાણે?**
* પુત્રની પોલ ખબર ના પડે માટે...

**કુંવારાને ક્યાં જવું ગમે?**
* કન્યા જોવા જવાનું ...

**શેનાથી વધુ પરેશાની થાય?**
* સમજ- નાસમજ -ગેરસમજથી....

**રાજા- વાજા - વાંદરા... તો રાજા સાથે બીજાં પ્રાણી કેમ નહીં?**
* રાજાને ફાડી ખાય એટલે...

**અરિસામાં શું જોવા મળે?**
* અદલ તમારા જેવો ડુપ્લિકેટ !

**સૌને ગમે એવું ધાન કયું?**
* સમાધાન... !

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# એ વરસાદનાં એંધાણ બતાવે છે

**કચ્છમાં** લોકો ચાતકની નજરે સારા અને સમયસર વરસાદ પડે તેની રાહ જોઈ રહ્યા છે. કચ્છ બહાર વસતો કચ્છીમાડૂ ત્યારે જ ભીંજાશે જ્યારે કચ્છમાં વરસાદ પડશે! તો ચાલો આજે વરસાદને નક્ષત્રો અને ઋતુઓ સાથે કેવા સંબંધો છે તે અંગેની ચોવકો માણીએ...!

ઋતુ કોઈ પણ હોય પરંતુ વરસાદની એંધાણી છે, આકાશની લાલિમા! ચોવક કહે છે : **‘અભ રતો ત મીં મતો’** ‘અભ’ એટલે આકાશ, ‘રતો’ એટલે લાલ કે રતાસ, ‘મીં’ એટલે વરસાદ અને ‘મતો’ એટલે તો, વરસાદ પડે! અર્થ એવો થાય છે કે જો આકાશ લાલ રંગનું થાય એ વરસાદ વરસવાની એંધાણી છે.

વળી, અંધી નક્ષત્રના વરસાદનો કોઈ ભરોસો ન રખાય તેવું પણ ચોવકો કહે છે: **‘અંધી ચગઈત ચગઈ નેં ફગઈ ત ફગઈ’** ‘અંધી’ નક્ષત્ર છે, ‘ચગઈ’ એટલે જામી અને ‘ફગઈ’ એટલે વરસાદ પડ્યા વગર એ નક્ષત્રના દિવસો ચાલ્યા જવા...! એવી પણ અર્થસભર ચોવક છે, એજ નક્ષત્ર માટે કે, **‘અંધી વસંધે અંધારો’** મતલબ કે અંધી નક્ષત્રમાં વરસાદ વરસે એ સારું ન કહેવાય! વરસ નબળું જાય! ઘણીવાર ઝરમર વરસાદ અંધી નક્ષત્રમાં પડતો હોય છે, એમ એક ચોવક કહે છે: **‘અંધી વિઠી અખીયૂં, ગિરમાઈંધી’** એ નક્ષત્રની ઝરમર આંખોને જરૂર મોજ કરાવે, પણ ખેડૂત માટે એ વરસાદ સારો નથી ગણાતો એવું જ ‘અસ્મી’ નક્ષત્રને કહેવાય છે. **‘અસ્મી ગરંધે અન જા નાશ’** અસ્મી નક્ષત્રનો વરસાદ પણ અનાજના પાક માટે સારો નહીં.

આદ્રા નક્ષત્રમાં પણ એવું માનવામાં આવે છે કે **‘આધર કરે સાધર’** એટલે કે એ નક્ષત્રમાં પણ જાણે ભેજ થાય તેવો જ વરસાદ પડે! એક ‘ઉત્તરા’ નક્ષત્ર એવું છે કે **‘ઉતરા ત બધો જોતરા’** આ નક્ષત્રમાં જો વરસાદ પડે તો, પોખ સારી થાય છે. ચોવક કહે છે કે, **‘ઘેલી ચિત્રા કરે ખેલ, બરે બિપોરેં આંણે રેલ’** મતલબ કે ચિત્રા નક્ષત્રમાં જો વરસાદ પડે તો પણ વરસ સારું જાય! એવું જ ‘હાથીઆ’ નક્ષત્રનું છે. **‘જ વસે હાથીઓ, ત મોતીયેં જો સાથીઓ’** આ નક્ષત્રમાં જો વરસાદ પડે તો પણ વરસ ભર્યું-ભાદર્યું બની જાય! પણ પાછું, ‘ભયણી’ માટે તો એવું કહેવાય છે કે એ નક્ષત્રમાં જો વરસાદ પડે તો ઘર ચલાવવામાં પણ તકલીફ પડે તેવી માઠી અસર થાય છે: **‘જ વસે ભયણી, ત પેણ્યો છડે પયણી’** ચોવકનો શબ્દાર્થ તો એવો છે કે જો ભયણી નક્ષત્રમાં વરસાદ વરસે તો એવી તકલીફ ઊભી થાય છે, પરણ્યો પોતાની પરણેતરને છોડી દે! તો વળી, પુષ્ય નક્ષત્ર કે જેને કચ્છીમાં ‘પુખ’ બોલાય છે, તેમાં જો વરસાદ પડે તો તે અતિશય લાભકારક હોય છે. **‘પુખ જો પાણી, નેં અમૃત વાણી!’** પૂર્વા નક્ષત્રમાં જો કચ્છમાં વરસાદ પડે તો કચ્છમાં સુખના દિવસો આવે... **‘પૂરભડી વ્યો કચ્છ વારે!’**

‘મઘા’ અને ‘અશ્લેષા’ માટે કહેવાય છે કે **‘મઘાજા મુંડ, અશ્લેષા જા ચોરા, પોય ધાંઈ મેંડે ધોરા’** મતલબ કે એ નક્ષત્રમાં વરસાદ પડે તો મગ અને ચોળાનો પાક સારો થાય. રોહિણી નક્ષત્રમાં મેઘગર્જના થાય તેને શુકન માનવામાં આવે છે. ચોવક છે: **‘રોંણ ગજે ત ઢોલ વજે’ ‘રોંણ ગજે, બૌતેરો બારે’**.

વરસાદનાં એંધાણ તો ચૈત્ર મહિનાથી મળતાં થઈ જાય છે. **‘ચૈતર ચોખો ત વરેં ચોખો’** ચૈત્ર મહિનામાં વરસાદનું બુંદ પણ ન પડવી જોઈએ! એવું જ વૈશાખ મહિનાનું છે. **‘ચૈતર તપે ને વૈશાખ વાય, ચોમાસે મેં ગજણ ગીત ગાય’** આ બે મહિના પર સમગ્ર ચોમાસાનો આધાર હોવાનું ચોવક જણાવે છે. જેઠ મહિનામાં વરસાદ પડે એ તો જાણે પહેલા ખોળાના પુત્ર જન્મ જેવો આનંદ થાય! **‘જેઠીયા મીં નેં પુણેંઠી જો પુતર’** પાછું એવું પણ માનવામાં આવે છે કે, જેઠ મહિનો બેસે તેના આગલા દિવસોમાં જો આકાશમાં વીજળી થાય તો પછી બૌંતેર દિવસ સુધી વરસાદ ન પડે! **‘જેઠીયા મૂર ખિવેંત, બોંતેરો લગે!’**

વરસાદ માટે આષાઢ અને શ્રાવણ મહિના પર મોટો મદાર હોય છે. **‘અષાઢ જા બ ડીં સારા, આઠમ-પૂનમ ઘોર અંધારા’** અષાઢી પૂનમના રોજ જો ચંદ્ર ડૂબે તો ચોમાસું સારું થાય. **‘આષાઢી પૂનમ, ચંધર બુડે, ચોંટે ચોમાસો, છડયો ન છડે’** અષાઢી બીજ તો કચ્છી નવું વર્ષ! **‘અષાઢી બીજ, વરડ કાં વીજ’** વરસાદના વાદળાં ને વીજળી જોવા મળે તો એ સારા સંકેત ગણાય છે.

શ્રાવણ મહિનાનો વરસાદ સરોવરો છલકાવનારો ગણાય છે. ચોવક છે: **‘શ્રાંણ જા સરવરીયા’** અને જો શ્રાવણ અધિક માસ હોય તો **‘અધીક મેંણૂં શ્રાંણ અચે, ત ચોમાસો મચ્યો મચે’** અધિક શ્રાવણ સારો ગણાય છે. શ્રાવણ મહિનામાં આવતો દીવાસાનો દિવસ વરસાદ માટે સારો ગણાય છે. કહેવાય છે કે, **‘ડીવાસો મીં જો માસો’** અને **‘રુઠો મીં ડીવાસે વરે.’**

કચ્છમાં અલગ અલગ વિસ્તારમાં પહેલો વરસાદ થાય તેના પર કચ્છના ભવિષ્યનો આધાર ગણાય છે. ચોવક કહે છે તે મુજબ: **‘કંઠી વસે કરવડો, વાગડ વસે ડુણર, જ વસે ગેડો, ત કચ્છ તેં અલીલ સુગાર.’** ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# ભણતર રોટલો રળી આપે, પરંતુ એને મીઠો બનાવે કેળવણી




**માનવજીવનમાં** શિક્ષણનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. શિક્ષણ માણસને જ્ઞાન આપે છે, જીવન જીવવાની દિશા આપે છે અને સમાજમાં સન્માનપૂર્વક જીવવાની શક્તિ આપે છે, પરંતુ માત્ર શાળાકીય કે ડિગ્રી આધારિત ભણતર જ માણસને સંપૂર્ણ બનાવતું નથી. ઘણીવાર આપણે જોઈએ છીએ કે ઊંચી ડિગ્રી ધરાવતો માણસ પણ સંસ્કાર, વિનમ્રતા અને માનવતા વિનાનો હોય છે, જ્યારે કોઈ ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતો વ્યક્તિ જીવનમૂલ્યો, સંસ્કાર અને વ્યવહારની દૃષ્ટિએ અત્યંત સમૃદ્ધ હોય છે.

‘ભણતર’ અને ‘કેળવણી’ - આ બંને શબ્દો સમાન લાગતા હોવા છતાં અર્થમાં ઘણો ફરક ધરાવે છે. ભણતરનો અર્થ માત્ર પુસ્તકિયું જ્ઞાન કે પરીક્ષામાં ગુણ મેળવવા પૂરતો સીમિત છે. જ્યારે કેળવણીનો અર્થ માણસના સર્વાંગી વિકાસ સાથે જોડાયેલો છે. કેળવણી માણસમાં માનવતા, સંસ્કાર, શિસ્ત, સહાનુભૂતિ, સત્યનિષ્ઠા અને જવાબદારી જેવા ગુણો વિકસાવે છે. ભણતર માણસને બુદ્ધિશાળી બનાવે છે, પરંતુ કેળવણી તેને સજ્જન બનાવે છે.

આજના સમયમાં શિક્ષણનો વ્યાપ ઘણો વધ્યો છે. લોકો ઊંચી ડિગ્રી મેળવે છે, વિદેશોમાં અભ્યાસ કરે છે અને મોટી મોટી નોકરીઓ મેળવે છે. છતાં સમાજમાં ભ્રષ્ટાચાર, અહંકાર, અસહિષ્ણુતા અને અનૈતિકતા વધી રહી છે. તેનું મુખ્ય કારણ એ છે કે લોકો પાસે ભણતર છે, પરંતુ કેળવણીનો અભાવ છે. વિદ્યા છે, પણ સદ્‌વિદ્યા નથી. ટેક્નિકલ ડિગ્રીનો ઉપયોગ દેશને વિકાસના માર્ગે લઈ જવાને બદલે નકલી નોટો છાપવાનું ષડયંત્ર રચવા માટે કરે છે. વિસ્ફોટક બૉમ્બ બનાવી વિદ્રોહી પ્રવૃતિમાં પોતાની આવડતનો ઉપયોગ કરે છે. જો ભણતર સાથે સંસ્કાર અને માનવતા ન જોડાય તો તે નકામું બની જાય છે.

માત્ર જ્ઞાનનો અહંકાર માણસને સાચા અર્થમાં મહાન બનાવી શકતો નથી. કેળવાયેલો માણસ હંમેશાં વિનમ્ર હોય છે. તે પોતાના જ્ઞાનનો દેખાવ કરતો નથી, પરંતુ તેનો ઉપયોગ સમાજના હિત માટે કરે છે.


આપણી ભારતીય સંસ્કૃતિમાં કેળવણીને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ગુરુકુલ પરંપરામાં માત્ર પુસ્તકિયું જ્ઞાન જ નહીં, પરંતુ જીવન મૂલ્યોનું શિક્ષણ પણ આપવામાં આવતું હતું. વિદ્યા સાથે સદ્‌વિદ્યા અને બ્રહ્મ વિદ્યા પણ આપવામાં આવતાં હતાં. ગુરુ પોતાના શિષ્યોને વિનય, શિસ્ત, સેવા અને કરુણાનું મહત્ત્વ સમજાવતા હતા. પરિણામે સમાજમાં સારા અને આદર્શ નાગરિકો તૈયાર થતા હતા. આજના સમયમાં આધુનિક શિક્ષણ પ્રણાલીમાં ટેક્નોલોજી અને સ્પર્ધા વધી છે, પરંતુ આજે આવા મૂલ્યનિષ્ઠ શિક્ષણમાં ઘટાડો થયો છે.

પરિવાર પણ કેળવણીનું પ્રથમ શાળાનું કામ કરે છે. બાળક પોતાના માતા-પિતા પાસેથી સંસ્કાર શીખે છે. જો ઘરે સત્ય, શિસ્ત અને સદાચારનું વાતાવરણ હોય તો બાળક જીવનમાં સારો માણસ બને છે. તેથી શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન પણ એટલું જ જરૂરી છે.

આજની યુવા પેઢીએ સમજવાની જરૂર છે કે જીવનમાં માત્ર નોકરી, પૈસા અને પ્રતિષ્ઠા મેળવવી જ સફળતા નથી. સાચી સફળતા એ છે કે માણસ પોતાના વર્તન અને માનવતાથી બીજાના હૃદયમાં સ્થાન મેળવે. ભણતર માણસને રોજગાર અપાવે છે, પરંતુ કેળવણી તેને જીવનમાં આદર અને પ્રેમ અપાવે છે. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# માનવજાતની હજારો વર્ષની સફર: આપણે ખરેખર કેટલા અલગ, કેટલા એક?




છેલ્લાં પચાસ-સાઠ હજાર વર્ષથી માનવજાત સ્થાયી થવા ભાગદોડ કરતી રહી છે ત્યારે એક પ્રશ્ન સ્વાભાવિક ઉદ્ભવે કે માણસજાત હજારો વર્ષની યાત્રામાં શું શીખી? શું પ્રાપ્ત કર્યું? જે સમજે છે એમાં સત્ય શું છે? અનેક પ્રશ્નના જવાબ શોધવાનો આપણે પ્રયાસ કરીએ છીએ.

માણસજાતે હજારો વર્ષની લાંબી યાત્રા દરમિયાન અસ્તિત્વ, સમાજ અને સંબંધો વિશે અનેક વાત શીખી છે. આ યાત્રા ગુફાઓમાંથી શરૂ થઈને આધુનિક શહેરો સુધી પહોંચી છે, પરંતુ એક વાત હજુ પણ આપણને ખેંચી રાખે છે, પુરુષ અને સ્ત્રી વચ્ચેના કથિત ભેદ.

પ્રાચીન કાળમાં જ્યારે માનવ જાતિ શિકાર અને સંગ્રહ પર આધારિત હતી, ત્યારે પુરુષો જોખમ લઈને શિકાર કરવા જતા અને સ્ત્રીઓ ઘર અને બાળકોની સુરક્ષા સંભાળતી. આ વિભાજન મુખ્યત્વે શારીરિક શક્તિ, જૈવિક જરૂરિયાત અને જૂથના અસ્તિત્વ માટે જરૂરી હતું. પુરુષ શિકાર લઈને આવ્યા પછી ગુફામાં શાંતિથી બેસીને આગળના દિવસનું આયોજન કરતો, જ્યારે સ્ત્રી ઘરની વ્યવસ્થા અને સંબંધો જાળવવામાં વ્યસ્ત રહેતી. આ ભૂમિકાઓએ કેટલાક તફાવતોને આકાર આપ્યો જે આજે પણ આપણી વાતચીત અને માન્યતાઓમાં જોવા મળે છે.

એ પણ હકીકત છે કે આધુનિક વિજ્ઞાન અને મનોવિજ્ઞાનના અનેક અભ્યાસો દર્શાવે છે કે પુરુષ અને સ્ત્રીના મગજમાં સરેરાશ કેટલાક તફાવતો જોવા મળે છે. પુરુષમાં સ્થાનિક દિશા, અંતર અને વસ્તુઓની સ્થિતિ સમજવાની ક્ષમતા સરેરાશ વધુ હોઈ શકે છે જે શિકાર અને અવકાશીય કાર્યોની જરૂરિયાતમાંથી વિકસી હશે. જ્યારે સ્ત્રીમાં ભાષા, સંવાદ અને લાગણીઓને ઓળખવાની ક્ષમતા વધુ સક્રિય જોવા મળે છે.

મહિલા ચહેરાના ભાવો અને અવાજના સૂક્ષ્મ ફેરફારોને વધુ સારી રીતે સમજી શકે છે. કેટલાક અભ્યાસો અનુસાર મહિલા કલરને વધુ સ્પષ્ટ રીતે ઓળખી શકે છે, કારણ કે તેમની આંખોમાં કલર રિસેપ્ટર્સની સંવેદનશીલતા સરેરાશ વધુ હોઈ શકે છે. આ તફાવતો જૈવિક અને વિકાસલક્ષી પરિબળો સાથે જોડાયેલા છે, પરંતુ તેમનું કદ નાનું છે અને વ્યક્તિગત વિવિધતા ઘણી મોટી છે.

આજના સમયમાં પણ આ તફાવતોના અવશેષો જોવા મળે છે. કાર ચલાવતી વખતે મહિલાઓને અકસ્માત ઓછા થવાનું કારણ તેમની પેરિફેરલ વિઝન આજુબાજુને નજર ફેરવી શકવા સાથે અનેક વસ્તુઓ પર ધ્યાન આપવાની ક્ષમતા સાથે જોડાયેલું છે. પુરુષ શિકાર શોધતો હોવાની આદત અનુસાર સીધી નજરે વસ્તુઓ જોવા તરફ આદત ધરાવે છે. એક જૂથમાં મહિલાઓ વર્તુળાકાર રીતે બેઠી હોય તો તેમની નેતા કોણ છે એ ઓળખવું મુશ્કેલ છે, જ્યારે પુરુષોના ગ્રુપમાં નેતા અને સમર્થકો ઝડપથી ઓળખાઈ જાય છે.

વાતચીતની શૈલીમાં પણ ફરક જોવા મળે છે. મહિલાના ચહેરા પર લાગણીઓ વધુ સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે, જ્યારે પુરુષ ઘણી વખત ચહેરા પર નિયંત્રિત ભાવ રાખે છે. સ્ત્રી લાંબી વાતચીતમાં આરામથી રહે છે અને સમસ્યાઓ વિશે વિગતવાર વાત કરવાનું પસંદ કરે છે, જ્યારે પુરુષ ટૂંકી અને સીધી વાતચીત તરફ વધુ વલણ ધરાવે છે અને સમસ્યા સાંભળતાં જ ઉકેલ આપવાનો પ્રયાસ કરે છે.

આ બધી વાતોમાં એક સામાન્ય તત્ત્વ છે અને એ છે સરેરાશ તફાવતો. પરંતુ જ્યારે આ સરેરાશને નિયમ બનાવી દેવામાં આવે છે અને કહેવામાં આવે છે કે પુરુષો આવા જ હોય છે અને સ્ત્રીઓ આવી જ હોય છે ત્યારે વાસ્તવિકતા વિકૃત થઈ જાય છે. વિજ્ઞાન કહે છે કે આ તફાવતો જૈવિક, હોર્મોનલ અને વિકાસલક્ષી પરિબળોનું પરિણામ છે, પરંતુ તેમની અસર નાની છે અને સંસ્કૃતિ, શિક્ષણ અને અનુભવ દ્વારા તેને ઘણી હદે બદલી શકાય છે. જ્યારે આપણે આ સરેરાશને કઠોર નિયમમાં ફેરવી દઈએ છીએ, ત્યારે જેન્ડર બાયસ (અર્થાત લિંગ પૂર્વગ્રહ) જન્મે છે. આ બાયસ શિક્ષણની પસંદગી, નોકરીની તકો, સંબંધો અને સામાજિક અપેક્ષાઓને અસર કરે છે.

સોશ્યલ મીડિયા અનેક જૂની માન્યતાઓને ઝડપથી ફેલાવે છે, પરંતુ આ વાતો પેઢીઓથી ચાલી આવે છે. રોજિંદી વાતચીતમાં પુરુષો સાંભળતા નથી અને સ્ત્રીઓ દિશા સમજી શકતી નથી જેવાં વાક્યો હસતાં હસતાં કહી દેવામાં આવે છે, પરંતુ આ મજાક પાછળ સમાજમાં ખોટી રીતે વ્યાપક બનેલી માન્યતાઓ છુપાયેલી હોય છે.

સાચી શીખ એ છે કે માણસજાતે હજારો વર્ષમાં એ સમજવું જોઈએ કે દરેક વ્યક્તિ અનન્ય છે. તેની ક્ષમતાઓ તેના લિંગથી નહીં, પણ તેના અનુભવ, શિક્ષણ, પસંદગી અને વાતાવરણથી નક્કી થાય છે. જ્યારે આપણે વ્યક્તિગત તફાવતોને માન્યતા આપીએ છીએ અને સરેરાશને નિયમ ન બનાવીએ, ત્યારે સમાજ વધુ ન્યાયી અને પ્રગતિશીલ બને છે. પુરુષ અને સ્ત્રી બંને પાસે અલગ અલગ શક્તિઓ છે, પરંતુ આ શક્તિઓને કઠોર બોક્સમાં બંધ કરવાથી માનવતાનો વિકાસ અટકી જાય છે.

આજે જરૂરી એ છે કે આપણે વિજ્ઞાનના પુરાવા પર આધારિત સમજણ વિકસાવીએ. જૈવિક તફાવતોને નકારવાની જરૂર નથી, પરંતુ તેમને વ્યક્તિગત ક્ષમતાઓ પર લાગુ પાડવાની પણ જરૂર નથી. સમાજનો વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે દરેક વ્યક્તિને પોતાની ક્ષમતા અનુસાર વિકસવાની તક મળે. હજારો વર્ષની યાત્રા બાદ પણ જો આપણે જૂની માન્યતાઓને જ વારસામાં આપતા રહીશું તો આગળની પેઢી પણ એ જ ચક્રમાં ફસાયેલી રહેશે.

હકીકત તો એ છે કે હજારો વર્ષની યાત્રા પછી માનવજાતે અનુભવ કરવો જોઈએ કે આપણે જેટલા અલગ છીએ, તેટલા જ એક છીએ. પુરુષ અને સ્ત્રી પ્રતિસ્પર્ધી નથી, પણ જીવનના સિક્કાની બે બાજુ છે. સામાજિક ભૂમિકાઓને સમજવી જરૂરી છે, પણ તેને કાયમી નિયમ બનાવવો જોખમી છે. દરેક વ્યક્તિને તેની પોતાની ક્ષમતા અને ઇચ્છા મુજબ ખીલવાની તક મળવી જોઈએ. માનવજાતની સાચી તાકાત લિંગના ભેદભાવમાં નહીં, પણ પરસ્પરના આદર અને સમાનતામાં રહેલી છે.

ટૂંકમાં આપણે માન્યતાઓની આ જૂની ગુફાઓમાંથી બહાર આવીએ અને એક નવા, સમતલ સમાજનું નિર્માણ કરીએ, જ્યાં દરેક વ્યક્તિ તેની ક્ષમતા મુજબ ખીલી શકે! ■

**ધ એન્ડ**

*માનસિક ક્ષમતાઓના ૭૮% કિસ્સામાં સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ ખાસ તફાવત જ નથી.*

*-મનોવિજ્ઞાની જનેટ હાઈડ*

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# સત્યમેવ જયતે... અરે, નોટ પર લખ્યું છે!



આપણા રાષ્ટ્રીય જીવનમાં 'સત્યમેવ જયતે' એક મહોર અથવા મુદ્રા છે. તમે એને સરકારી મહોરથી લઈને ચાની દુકાન પર સજાવટના નામે ચોંટાડેલા આદર્શ સૂવાક્યો સુધી ગમે ત્યાં જોઈ શકો છો. ૫૦૦ રૂપિયાથી લઈ બધી જ ચલણી નોટો પર લખાયેલું હોવાથી દરેક ભારતીયની નજર આ મુદ્રા પર ઘણી વાર જાય છે. પછી એ નોટ ભલેને સાચી મહેનતની કમાણી હોય કે પછી લાંચ, ચોરી અથવા બેઈમાનીની કાળી કમાણી, પણ નોટો પર સત્યની જીત ચાલતી રહે છે. આ હાથથી પેલા હાથમાં, આ ખિસ્સામાંથી પેલા ખિસ્સામાં...લોકો નોટોનો ઉપયોગ કરતા રહે છે. લોકો એ નોટોની બે નંબરી બચત કરે છે, છુપાવે છે, છતાં એમની નજર 'સત્યમેવ જયતે' પર નથી પડતી! અસત્યની જલદી મળતી જીત એટલી અસરકારક હોય છે કે સત્યની અંતમાં જીત થશે એ માત્ર એક ભ્રમણા લાગે છે. એક રાષ્ટ્ર નોટ પર 'સત્યમેવ જયતે' છાપીને સત્યની જીત પ્રત્યે બેફિકર થઈ જાય છે. સત્ય પ્રત્યે જ બેફિકર થઈ જાય છે!

આ દેશમાં જ્યાં લોકો સત્ય કરતાં સત્યનારાયણની કથા પર વધારે ભરોસો કરે છે, ત્યાં એક મહોર કે મુદ્રા હોવા કરતાં વધારે કંઈ મેળવી શકતી નથી.

જ્યાં સામાજિક જીવનમાં સામાન્ય માણસ અસત્ય તરફ આંખ આડા કાન કરવાને બદલે શાણપણથી છટકી જવામાં વધારે સલામતી અનુભવતો હોય, જ્યાં આર્થિક શક્તિઓ અસત્યને સામાન્ય વ્યવહારિક રીતે સ્વીકાર કરતી હોય, જ્યાં રાજનીતિ અસત્યના માર્ગ પર ચાલીને જ કરી શકાય છે, ત્યાં 'સત્યમેવ જયતે'નો નોટ છાપેલા એક ચિત્રથી અધિક કોઈ અર્થ રહેતો નથી (આમેય હવે ડિજિટલ યુગમાં કરન્સી નોટોના રંગ - ડિઝાઈન પણ બદલાતા રહે છે) એટલે હવે સત્યમેવ જયતે માત્ર એક આર્ટવર્ક તરીકે રહી ગયું છે!

આ દેશ સત્યમેવ જયતેની મુદ્રા બનાવી સત્યની રક્ષા કરવાવાળી અદાલતોને પ્રત્યે બેદરકાર છે. અદાલતના જજ લોકોની આર્થિક સ્થિતિ પેલા પોંગા પૂજારીઓ જેવી હોય છે જે પ્રદૂષિત નદીના ઘાટ પર અથવા ઉપેક્ષિત મંદિરોમાં બેસી રહે છે. જજોની પરિસ્થિતિ ત્યારે જ સુધરી શકે છે, જ્યારે તે અસત્યની સાથે સતત તાલમેલ રાખતા રહે છે. ટ્રાન્સફરનો ડર એમને સરકારી કર્મચારીઓની જેમ સતત પરેશાન કરતો રહે છે.

રિટાયર્ડ થયા પછી એ લોકો થોડું ઘણું કામ મેળવવા માટે સરકારના નેતાઓ તરફ દયામણા ભાવે જોયા કરે છે. આ વધતી મોંઘવારીમાં તે સુરક્ષિત વૃદ્ધાવસ્થા કેવી રીતે પસાર કરશે એ ચિંતા એમને પરેશાન કરે છે. સત્યમેવ જયતેની મુદ્રાની નીચે સત્યની રક્ષા કરવાવાળાઓની મોટી દુર્દશા છે. જે નોટો પર સત્યની જીત લખેલી હોય છે એ જ નોટોને કારણે આ દેશમાં સત્ય સતત પરાજિત થાય છે. મુંબઈમાં અને દરેક જગ્યાએ ખૈરનાર જેવા અનેક પ્રમાણિક ઓફિસરોને ગાળો આપવામાં આવે છે, એમના પર ગોળીઓ ચલાવવામાં આવે છે અને હત્યારાઓ સત્યમેવ જયતે છાપેલી નોટના દમ પર નવાં હથિયારો ખરીદતા રહે છે.

આ સૂત્ર એક શણગાર છે, સુંદરતા છે, સ્લોગન છે, ડિઝાઈન છે, ફૂલ પાંખડીની સજાવટ છે, સાચું બોલનારા સોક્રેટીસના જમાનાથી ગરીબ- દુઃખી અને પરેશાન છે. વાત સમજમાં આવે છે, પણ એ પ્રામાણિક જજ અથવા ઓફિસરની સમજમાં કેમ નથી આવતું? ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
૨૦૪ મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર - ધર્મતેજ - આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર - તન-મન-ધનથી રહો તરોતાજા - મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર - ઈન્ટરવલ - થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર - લાડકી પુરુષ - સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર - મેટિની - મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર - વીક એન્ડ - વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર - ઉત્સવ - અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RAP | એકરાગ |
| RAPE | ઉતાવળું |
| RAPID | લીન |
| RAPPORT | ટકોરો |
| RAPT | બળાત્કાર |

### માતૃભાષાની મહેક

શહેરીજનો જેને નાળા તરીકે જાણે છે એ લોકબોલીમાં વોકળો તરીકે ઓળખાય છે. ગામડામાં ગયા હો તો આવી સૂચના મળે કે સીધે રસ્તે દસેક મિનિટ ચાલશો એટલે વોકળો આવશે. ત્યાંથી જમણી બાજુ વળી જશો એટલે બજાર આવી જશે. માર્ગસૂચકમાં આ શબ્દનો ઉપયોગ થતો હોય છે.

### ગુજરાત મોરી મોરી રે

'જાતમહેનત જ સર્વશ્રેષ્ઠ છે' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

નહીં સમાન નહીં બળ મેઘ આપ જળ સમાન

### ઈર્શાદ

*ચાલ્યા જતા પ્રસંગની એકાદ ક્ષણ રહે,*
*તો પણ પૂરા પ્રસંગનું વાતાવરણ રહે.*

*-- જવાહર બક્ષી*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| | | ૭ | | ૮ | | ૯ | | | |
| | | | | ૧૦ | ૧૧ | | | ૧૨ | |
| ૧૩ | ૧૪ | | ૧૫ | | | | ૧૬ | | |
| | ૧૭ | ૧૮ | | | | ૧૯ | | ૨૦ | |
| | ૨૧ | | | | ૨૨ | | ૨૩ | | |
| ૨૪ | | | | ૨૫ | | | | ૨૬ | ૨૭ |
| ૨૮ | | | ૨૯ | | | | ૩૦ | | |
| | | ૩૧ | | | ૩૨ | ૩૩ | | | |
| ૩૪ | | | | | | ૩૫ | | | |

**આડી ચાવી**

૧. પરિષદ કે મેળાવડા માટેનો ખંડ (૪)
૪. નિર્ધન, ગરીબ (૪)
૭. પ્રતિસ્પર્ધી (૩)
૯. વીતી ગયેલું (૨)
૧૦. લાલાશ (૩)
૧૨. જ્વર (૨)
૧૩. પરવા, દરકાર (૨)
૧૫. સાપ (૩)
૧૭. લફરું, ઉપાધિ (૨)
૧૯. મૃત્યુ સંબંધી પ્રસંગનો વરો (૩)
૨૧. શુદ્ધ સોનું (૩)
૨૩. સુંદર સ્ત્રી (૨)
૨૫. સારાપણું, સજ્જનતા (૩)
૨૬. હોઠ (૨)
૨૮. શત્રુ, દુશ્મન (૨)
૨૯. ઊડતી વાત ગપ (૩)
૩૧. હિંદુમાંથી મુસલમાન બનેલી એક જાત (૨)
૩૨. યુવાન (૩)
૩૪. ઉઠવેઠ, ઉપાધિ (૪)
૩૫. ઈનામ (૪)

**ઊભી ચાવી**

૧. દાન, ખેરાત (૪)
૨. સજ્જન, સારો ખાનદાન માણસ (૩)
૩. કુવાના પાણીથી પકવેલું (૨)
૪. ઉત્સાહ, ઉત્કટતા (૩)
૫. નમેલું (૨)
૬. નજીવું, જરાતરા (૪)
૮. સંતાન, ઓલાદ (૪)
૧૧. માણસના મનનો --- પામવો મુશ્કેલ છે (૨)
૧૪. ત્રાંસું (૩)
૧૬. કાળજી, દરકાર (૩)
૧૮. દરજ્જો, હોદ્દો (૩)
૨૦. સૌંદર્ય (૩)
૨૨. કાયર, સુસ્ત (૪)
૨૪. સંતાપ (૪)
૨૫. સ્વચ્છ (૨)
૨૭. અસ્વીકાર, ત્યાગ (૪)
૨૯. માહિતગાર નહીં તેવું (૩)
૩૦. નર્મદાને તીરે કંકર એટલા ---- (૩)
૩૧. તપાસ, શોધ (૨)
૩૩. શરીર (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભા | ૨ વિ | | ૩ ન | ૪ વ | ત | ૫ ર | | ૬ ઉ | ઘા |
| | ૭ પ્ર | તિ | કૂ | ળ | | ૮ કા | સ | દ | |
| | વ | | ૯ ચો | ક | | સ | | ૧૦ બ | રો |
| ૧૧ સૂ | ર્ય | | | ૧૨ વ | હી | | ૧૩ બ | ત્તી | |
| ર | | ૧૪ ક | ૧૫ રા | ળ | | ૧૬ મા | યા | | ૧૭ મ |
| ત | | ૧૮ મા | ઈ | | ૧૯ પ | ત | ન | | ર |
| | ૨૦ પા | ણી | | ૨૧ ધા | રો | | | ૨૨ ક | મી |
| ૨૩ જ | રા | | ૨૪ ધ | ન | પ | ૨૫ તિ | | પા | |
| | ૨૬ વા | સ | ર | | ૨૭ કા | ર | ગ | ત | |
| ૨૮ વી | ર | | ૨૯ મ | નો | ર | થ | | ૩૦ ર | સ્તો |

### ઓળખાણ પડી?

ઝાડના પાંદડા ખાઈ અને પાણી પીધા વિના જીવતા ઓસ્ટ્રેલિયામાં જ જોવા મળતા આ અનોખા પ્રાણીની ઓળખાણ પડી?



અ) રીંછ
બ) હેમસ્ટર
ક) કોઆલા
ડ) એલ્ક

### સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૫ | | ૬ | | | ૩ |
| ૯ | | | ૨ | | ૭ | | | ૪ |
| | ૭ | | ૮ | ૪ | ૩ | | ૯ | |
| ૪ | ૯ | | | | | | ૭ | ૮ |
| | | ૫ | | | | ૩ | | |
| ૩ | ૬ | | | | | | ૫ | ૧ |
| | ૪ | | ૧ | ૬ | ૮ | | ૩ | |
| ૫ | | | ૪ | | ૯ | | | ૬ |
| ૬ | | | ૭ | | ૫ | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૯ | ૧ | ૪ | ૮ | ૬ | ૩ | ૭ |
| ૧ | ૪ | ૭ | ૬ | ૩ | ૯ | ૨ | ૫ | ૮ |
| ૬ | ૮ | ૩ | ૫ | ૨ | ૭ | ૪ | ૧ | ૯ |
| ૭ | ૫ | ૪ | ૮ | ૧ | ૬ | ૩ | ૯ | ૨ |
| ૮ | ૩ | ૧ | ૯ | ૫ | ૨ | ૭ | ૪ | ૬ |
| ૯ | ૬ | ૨ | ૪ | ૭ | ૩ | ૧ | ૮ | ૫ |
| ૨ | ૭ | ૮ | ૩ | ૯ | ૪ | ૫ | ૬ | ૧ |
| ૪ | ૧ | ૬ | ૨ | ૮ | ૫ | ૯ | ૭ | ૩ |
| ૩ | ૯ | ૫ | ૭ | ૬ | ૧ | ૮ | ૨ | ૪ |

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'અને વનમાં ઊઠી લાહ્ય' વાક્યમાં લાહ્ય શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) પ્રાણી બ) આગ ક) શિકાર ડ) પવન

### માઈન્ડ ગેમ

હાલ યુએસ, કેનેડા અને મેક્સિકોમાં ૨૦૨૬ ફિફા વર્લ્ડ કપ ચાલી રહ્યો છે. ૨૦૨૨માં વિશ્વ વિજેતાપદ કઈ ટીમને મળ્યું હતું?

અ) જર્મની બ) આર્જેન્ટિના ક) ફ્રાન્સ ડ) ઈટલી

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RATION | અન્નસામગ્રી |
| RATIONAL | તર્કસંગત |
| RATTLE | ખડખડવું |
| RATLIN | જહાજની સીડી |
| RANT | બડબડાટ |

**ગુજરાત મોરી મોરી રે:** કજિયાનું મૂળ હાંસી ને રોગનું મૂળ ખાંસી

**ઓળખાણ પડી?** ટેલિવિઝન

**માઈન્ડ ગેમ :** મેક્સિકો

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :** ધાર્મિક વિધિ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) ધીરેન્દ્ર ઉદેશી (૪) ભામિની સંપટ (૫) પ્રતીમા પમાણી (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૮) ભારતી બુચ (૯) ભરત કજરિયા (૧૦) વિપીન શાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મહેશ સંઘવી (૧૫) મીનળ કાપડિયા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) ભાવના કર્વે (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) વિણા સંપટ (૨૬) ખુશરૂ કાપડિયા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) વિજય આસર (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) અરવિંદ કામદાર (૩૫) પ્રિતીબેન ઉદય શેઠ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) લજિતા ખોના (૩૮) પુષ્પા પટેલ (૩૯) મહેશ દોશી (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) મહેન્દ્ર લોઢાવિયા (૪૪) પ્રવીણ વોરા (૪૫) રમેશભાઈ દલાલ (૪૬) ઈનાક્ષીબેન દલાલ (૪૭) હિનાબેન દલાલ (૪૮) જ્યોત્સના ગાંધી

# નિફ્ટીએ સતત ત્રીજા દિવસની આગેકૂચ સાથે ૨૪,૦૦૦ની સપાટી વટાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


મુંબઇઃ હોર્મુઝ અખાતમાં શાંતિની ઘોષણા બાદ યુએસ ડોલર સામે રૂપિયામાં મજબૂતાઈ અને વૈશ્વિક બજારોમાં ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડાને પગલે શેરબજારમાં સતત ત્રીજા દિવસે આગેકૂચ જોવા મળી હતી. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, આઇસીઆઇસીઆઇ બેંક, બજાજ ફાઇનાન્સ, એચસીએલ ટેક્નોલોજીસ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ્સ શેરની આગેવાનીએ સેન્સેક્સ ૫૪૪.૧૫ પોઈન્ટ અથવા ૦.૭૧ ટકા વધીને ૭૬,૮૦૮.૪૮ પર અને નિફ્ટી ઇન્ડેક્સ ૧૩૫.૨૫ પોઈન્ટ અથવા ૦.૬૨ ટકા વધીને ૨૪,૦૦૨.૬૦ની સપાટી પર બંધ થયો હતો. પાછલા દિવસમાં સેન્સેક્સમાં લગભગ ૩૦૦૦ પોઇન્ટનો ઉછાળો નોંધાયો છે.

સેન્સેક્સના શેરોમાં એચસીએલ ટેકનો ૩.૫૯ ટકા ઊછળીને ટોપ ગેઇનર બન્યો હતો. બજાજ ફિનસર્વ, એનટીપીસી, હિંદુસ્તાન યુનિલીવર, ટીસીએસ અને બજાજ ટોપ ગેઇનર, જ્યારે ઇન્ટરગ્લોબ એવિએશન, અલ્ટ્રાટેક સિમેન્ટ, મારુતી અને ટાટા સ્ટીલ ટોપ લુઝર રહ્યાં હતાં. એચસીએલ ટેક્નોલોજીસો સરકાર સમર્થિત સોવરિન એઆઇ મોડેલ ડેવલપર સર્વમ એઆઇમાં રૂ. ૧,૪૨૭ કરોડનું રોકાણ કરીને હિસ્સો ખરીદ્યા હોવાની ચર્ચા વચ્ચે તેનો શેર એનએસઇમાં ૩.૬૮ ટકા વધીને રૂ. ૧,૧૬૦ પર બંધ થયો હતો. કંપની ૪૧,૪૨૧ ઇક્વિટી શેર હસ્તગત કરશે, જે સર્વ એઆઇમાં ૧૦.૪૬ ટકા હિસ્સો દર્શાવે છે.

પ્રાઇમરી માર્કેટમાં ટર્ટલમિન્ટ ફિનટેક સોલ્યુશન્સ રૂ. ૮૮૨.૬૭ કરોડના બુક બિલ્ડ ઇશ્યૂ સાથે ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૩ જૂન, ૨૦૨૬ના રોજ બંધ થશે. આઇપીઓ માટે ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ.૧૪૪થી રૂ. ૧૫૨ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૯૮ શેર છે. શેરની ફાળવણી ૨૪ જૂન, ૨૦૨૬ના રોજ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૨૯ જૂન, ૨૦૨૬ના રોજ થશે.

પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રની અગ્રણી ઓપરેશન્સ અને મેન્ટેનન્સ કંપની, રેપોનો લિમિટેડે ઉત્તર પ્રદેશમાં ગ્રીનફિલ્ડ પેટ્રોલ, ડીઝલ અને ઇથેનોલ સ્ટોરેજ ટર્મિનલ માટે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ સાથે ૨૦ વર્ષના લાંબા ગાળાના કરોડો રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા હોવાની જાણ કરી છે. આ પ્રોજેક્ટ રેપોનોના સમર્પિત એસપીવી, રેપોનો મથુરા ટર્મિનલ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા અમલમાં મૂકવામાં આવશે.

ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર પીછેહઠ અને મધ્ય પૂર્વના તણાવમાં ઘટાડો થવાથી મંગળવારે યુએસ ડોલર સામે રૂપિયો પાંચ પૈસા વધીને ૯૪.૫૩ની સપાટી પર બંધ થયો હતો. ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું કે મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થયા પછી ગ્લોબલ એનર્જી સપ્લાઇ માટે તાત્કાલિક ખતરો નોંધપાત્ર રીતે ઓછો થયો છે. વૈશ્વિક બજારોમાં ક્રૂડ ઓઇલના ભાવ ૧.૭૨ ટકા ઘટીને ૮૧.૭૩ બોલાયા હતા. હીરો ફિનકોર્પે એજેન્ટ ફોર્સ સાથે લોન પ્રોસેસિંગ ઝડપી બનાવવા માટે એજેન્ટીક સીઆરએમ, સેલ્સફોર્સે એજેન્ટ ફોર્સ સાથે સહકાર સાધ્યો છે.



હીરો ફિનકોર્પે એજેન્ટફોર્સ સાથેમળીને ટુ-વ્હીલર લોન પ્રોસેસિંગમાં ૭૨ ટકા સુધારો હાંસલ કર્યો છે.

યુનિહેલ્થ હોસ્પિટલ્સ લિમિટેડે યુગાન્ડામાં સ્થાપિત વિક્ટોરિયા હોસ્પિટલ લિમિટેડમાં હિસ્સો વધારવા માટે વ્યૂહાત્મક શેર સ્વેપની જાહેરાત કરી છે. યુનિહેલ્થ હાલમાં તેમાં પચાસ ટકા ઇક્વિટી ધરાવે છે, બાકીના ૫૦ ટકા યુગાન્ડા સ્થિત તેના ભાગીદારો પાસે છે. કંપની તેના ભાગીદારો પાસેથી યુનિહેલ્થના ઇક્વિટી શેર જારી કરીને વિક્ટોરિયા હોસ્પિટલ લિમિટેડના વધારાના સામાન્ય શેર ખરીદવાનો ઇરાદો ધરાવે છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થયા પછી હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલનો પ્રવાહ ફરી શરૂ થવાની અપેક્ષાએ ગ્લોબલ ઇક્વિટી માર્કેટ્સ સતત બીજા સત્રમાં ઊંચા વેપાર કરી રહ્યા હતા. જર્મનીનો ડેક્સ ૦.૬૧% વધ્યો, ફ્રાન્સનો સીએસી-૪૦ ઇન્ડેક્સ ૦.૮% વધ્યો અને ઇંગ્લેન્ડનો ફૂટ્સી ૧૦૦ ઇન્ડેક્સ ૦.૬% વધ્યો હતો.

નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા સંકલિત ૧૫ મુખ્ય સેક્ટર માંથી ૧૧ સેક્ટરમાં જોરદાર લેવાલી જોવા મળી, હતી અને નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સે ૨.૪ ટકાના ઉછાળા સાથે તેની આગેવાની લીધી હતી. નિફ્ટી આઇટી, એફએમસીજી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓઇલ એન્ડ ગેસ, મીડિયા અને ફાઇનાન્શિયલ સર્વિસિસ ઇન્ડેક્સ પણ ૦.૭૦ ટકા અને ૧.૮૦ ટકાની વચ્ચે વધ્યા હતા. બીજી બાજુ, મેટલ, ફાર્મા, પીએસયુ બેંક અને હેલ્થકેર શેરોમાં વેચવાલીના દબાણ વચ્ચે પીઠેહઠ જોવા મળી હતી. વ્યાપક બજારોમાં ખરીદીનો રસ જોવા મળ્યો હોવાથી નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૪૦ ટકા વધ્યો અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૩૮ ટકા વધ્યો હતો.

નિફ્ટીમાં એચસીએલ ટોપ ગેઇનર હતો. ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, એનટીપીસી, બજાજ ફિનસર્વ, હિન્દુસ્તાન યુનિલિવર, ઓએનજીસી, બજાજ ફાઇનાન્સ, ટેક મહિન્દ્રા અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ પણ ૧.૬૬ ટકા અને ૨.૭૫ ટકાની વચ્ચે વધ્યા હતા. બીજી બાજુ, નિફ્ટી ઇન્ડેક્સમાં હિન્ડાલ્કો સૌથી વધુ ઘટાડા સાથે ટોપ લુઝર બન્યો હતો, આંતરરાષ્ટ્રીય બજારમાં એલ્યુમિનિયમના ભાવ ઘટ્યા પછી શેર ૨.૯૫ ટકા ઘટ્યો હતો. નાલ્કો અને વેદાંતા એલ્યુનિમિયમમાં પણ પાંચેક ટકાનો કડાકો નોંધાયો હતો.

આ ઉપરાંત જેએસડબલ્યુ સ્ટીલ, એચડીએફસી લાઇફ, આઇશર મોટર્સ, મારુતિ સુઝુકી, ઇન્ટરગ્લોબ એવિએશન, ટાટા મોટર્સ પીવી અને એપોલો હોસ્પિટલ્સ ટોપ લુઝર્સ શેરમાં સામેલ હતા. એનએસઇ પર ૧,૯૫૬ શેર વધ્યા હતા, જ્યારે ૧,૩૫૬ શેર નીચા ભાવે બંધ થયા હતા, જેના કારણે બજારની એકંદર અંડરટોન મજબૂત રહ્યો હતો.

ઓટો, ફાર્મા, પીએસયુ બેંક, મેટલ સિવાય, અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એનર્જી, મીડિયા, એફએમસીજી, રિયલ્ટી એકથી બે ટકાના ઉછાળા સાથે ગ્રીન ઝોનમાં બંધ થયા હતા. બીએસઇ પર લગભગ ૧૦૦ શેરોએ તેમની બાવન સપ્તાહની ટોચને સ્પર્શી હતી, જેમાં ડો. લાલ પેથલેબ, કેપીઆઇએલ, યસ બેંક, કેપ્રી ગ્લોબલ, અપાર ઇન્ડસ્ટ્રીઝ, આદિત્ય બિરલા સન લાઇફ એએમસી, જીએમઆર એરપોર્ટ્સ, નિપ્પોન લાઇફ ઇન્ડિયા એસેટ મેનેજમેન્ટ, આઇએફસીઆઇ, પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ સહિત અન્યનો સમાવેશ થાય છે.

## માર્કેટ કેપમાં રૂ.૧.૭૫ લાખ કરોડનો વધારો

મુંબઇઃ સતત ત્રીજા દિવસની આગેકૂચમાં ખાસ કરીને રિયલ્ટી, આઈટી અને એફએમસીજી શેર્સ સર્વાધિક લેવાલી જોવા મળી હતી, જ્યારે ભારે વેચવાલીને કારણે મેટલ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૧.૭૫ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

મંગળવારે સેન્સેક્સ ગત સોમવારના ૭૬,૨૬૪.૩૩ પોઈન્ટના બંધની સરખામણીએ ૫૪૪.૧૫ પોઈન્ટ કે ૦.૭૧ ટકા વધ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૬,૫૨૬.૭૭ પોઈન્ટે ખૂલ્યો હતો, જે નીચામાં ૭૬,૪૪૩.૩૪ પોઈન્ટ સુધી ગયો હતો તથા ઊંચામાં ૭૬,૮૪૬.૭૪ પોઈન્ટ સુધી પહોંચ્યા બાદ અંતે ૭૬,૮૦૮.૪૮ બંધ રહ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૨.૨૪ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૭૦.૪૯ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧.૭૫ લાખ કરોડનો વધારો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૨૦ સ્ક્રિપના ભાવ વધ્યા હતા, જ્યારે ૧૦ સ્ક્રિપના ભાવ ઘટ્યા હતા..

બીએસઈ પર કુલ ૪,૪૦૭ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૨૯૩ શેરોના ભાવ વધ્યા હતા, ૧,૯૬૭ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૪૭ શેરોના ભાવ યથાવત રહ્યા હતા.

૧૧૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૬૦ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

કુલ ૬ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૦ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૬ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૩૩ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૪૮ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૬૨ ટકા તથા એસએમઈ આઈપીઓ ૦.૭૩ ટકા વધ્યા હતા.

સેક્ટરલ સૂચકાંકોમાં મુખ્યત્વે સેક્ટરલ સૂચકાંકોમાં મુખ્યત્વે રિયલ્ટી ૨.૨૭ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૭૨ ટકા, આઈટી ૧.૬૬ ટકા, એફએમસીજી ૧.૧૨ ટકા અને એનર્જી ૧ ટકા વધ્યા હતા, જ્યારે મેટલ ૧.૨૫ ટકા, કોમોડિટીઝ ૦.૪૮ ટકા, હોસ્પિટલ્સ ૦.૪૭ ટકા, ઓટો ૦.૩૫ ટકા, હેલ્થકેર ૦.૨૬ ટકા અને પીએસયુ બેન્ક ૦.૧૪ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે એચસીએલ ટેક ૩.૫૯ ટકા, બજાજ ફિનસર્વ ૨.૧૩ ટકા, એનટીપીસી ૨.૧૦ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૨.૧૦ ટકા, ટીસીએસ ૧.૭૨ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૭૦ ટકા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧.૫૯ ટકા, ટેક મહિન્દ્રા ૧.૪૫ ટકા, આઈટીસી ૧.૩૨ ટકા અને ટાઈટન ૧.૨૦ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ડિગો ૦.૮૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૮૨ ટકા, મારુતિ ૦.૮૧ ટકા, ટાટા સ્ટીલ ૦.૭૧ ટકા, બીઈએલ ૦.૫૧ ટકા, એસબીઆઈ ૦.૪૯ ટકા, સન ફાર્મા ૦.૩૨ ટકા, એક્સિસ બેન્ક ૦.૧૯ ટકા અને ટ્રેન્ટ ૦.૧૭ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૧૮૬.૪૧ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૧,૦૦૧ ટ્રેડ્સમાં ૧,૨૧૩ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૬,૨૩૯ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૩૭,૬૧,૩૬૯.૦૩ કરોડ રહ્યું હતું. ■

# ચાંદી ₹ ૨૩૦૯ ગબડી, સોનામાં ₹ ૧૭નો ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયામાં તણાવ હળવો થતાં ક્રૂડતેલના ભાવ ઘટી આવતા ફુગાવામાં વધારો થવાની ચિંતામાં ઘટાડો અને અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો નહીં કરે તેવો આશાવાદ સપાટી પર આવતાં આજે લંડન ખાતે સોના અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આગળ વધ્યો હતો. જોકે, આજથી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક શરૂ થઈ રહી હોવાથી રોકાણકારોએ અમુક અંશે સાવચેતીનો અભિગમ પણ અપનાવ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૩૦૯ ગબડી ગયા હતા, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭નો સાધારણ સુધારો આવતાં એકંદરે મિશ્ર વલણ જોવા મળ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ચાંદીમાં ગઈકાલના ઉછાળા પશ્ચાત્ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૩૦૯ના ઘટાડા સાથે રૂ. ૨,૪૯,૧૭૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત છૂટીછવાઈ રોકાણલક્ષી માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭ના સુધારા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૦,૦૬૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૦,૬૬૩ના મથાળે રહ્યા હતા. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૪૩૪૧.૩૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૪૩૬૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૭૦.૩૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે આગામી શુક્રવારે ઈરાન સાથે શાંતિકરાર થશે સહીસિક્કા થયા બાદ તેની લેખિત પ્રત જાહેર કરવામાં આવશે અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગ પણ સંપૂર્ણપણે ખોલી નાખવામાં આવશે. શાંતિકરારના આ અહેવાલોને પગલે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવતા ફુગાવાલક્ષી દબાણનું જોખમ હળવું થતાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો ન કરે તેવા આશાવાદે સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું એક્ટિવ ટ્રેડનાં વિશ્લેષક રિકાર્ડો ઈવાનજેલિસ્ટાએ જણાવ્યું હતું.

ફુગાવાલક્ષી દબાણ હળવું થતાં આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર અમેરિકી ફેડરલ રિઝર્વ ડિસેમ્બરના અંત સુધીમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા બજાર વર્તુળો જે અગાઉ ૭૦ ટકા વ્યક્ત થઈ રહી હતી તેની સામે હવે ઘટીને ૫૬ ટકા શક્યતા વ્યક્ત થઈ રહી છે. જોકે, હવે રોકાણકારોનું ધ્યાન આવતીકાલે સમાપન થતી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે. એકંદરે બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખવામાં આવે તેવી શક્યતા છે, પરંતુ ફેડરલના નવાં અધ્યક્ષ કેવિન વાર્શ ભવિષ્યની નાણાનીતિ અંગે કેવો અણસાર આપે છે તેના પર બજાર વર્તુળોની મીટ મંડાયેલી રહેશે. ■

# ડૉલર સામે રૂપિયામાં બે પૈસાની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયામાં તણાવ હળવો થતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૦૦.૦૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન એક તબક્કે ૧૦૨ પૈસા મજબૂત થયા બાદ અંતે સાધારણ બે પૈસાની નરમાઈ સાથે ૯૪.૬૦ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે વિશ્વ બજારમાં અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ ઘટી આવતા રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૫૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૪.૬૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૭૧ અને ઉપરમાં ૯૩.૫૬ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે બે પૈસા ઘટીને ૯૪.૬૦ની સપાટીએ બંધ રહ્યો હતો.



એકંદરે વૈશ્વિક સ્તરે જોખમી પરિબળોમાં થયેલા ઘટાડાની સાથે ક્રૂડતેલના ભાવ ઘટી આવતા ફુગાવામાં ઘટાડાની શક્યતા અને ઈક્વિટી માર્કેટમાં વિદેશી ફંડોનો આંતરપ્રવાહ જોવા મળે તેવા આશાવાદને ધ્યાનમાં લેતા આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહેતાં ૯૪.૧૦થી ૯૪.૯૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. વધુમાં સીઆર ફોરેક્સ એડ્વાઈઝરના મેનેજિંગ ડિરેક્ટર અમીત પાબારીએ જણાવ્યું હતું કે ભારત તેની ક્રૂડતેલની કુલ આવશ્યકતા પૈકી ૯૦ ટકા આયાત કરે છે અને ક્રૂડતેલના ભાવ ઘટી આવતા તેની રૂપિયા પર સકારાત્મક અસર થતી હોય છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬૮ ટકા ઘટીને બેરલદીઠ ૮૧.૭૭ ડૉલર આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૧ ટકા ઘટીને ૯૯.૬૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૫૪૪.૧૫ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૩૫.૨૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. ■

# આયાત જકાતમાં વધારો છતાં મે મહિનામાં સોનાની આયાત ૩૪ ટકા વધીને ૩.૪૧ અબજ ડૉલરની સપાટીએ

## ચાંદીનાં શિપમેન્ટમાં ૮૬ ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ ગત મે મહિનામાં સોનાના વૈશ્વિક ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવાથી દેશમાં સોનાની આયાત વર્ષાનુવર્ષ ધોરણે ૩૪ ટકા વધીને ૩.૪૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે ચાંદીની આયાતમાં ૮૬.૬૫ ટકાનો ઘટાડો આવ્યો હોવાનું વાણિજ્ય મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે ગત ૧૩મી મેના રોજથી અમલી બને તેમ સરકારે સોનાચાંદીની આયાત જકાત જે છ ટકા હતી તે વધારીને ૧૫ ટકા કરી હતી. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત મે મહિનામાં ચાંદીની આયાત મે, ૨૦૨૫નાં ૫૬.૬૨૨ કરોડ ડૉલર સામે ઘટીને ૭.૫૫૭ કરોડ ડૉલરની સપાટીએ રહી હતી. સોનાની આયાતમાં નોંધપાત્ર વધારો થવાને કારણે ગત મે મહિનામાં દેશની વેપાર ખાધ (આયાત અને નિકાસ વચ્ચેનો તફાવત)૨૮.૨૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ઉલ્લેખનીય બાબત એ છે કે નવી દિલ્હી ખાતે ગત મે મહિનામાં સોનાના વેરા સહિતનાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧.૬૦ લાખ આસપાસ રહ્યા, જ્યારે ચાંદીના ભાવ ૨.૬૦ લાખ આસપાસ રહ્યા હતા.

દેશમાં સોનાની આયાત માટેના મુખ્ય સ્રોતમાં સ્વિટ્ઝર્લેન્ડ ૪૦ના હિસ્સા સાથે મોખરે છે. ત્યાર બાદ અનુક્રમે યુએઈનો હિસ્સો ૧૬ ટકા અને દક્ષિણ આફ્રિકાનો હિસ્સો અંદાજે ૧૦ ટકા છે. જોકે, ગત મે મહિનામાં સ્વિટ્ઝર્લેન્ડથી સોનાની આયાતમાં ૫૭.૭૩ ટકાનો અને એપ્રિલ તથા મે મહિનાની કુલ આયાતમાં ૨૦.૩૪ ટકાનો ઘટાડો થયો છે. નોંધનીય બાબત એ છે કે દેશની કુલ આયાતમાં કિંમતી ધાતુઓની આયાતનો હિસ્સો પાંચ ટકા જેટલો હોય છે. વાણિજ્ય મંત્રાલયની આંકડાકીય માહિતી મુજબ ગત એપ્રિલ અને મે મહિનામાં સોનાની કુલ આયાત ગત સાલના સમાનગાળાની તુલનામાં ૬૦.૧૪ ટકા વધીને ૯.૦૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે ચાંદીની આયાત ૩૩ ટકા વધીને ૪૮.૬૫૮ કરોડ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં દેશની સોનાની આયાત ૨૪ ટકા વધીને ૭૧.૯૮ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી, પરંતુ પ્રમાણની દૃષ્ટિએ આયાત ૪.૭૬ ટકાના ઘટાડા સાથે ૭૨૧.૦૩ ટનના સ્તરે રહી હતી.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિશ્વમાં ચીન પછી ભારત બીજા ક્રમાંકનો સૌથી મોટો સોનાનો વપરાશકાર દેશ છે અને સ્થાનિક જ્વેલરી ઉત્પાદકોની માગ આયાતથી સંતોષાય છે, પરંતુ સોનાની આયાત થતી હોવાથી તેની સીધી અસર ચાલુ ખાતાની ખાધ પર પડતી હોય છે. ગત નાણાકીય વર્ષનાં ચોથા ત્રિમાસિકગાળામાં અથવા તો ગત જાન્યુઆરીથી માર્ચ દરમિયાન દેશની ચાલુ ખાતાની ખાધ જીડીપીનાં ૦.૭ ટકા અથવા તો ૭.૧ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, તે પૂર્વેના નાણાકીય વર્ષના સમાનગાળામાં ચાલુ ખાતાની પુરાંત જીડીપીના ૧.૪ ટકા અથવા તો ૧૩.૭ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ જણાવ્યું હતું.

જોકે, ગત સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં દેશની ચાલુ ખાતાની ખાધ જીડીપીના ૦.૬ ટકા અથવા તો ૨૫.૨ અબજ ડૉલરના સ્તરે રહી હતી, જ્યારે તે પૂર્વેના નાણાકીય વર્ષમાં ચાલુ ખાતાની ખાધ જીડીપીના ૦.૬ ટકા અથવા તો ૨૨.૯ અબજ ડૉલરના સ્તરે રહી હતી. ■

# મથકો પાછળ દેશી તેલમાં આગળ ધપતો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે નવ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૯૩ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મથકો પાછળ દેશી તેલમાં ભાવ ઘટી આવ્યા હતા, જેમાં ૧૦ કિલોદીઠ સિંગતેલમાં રૂ. ૧૦નો અને કપાસિયા રિફાઈન્ડ તથા સરસવમાં રૂ. ૨૦ ઘટી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૮ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૫ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા.

ગુજરાતમાં ગોંડલ મથકે આજે મગફળીની ૭૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૫૦માં અને રાજકોટ મથકે ૨૪૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૨૫માં થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૬૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦થી ૧૫૦૫માં થયા હતા અને રાજકોટ ખાતે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૪૦માં થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૨૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૬૦૦થી ૬૮૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૮૨૫થી ૬૯૦૦માં થયા હતા.

હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, સિંગતેલના રૂ. ૧૫૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૩૦ અને સરસવના રૂ. ૧૬૧૦ના મથાળે રહ્યા હતા. ■

# બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાયની ધાતુઓમાં નફારૂપી વેચવાલીએ પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે આગામી શુક્રવારે ડીલ થઈ જવાના આશાવાદ સાથે ગઈકાલે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ટીનની આગેવાની હેઠળ તેજીનું વલણ જોવા મળ્યા બાદ આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે ધાતુમાં સાધારણ નરમાઈનો અન્ડરટોન રહ્યો હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ધાતુ બજારમાં પણ એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં માગને ટેકે ભાવમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં નિકલની આગેવાની હેઠળ અન્ય તમામ ધાતુઓમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણથી ૧૩ સુધીનો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૩૬૭, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૩૬૦, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને રૂ. ૧૭૨૭, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૨૯૭ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૫૩૦૬ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની વેચવાલી સામે છૂટીછવાઈ સાર્વત્રિક સ્તરેથી ખપપૂરતી માગ જળવાઈ રહી હોવા છતાં ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૨૩, રૂ. ૧૩૧૩, રૂ. ૮૮૫ અને રૂ. ૩૧૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૨૧૪ અને ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૩૭૦ અને રૂ. ૨૦૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૮૪૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■



રાજકોટની જાણીતી ‘બાલાજી થાળ રેસ્ટોરન્ટ’માં આરોગ્ય વિભાગ ત્રાટક્યું હતું, રસોડામાંથી અનેક શંકાસ્પદ અને અખાદ્ય વસ્તુઓનો જથ્થો મળ્યો હતો... (ફોટોગ્રાફર-પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરમાં ગોપાલ નમકીનના ગોડાઉનમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે ચાર શખ્સો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ઘોઘા રોડ પર આવેલા એક નમકીનના ગોડાઉનમાંથી વિદેશી દારૂની મોટી ખેપ સાથે ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા, જ્યારે એક શખ્સ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

મળતી વિગતો મુજબ પોલીસ સ્ટાફના માણસો ગત રાત્રિના સમયે ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, ઘોઘા રોડ પર અખીલેશ સર્કલ પાસે આવેલા નટરાજ ફાર્મની બાજુમાં ગોપાલ નમકીનનું ગોડાઉન આવેલું છે. આ ગોડાઉનની બહાર રોડ પર એક સફેદ કલરની નંબર વગરની હ્યુંડાઇ ઈ-૨૦ કારમાંથી ઇંગ્લિશ દારૂનો જથ્થો ઉતારવામાં આવી રહ્યો છે. ગોડાઉનનો માલિક રમેશભાઇ લક્ષ્મણભાઇ જાંબુચા તથા કારચાલક સતીષભાઇ શામજીભાઇ ગોહેલ પોતાના માણસો સાથે મળીને આ દારૂ ગોડાઉનમાં છિપાવી રહ્યા છે.

બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે કોર્ડન કરીને સ્થળ પરથી ચાર શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં (૧) સતીષભાઇ શામજીભાઇ ગોહેલ (રહે. કરચલીયા પરા), (૨) રમેશભાઇ લક્ષ્મણભાઇ જાંબુચા (રહે. સાગર પાર્ક સોસાયટી, ઘોઘા રોડ), (૩) રાહુલભાઇ અશોકભાઇ સરવૈયા (રહે. શિવાજી સર્કલ) અને (૪) નીતેશભાઇ લવજીભાઇ મકવાણા (રહે. પારૂલ સોસાયટી, શિવાજી સર્કલ) નો સમાવેશ થાય છે. જ્યારે અન્ય એક આરોપી હરેશભાઇ ઉર્ફે ભયલું ધનજીભાઇ બારૈયા (રહે. શિવાજી સર્કલ) પોલીસને થાપ આપીને નાસી છૂટ્યો હતો, જેને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.

પોલીસે ઘટનાસ્થળેથી નંબર વગરની આઇ-૨૦ કારની તલાશી લેતા તેમાંથી કંપની સીલપેક વિદેશી દારૂની કુલ ૧૪૪૦ બોટલો મળી આવી હતી, જેના પર ‘‘ફોર સેલ ઇન યુ.ટી. ચંદીગઢ ઓન્લી’’ લખેલું હતું. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં રૂ. ૭૨,૦૦૦/- ની કિંમતની પાર્ટી સ્પેશયલ ગોલ્ડ પ્રીમિયમ વ્હીસ્કીની ૪૮૦ બોટલ, રૂ. ૭૬,૮૦૦/- ની કિંમતની ગ્રે વોલ્ફ જામુન ઇ મીન્ટ વોડકાની ૯૬૦ બોટલ તથા રૂ. ૩,૦૦,૦૦/- ની કિંમતની હ્યુંડાઇ આઇ-૨૦ કાર મળીને કુલ રૂ. ૪,૪૮,૮૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલો મુખ્ય આરોપી સતિષ શામજીભાઇ ગોહેલ રીઢો ગુનેગાર છે અને તેની સામે વર્ષ ૨૦૧૨થી લઈને અત્યાર સુધીમાં ભાવનગરના ગંગાજળીયા, ઘોઘા રોડ, વરતેજ, બોરતળાવ, વેળાવદર ભાલ ઉપરાંત અમદાવાદ ગ્રામ્યના કોઠ અને છોટા ઉદેપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ કુલ ૨૧ જેટલા ગુન્હાઓ નોંધાઈ ચૂક્યા છે. ■

# ભાવનગરમાં રખડતા ઢોરની ગંભીર સમસ્યાથી લોકો પરેશાનઃ ચોમાસું નજીક છતા તંત્ર નિષ્ક્રિય

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની ગંભીર સમસ્યાઓ પૈકી રસ્તા પર રખડતા ઢોરની સમસ્યાનો હજુ સુધી કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. રસ્તાઓ પર અડીંગો જમાવીને બેસતા રખડતા ઢોરને કારણે શહેરમાં નાના-મોટા અકસ્માતો તો રોજિંદી ઘટના બની ગયા છે, પરંતુ આ જીવલેણ સમસ્યાને લીધે અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ પણ ગુમાવ્યા છે. સામાન્ય દિવસો કરતાં ચોમાસા દરમિયાન આ સમસ્યા વધુ ગંભીર અને જોખમી બને છે. હાલમાં એકતરફ ચોમાસુ એકદમ નજીક છે ત્યારે બીજી તરફ મહાનગરપાલિકા દ્વારા રસ્તા પરથી ઢોર હટાવવા કે પકડવા માટેનું કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યું ન હોવાથી શહેરીજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભાવનગર શહેરના મોટાભાગના વિસ્તારોમાં જાહેર માર્ગો પર રખડતા ઢોરનો પ્રશ્ન વર્ષોથી ચાલ્યો આવે છે, પરંતુ તંત્ર દ્વારા કોઈ આયોજનબદ્ધ કામગીરી કરવામાં આવતી નથી. આ મુદ્દે કોર્પોરેશનની સાધારણ સભામાં પણ અનેકવાર ઉગ્ર ચર્ચાઓ અને હોબાળા થઈ ચૂક્યા છે, પરંતુ જમીની હકીકત એ છે કે આજે પણ ભાવનગર શહેરમાંથી રખડતા ઢોરનો ત્રાસ દૂર થયો નથી. તંત્રની ઘોર બેદરકારી એ વાત પરથી સાબિત થાય છે કે શહેરમાં રખડતા ઢોર પકડવા માટે એક ખાનગી એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો, પરંતુ એક આખું વર્ષ પૂરું થયું હોવા છતાં શહેરમાં ઠેર ઠેર રખડતા ઢોર જોવા મળે છે.

હાલની સ્થિતિએ કોર્પોરેશનના એકલદોકલ કર્મચારીઓ દ્વારા રોજના સરેરાશ માંડ આઠ જેટલા ઢોર પકડીને ઢોર ડબ્બામાં પૂરવામાં આવી રહ્યા છે. તંત્ર દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે રખડતા ઢોર પકડવાની કામગીરી ચાલુ છે અને ભવિષ્યમાં વધુ ઢોર પકડવામાં આવશે, પરંતુ માત્ર ઢોર પકડવા પૂરતો આ સમસ્યાનો ઉકેલ નથી. હાલમાં પકડાયેલા પશુઓને કોર્પોરેશન સંચાલિત ચાર ઢોર ડબ્બામાં પૂરવામાં આવે છે, જ્યાં અત્યારે ૨૧૫૦ જેટલા ઢોરનો નિભાવ કરવામાં આવી રહ્યો છે. આ ડબ્બાઓની કુલ ક્ષમતા પણ અંદાજે ત્રણ થી સાડા ત્રણ હજાર ઢોર નિભાવી શકે એટલી જ છે. આ સંજોગોમાં જો કોર્પોરેશન મોટા પાયે ઝુંબેશ ઉપાડે તો પશુઓને રાખવા ક્યાં તે મોટો સવાલ છે. જેથી આ કાયમી સમસ્યાના નિવારણ માટે માત્ર ઢોર પકડવા પૂરતું મર્યાદિત ન રહેતા, પકડાયેલા ઢોરને વધુને વધુ પ્રમાણમાં વિવિધ ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં મોકલવાનું યોગ્ય આયોજન કરવું પણ તંત્ર માટે અનિવાર્ય બન્યું છે. ■

# ભાવનગર મહાનગરપાલિકામાં પદાધિકારીઓ હવે સુપર પાવરઃ સંગઠનનો દબદબો ખતમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: રાજ્યના સ્થાનિક સ્વરાજ્યના રાજકારણમાં એક મોટા અને મહત્ત્વપૂર્ણ રાજકીય ઊલટફેરના સંકેતો મળી રહ્યા છે. મહાનગરપાલિકાઓમાં અત્યાર સુધી જે નિર્ણયો પર ભાજપ સંગઠનનો દબદબો રહેતો હતો, તે વ્યવસ્થામાં હવે મોટો બદલાવ આવી રહ્યો છે. રાજ્યની તમામ મહાનગરપાલિકાઓમાં ભાજપ સંગઠનને હાંસિયામાં ધકેલીને કોર્પોરેશનના પદાધિકારીઓ અને સભ્યોને જ સર્વેસર્વા બનાવવાનો નિર્ણય પ્રદેશ કક્ષાએથી લેવાયો હોવાનું જાણવા મળ્યું છે. આ નવા બદલાવને કારણે એજન્ડા માટે પદાધિકારીઓને સંપૂર્ણ સ્વતંત્રતા મળશે, પરંતુ બીજી તરફ પક્ષમાં અનુશાસન પડી ભાંગવાની ભીતિ પણ સેવાઈ રહી છે. સામાન્ય રીતે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓ કાબૂમાં રહે અને પ્રજાલક્ષી કાર્યો યોગ્ય રીતે થાય તે માટે રાજકીય સંગઠનનો હાથ ઉપર રહેતો હોય છે. વર્ષોથી એવી પરંપરા રહી છે કે સ્ટેન્ડિંગ કમિટી અને સાધારણ સભાના તમામ કાર્યો મંજૂર કરતા પહેલા ભાજપ સંગઠન સાથે સંકલન સાધીને જ નિર્ણય લેવાતો હતો. પરંતુ હવે આ નવો ચીલો ચીતરવામાં આવતા, મહાનગરપાલિકાના પદાધિકારીઓને જ સર્વોચ્ચ સત્તા સોંપવામાં આવી છે. આ નિર્ણયથી કોર્પોરેશન પરથી પાર્ટીનો કંટ્રોલ જ નહિ રહે અને ‘હાથમાં એના મોમાં’ જેવી સ્થિતિ સર્જાશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. જો કોઈ સભ્ય પાર્ટીને નુકસાનકર્તા નિર્ણય લેશે, તો પણ તેની સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં પક્ષના હાથ ટૂંકા પડશે અને પદાધિકારીઓ પોતાની મનમાની કરી શકશે તેવી ભીતિ પણ રાજકીય વર્તુળોમાં વ્યક્ત થઈ રહી છે.

બીજી તરફ, ભાવનગર મહાનગરપાલિકાની નવનિયુક્ત સ્ટેન્ડિંગ કમિટીની પ્રથમ બેઠક ચેરમેન કિશનભાઈ મહેતાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં ભાવનગર શહેરના વિકાસ માટે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેમાં કુલ રૂ. ૧૦૧ કરોડના વિકાસ કાર્યો સહિત ૧૪૨ જેટલા કાર્યોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

શહેરમાં રહેણાંકની મિલકતો ધરાવતી વિધવા બહેનોને જે મિલકત વેરામાંથી મુક્તિ આપવામાં આવતી હતી, તેની વાર્ષિક આવક મર્યાદા અગાઉ માત્ર રૂ. ૩૬,૦૦૦ હતી. આ મર્યાદામાં માતબર વધારો કરીને હવે રૂ. ૧.૫૦ લાખ કરવામાં આવી છે, જેથી વધુમાં વધુ વિધવા બહેનોને આ યોજનાનો લાભ મળી શકશે. શહેરી પરિવહન (ઈ-બસ પાસ) માં મોટી રાહતઃ સામાન્ય નાગરિકો અને દિવ્યાંગો માટે ઈ-બસના માસિક, ત્રિમાસિક અને અર્ધવાર્ષિક પાસના દરોમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. સામાન્ય નાગરિકો માટે બસમાં માસિક ૫૦૦ માંથી ઘટાડી રૂ. ૩૦૦ અને દિવ્યાંગજનો ૩૫૦ માંથી ઘટાડી રૂ. ૧૦૦ ના દર મંજૂર કરવામાં આવ્યા છે. આ ઠરાવ હજુ સાધારણ સભામાં મંજૂરી માટે મોકલાશે. ■

# ભાવનગરમાં બ્રહ્મ સમાજનો વિશિષ્ટ પસંદગી મેળો યોજાશે : સંપૂર્ણ નિઃશુલ્ક આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ‘કેદાર બ્રહ્મ જીવન સાથી કેન્દ્ર, ભાવનગર’ના ઉપક્રમે બ્રહ્મ સમાજના યુવક-યુવતીઓ માટે એક વિશિષ્ટ પ્રકારના પસંદગી મેળાનું આયોજન આગામી ઓગસ્ટ-૨૦૨૬ના પ્રથમ અથવા દ્વિતીય સપ્તાહમાં કરવામાં આવ્યું છે. આ પસંદગી મેળાની મુખ્ય વિશિષ્ટતા એ છે કે તેમાં ભાગ લેવા માટે ઉમેદવારે કોઈપણ પ્રકારની ફી ભરવાની રહેશે નહીં. મેળામાં ફોર્મ ભરનારા દરેક ઉમેદવારે જાતે રૂબરૂ ફરજિયાત હાજરી આપવાની રહેશે, જેમની સાથે તેમના બે વાલી હાજર રહી શકશે. ઉમેદવાર તથા વાલીઓ માટે ચા-પાણી, નાસ્તો અને ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા સંસ્થા તરફથી નિઃશુલ્ક રાખવામાં આવી છે.

સભાખંડમાં શિસ્તબદ્ધ પ્રવેશ માટે ઉમેદવાર તથા વાલીઓને ખાસ આઈ-કાર્ડ આપવામાં આવશે અને આઈ-કાર્ડ વગર કોઈને પણ પ્રવેશ મળશે નહીં. આ કાર્યક્રમમાં કોઈ પણ જાતનો ઔપચારિક સમારંભ કે લાંબા ભાષણો રાખવામાં આવ્યા નથી. કાર્યક્રમ દરમિયાન ઉમેદવારોને યુવક-યુવતીઓની જરૂરી માહિતી પૂરી પાડવામાં આવશે, જેના આધારે એકબીજાનો પરિચય કેળવીને સ્થળ પર જ મધ્યસ્થીની હાજરીમાં મુલાકાત કરાવવામાં આવશે. અહીં કોઈ બાયોડેટા બુક આપવામાં આવશે નહીં. આ મેળો સંપૂર્ણ નિઃશુલ્ક હોવાથી ‘વહેલા તે પહેલા’ના ધોરણે મર્યાદિત સંખ્યામાં જ પ્રવેશ આપવામાં આવનાર હોય, જ્ઞાતિજનોએ વહેલી તકે સંપર્ક સાધી સંમતિ ફોર્મ ભરી આપવા જણાવાયું છે. ■

# ભાવનગરના મહુવા નજીક દારૂ ભરેલી કારને અકસ્માતઃ ૧.૪૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો, ચાલક ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના મહુવા નજીક વિદેશી દારૂ ભરેલી કાર ને અકસ્માત સર્જાયા બાદ રસ્તા પર દારૂની રેલમ છેલ થઈ હતી. અકસ્માત બાદ કારનો ચાલક નાસી છૂટ્યો હતો. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ભાવનગર-મહુવા નેશનલ હાઈવે પર તરેડી ગામના પાટિયા પાસે એક કાર અકસ્માતગ્રસ્ત હાલતમાં પડી હોવાની બાતમી મહુવા ગ્રામ્ય પોલીસને મળી હતી. પોલીસની ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરતા કારના કાચ તૂટેલા હતા અને અંદર તેમજ આજુબાજુમાં દારૂનો જથ્થો વેરવિખેર પડ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી વિવિધ બ્રાન્ડની વિદેશી વ્હીસ્કીની બોટલો અને બીયરના ટીન સહિત કુલ ૧,૦૬૧ નંગ દારૂનો જથ્થો (કિંમત રૂ.૧,૪૮,૨૧૫) તથા રૂ.૩ લાખની કાર મળીને કુલ રૂ.૪,૪૮,૨૧૫ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસના પહોંચતા પહેલા જ અજાણ્યો કાર ચાલક દારૂનો જથ્થો બિનવારસી મૂકી નાસી છૂટ્યો હતો. મહુવા ગ્રામ્ય પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરમાં સામાન જાતે લેવાની ના પાડતા યુવક પર છરી વડે ઘાતકી હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના તરસમિયા રોડ પર આવેલા ખારશી વિસ્તારમાં ગ્રાહકને પોતાની રીતે માલસામાન લેવાની ના પાડવી એક યુવકને ભારે પડી ગઈ છે, જ્યાં ઉશ્કેરાયેલા બે શખ્સોએ ‘‘આજે તો તને પતાવી દેવો છે’’ તેમ કહીને યુવક પર છરી વડે ઘાતકી હુમલો કર્યો હતો.

આ બનાવની વિગત એવી છે કે મૂળ ઘોઘા તાલુકાના પીપરલા ગામના વતની અને હાલ ભાવનગરના તરસમિયા, ખારશી વિસ્તારમાં આવેલી બાપા સીતારામ સોસાયટી, પ્લોટ નંબર ૧૨૬ માં રહેતા મનીષભાઈ પાંચાભાઈ ડાભી (ઉં.વ.૩૨) તેમની જ સોસાયટીમાં આવેલી સિલાઈ કામના સાધનો અને માલસામાન વેચતી એક દુકાનમાં નોકરી કરે છે. જૂન મહિનાના આ દિવસો દરમિયાન તેઓ દુકાને હાજર હતા, ત્યારે તેમની જ સોસાયટીમાં રહેતો મિલન દિલીપભાઈ મોરી નામનો શખ્સ ત્યાં ખરીદી કરવા આવ્યો હતો. આ વેળાએ મિલન દુકાનદારની પૂછપરછ વિના પોતાની મરજીથી આડેધડ સામાન કાઢવા લાગ્યો હતો, જેથી મનીષભાઈએ તેને અટકાવીને જાતે માલ લેવાની ના પાડી હતી. આ સામાન્ય બાબતે ના પાડતાં જ આરોપી મિલન મોરી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને મનીષભાઈને ‘‘આજે તો તને પતાવી દેવો છે’’ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપીને ત્યાંથી જતો રહ્યો હતો. જો કે, થોડી જ વારમાં મિલન તેના કાકાના દીકરા ચિરાગને સાથે લઈને હથિયાર સાથે દુકાને ધસી આવ્યો હતો અને બંને શખ્સોએ દુકાનની અંદર ઘૂસી મનીષભાઈ સાથે ઝઘડો શરૂ કરીને ઢીંકાપાટુનો આડેધડ માર માર્યો હતો. આ દરમિયાન ચિરાગે પોતાની પાસે રહેલી તીક્ષ્ણ છરી કાઢીને મનીષભાઈ પર સીધો ઘા ઝીંકી દેતાં તેઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થઈને લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા, જ્યારે હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા. દુકાનમાં લોહીલુહાણ હાલતમાં પડેલા મનીષભાઈને આસપાસના લોકોએ ભેગા થઈને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.

આ બનાવની જાણ થતાં જ ભરતનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી ગયો હતો. પોલીસે ઇજાગ્રસ્ત યુવકની સત્તાવાર ફરિયાદના આધારે હુમલાખોર ભાઈઓ મિલન દિલીપભાઈ મોરી અને ચિરાગ વિરુદ્ધ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ઉનાળુ વેકેશન ખૂલતાં જ આરટીઓ એક્શન મોડમાંઃ ચાર દિવસમાં ૯૨ સ્કૂલ વાહનો દંડાયાં, ₹ 3.3૮ લાખની વસૂલાતથી સંચાલકોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં જ શાળાઓ પુનઃ ધમધમતી થઈ છે. વહેલી સવારથી જ માર્ગો પર સ્કૂલ બસો, ખાનગી વેન અને વિદ્યાર્થીઓની હેરફેર કરતી છકડા રિક્ષાઓની અવરજવર વધી ગઈ છે. શાળા વાહનોમાં નિયમોના ઉલ્લંઘનની વ્યાપક ફરિયાદો વચ્ચે પ્રાદેશિક પરિવહન કચેરી દ્વારા વ્યાપક તપાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. પશ્ચિમ કચ્છ આરટીઓ દ્વારા શાળાઓ ખુલ્યાના પ્રારંભિક ૪ દિવસમાં જ કાયદાનો ભંગ કરતા ૯૨ જેટલા શૈક્ષણિક વાહનો સામે દંડાત્મક કાર્યવાહી કરીને રૂ. ૩.૩૮ લાખનો દંડ વસૂલ કરવામાં આવતાં વાહન સંચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. મળતી વિગતો મુજબ, નવા શૈક્ષણિક સત્રના આરંભે જ વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને રાખીને આરટીઓ ઇન્સ્પેક્ટરોની જુદી-જુદી ટુકડીઓને મેદાને ઉતારવામાં આવી છે. આ ટુકડીઓએ ભુજ શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં નાકાબંધી કરીને સ્કૂલ બસો, રિક્ષાઓ અને વેનનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ આકસ્મિક તપાસ દરમિયાન મોટર વાહન કાયદાની વિવિધ જોગવાઈઓ, ફિટનેસ સર્ટિફિકેટ અને પરમિટના નિયમોનો ભંગ કરતા ૯૨ વાહનો ઝડપાયાં હતાં, જેની પાસેથી સ્થળ પર જ દંડની વસૂલાત કરવામાં આવી હતી. આરટીઓ કચેરીના રોડ સેફ્ટી નોડલ અધિકારી જે.કે.પટેલે આ અંગે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારના ચેડાં ચલાવી લેવાશે નહીં. આગામી દિવસોમાં પણ આ તપાસ ઝુંબેશ આ જ રીતે ચાલુ રાખવામાં આવશે, જેથી તમામ શાળા પરિવહન વાહનો નિયમોનું ચુસ્ત પાલન કરે. બીજી તરફ, વાલીઓ અને શિક્ષણ જગતના જાણકારોનું કહેવું છે કે દર વર્ષે શાળાઓ ખૂલતી વખતે તંત્ર થોડા દિવસો માટે આવી કામગીરી કરીને સંતોષ માની લે છે અને બાદમાં સ્થિતિ ‘જૈસે થે’ જેવી થઈ જાય છે. વધુ પૈસાની લાલચમાં છકડા રિક્ષા અને વેનમાં ઘેટાં-બકરાંની જેમ ક્ષમતા કરતા વધુ વિદ્યાર્થીઓને બેસાડવામાં આવતા હોઈ, આવી તપાસ ઝુંબેશ માત્ર પ્રતીકાત્મક ન રહેતા કાયમી ધોરણે ચલાવવામાં આવે તેવી ઉગ્ર માગ ઊઠી છે. ■

# કચ્છમાં વેગીલા પવન સાથે ધૂળની ડમરીઓ ઊડતાં જનજીવન પ્રભાવિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મેઘતૃષ્ણાનાં મુલક સમા કચ્છમાં પાછલા કેટલાક દિવસોથી વાતાવરણમાં આવેલા પલટા વચ્ચે સરેરાશ ૧૫થી ૨૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા તેજ પવનો અને ધૂળની ડમરીઓએ કચ્છીઓને ભારે પરેશાન કરી મૂક્યા છે. વેગીલા વાયરાના કારણે ખાસ કરીને હાઈવે પરથી પસાર થતાં દ્વિચક્રી અને મોટા વાહનચાલકોને વિઝિબિલિટી ઘટવાના કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારોની સાપેક્ષે જિલ્લાના દરિયાકાંઠાના પટ્ટા તેમજ સરહદી રણપ્રદેશના વિસ્તારોમાં પવનનું જોર ઘણું વધારે જોવા મળ્યું હતું. બપોરના સમયે ફૂંકાયેલા આ તેજ પવનમાં ગરમ પવનોનો પ્રભાવ ભળતાં લોકો અસહ્ય અકળામણ અનુભવી રહ્યા છે.

ભુજ, કંડલા એરપોર્ટ, કંડલા પોર્ટ અને નલિયા પંથકમાં મહત્તમ તાપમાન ૩૫થી ૩૮ ડિગ્રી સેલ્સિયસ જ્યારે લઘુત્તમ પારો ૨૭થી ૨૯ ડિગ્રી વચ્ચે નોંધાયો હતો, જેના કારણે રાત્રે પણ બફારાનું પ્રમાણ યથાવત રહ્યું છે.

બીજી તરફ, હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા વરતારા મુજબ કચ્છ જિલ્લામાં આગામી એક સપ્તાહ દરમિયાન વરસાદી ગતિવિધિઓ થવાની સંભાવના નહિવત નજરે પડી રહી છે. જો કે, જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ખાસ કરીને વહેલી સવારના ભાગે આકાશમાં વાદળોની અવરજવર જોવા મળી રહી છે, જેને પગલે આગામી દિવસોમાં ચોમાસાનું વિધિવત આગમન વહેલું થશે તેવી આશા સરહદી જિલ્લાના ધરતીપુત્રો અને નાગરિકોમાં પ્રબળ બની છે. ■

# ભીરંડિયારા આત્મહત્યા કેસમાં ચોંકાવનારો વળાંકઃ યુવકને મરવા મજબૂર કરનાર યુવતીના પરિવાર સહિત પાંચ શખસ સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તાલુકાના સરહદી ભીરંડિયારાના ભંડારીવાંઢ ગામે ગત ૧૨મી જૂનના રોજ ૨૩ વર્ષીય રજાક વલીમામદ રાયશીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અપમૃત્યુના કેસમાં ચોંકાવનારો વળાંક આવ્યો હતો. મૃતક રજાકના ખાટલાના ઓશીકા નીચેથી એક સ્યૂસાઇડ નોટ મળી આવી છે, જેમાં પ્રેમલગ્ન, દુષ્કર્મની ખોટી ફરિયાદ અને જાનથી મારી નાખવાની ધમકીઓનું મોટું ષડ્યંત્ર બહાર આવ્યું હતું. ધોરડો પોલીસે આ ચિઠ્ઠીના આધારે યુવતીના સંબંધીઓ સહિત પાંચ શખસ સામે યુવાનને આત્મહત્યા માટે મજબૂર કરવાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધોરડો પોલીસ મથકે મૃતકના ભાઈ ચનેશરે નોંધાવેલી સત્તાવાર ફરિયાદ મુજબ, ગત ૮ એપ્રિલના રોજ રજાક આદિપુરમાં રહેતી એક યુવતી સાથે પ્રેમસંબંધના કારણે રાજસ્થાન નાસી ગયો હતો. બંનેએ બાડમેર ખાતે મૈત્રીકરાર તેમ જ મુસ્લિમ રીત-રિવાજ મુજબ નિકાહ કરી લીધા હતા. આ અંગે બંને પરિવારોએ પોલીસમાં ગુમનોંધ કરાવી હતી. બાદમાં બંનેની ભાળ મળતાં, પરિવારજનોએ સમાધાનનો ડોળ રચીને સમાજના રીત-રિવાજ મુજબ ફરીથી લગ્ન કરાવી આપવાની બાંહેધરી આપી યુવક-યુવતીને પરત લાવ્યા હતા.

પરંતુ, આ સમાધાન બાદ એક સુનિયોજિત ષડ્યંત્રના ભાગરૂપે યુવતી પાસે આદિપુર પોલીસ મથકે રજાક વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ગુના હેઠળ પોલીસે રજાકની ધરપકડ કરી તેને જેલહવાલે કર્યો હતો. આશ્ચર્યજનક રીતે, રજાક જ્યારે જેલમાં સજા કાપી રહ્યો હતો, ત્યારે જ યુવતીના પરિવારે તેના લગ્ન અન્ય એક યુવક સાથે કરાવી દીધા હતા. ગત ૬ જૂનના રોજ રજાક અદાલતમાંથી જામીન પર મુક્ત થઈને પોતાના ઘરે પરત ફર્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત ૧૧મી જૂનની સાંજે રજાકે તેના ભાઈઓને રડતાં-રડતાં જણાવ્યું હતું કે, જામીન સુમાર અને ગુલાબી રમજાન નામના શખ્સો તેને સતત રસ્તામાં રોકીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી રહ્યા છે અને જીવવા નહીં દે તેમ કહે છે. ભાઈઓએ તેને સવારે સામાજિક અગ્રણીઓ સાથે બેસીને આ મામલે ઉકેલ લાવવાની ખાતરી આપી સૂઈ જવા કહ્યું હતું. જો કે, સતત માનસિક ત્રાસથી ભાંગી પડેલો રજાક મધ્યરાત્રિએ ઘરેથી નીકળી ગયો હતો અને હમધાણીવાંઢ જવાના રસ્તે વીજળીના પોલ પર ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું.

સવારે સર્જાયેલી આ કરુણ ઘટના બાદ પરિવારજનોએ રજાકના ખાટલાની તપાસ કરતાં, ઓશીકા નીચેથી તેના જ હસ્તાક્ષરમાં લખેલી અને સહી કરેલી એક સ્યૂસાઇડ નોટ મળી આવી હતી. આ ચિઠ્ઠીમાં રજાકે સ્પષ્ટ લખ્યું હતું કે, ‘‘હું જામીન સુમાર રાયશી, ઈશાક સુમાર રાયશી (રહે. આદિપુર), કમાલશા સઈયદ, ગુલાબી રમજાન રાયશી અને દરિયા ગુલાબી રાયશી (રહે. ત્રણેય ભીરંડિયારા)ના ત્રાસના કારણે મજબૂર થઈને મરું છું અને મારા મોત માટે આ પાંચેય લોકો જવાબદાર રહેશે.’’ ધોરડો પોલીસે આ નિર્ણાયક પુરાવા સમાન ચિઠ્ઠી કબજે કરી પાંચેય આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# નખત્રાણામાં કરોડોના ઓવરલોડ ડમ્પર પકડાવાનો મામલો

## ફેન્સી નંબરવાળા વાહનો અબડાસાના ધારાસભ્યના પુત્રના હોવાનો ઘટસ્ફોટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નખત્રાણા તાલુકાના દેવીસર ગામની નદીના પટમાંથી ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરી, નિયમ કરતાં વધુ માલ ભરીને જઈ રહેલા ફેન્સી નંબર પ્લેટ ધરાવતા ચાર ઓવરલોડ આઈવા ડમ્પર અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના પુત્ર અર્જુનસિંહ જાડેજાની માલિકીના હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે.

ઉલ્લેખનીય છે કે, નખત્રાણા પંથકમાં લાંબા સમયથી ગેરકાયદેસર ખનિજ ખનન અને ઓવરલોડ પરિવહન થતું હોવાની વ્યાપક ફરિયાદો ઊઠી રહી હતી.

મળતી વિગતો અનુસાર, નખત્રાણા પ્રાંત અધિકારીની સૂચનાના પગલે મામલતદાર આર.ડી. પટેલે શનિવારે દેવીસર ગામની નદીના પટમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. આ દરોડા દરમિયાન તંત્ર દ્વારા ફેન્સી નંબર પ્લેટ ધરાવતા ચાર શંકાસ્પદ ડમ્પરને રોકીને તેની સઘન તપાસ કરવામાં આવી હતી. સરકારી ધારાધોરણો મુજબ વાહનોનું વજન કરાવતા માલુમ પડ્યું હતું કે, ચારેય વાહનોમાં નિયત ક્ષમતા કરતાં કુલ ૫૧.૯૩ મેટ્રિક ટન રેતીનો જથ્થો વધુ ભરેલો હતો.

ખનિજ ચોરી અને ઓવરલોડ પરિવહનનો ગુનો સ્પષ્ટ થતાં તંત્ર દ્વારા અંદાજે રૂ.૨.૨૯ કરોડની કિંમતના ચારેય ડમ્પરોને ઘટનાસ્થળે જ જપ્ત કરવામાં આવ્યા હતા અને કાયદેસરની કાર્યવાહી અર્થે નખત્રાણા પોલીસ મથક ખાતે રાખવામાં આવ્યા છે. બીજી તરફ આ મામલે રાજકીય ગરમાવો આવી ગયો છે. અબડાસાના ધારાસભ્ય જાડેજાએ આ અંગે પ્રતિક્રિયા આપતા સ્વીકાર્યું હતું કે જપ્ત કરાયેલા વાહનો તેમના પુત્રની માલિકીના જ છે, પરંતુ તેમણે એવો બચાવ કર્યો હતો કે આ ડમ્પરો અન્ય પાર્ટીને ભાડેથી આપવામાં આવ્યા હતા અને તે ભાડે દોડતા હતા. હાલ ખાણ-ખનિજ વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ મામલે કાયદેસરનો દંડ વસૂલવા સહિતની આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. ■